नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૧૬

# સૂર્યપ્રજ્ઞપ્તિ

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૧૫

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (१६) સૂર્યપ્રજ્ઞપ્તિ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર- ૧૬ ‘સૂર્યપ્રજ્ઞપ્તિ’

## ઉપાંગસૂત્ર– ૫ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| ૧ | પ્રાભૃત- ૧ | ૦૬ | ૧૧ | પ્રાભૃત- ૧૧ | ૫૩ |
| ૨ | પ્રાભૃત- ૨ | ૧૭ | ૧૨ | પ્રાભૃત- ૧૨ | ૫૫ |
| ૩ | પ્રાભૃત- ૩ | ૨૧ | ૧૩ | પ્રાભૃત- ૧૩ | ૫૯ |
| ૪ | પ્રાભૃત- ૪ | ૨૨ | ૧૪ | પ્રાભૃત- ૧૪ | ૬૨ |
| ૫ | પ્રાભૃત- ૫ | ૨૫ | ૧૫ | પ્રાભૃત- ૧૫ | ૬૩ |
| ૬ | પ્રાભૃત- ૬ | ૨૬ | ૧૬ | પ્રાભૃત- ૧૬ | ૬૬ |
| ૭ | પ્રાભૃત- ૭ | ૨૮ | ૧૭ | પ્રાભૃત- ૧૭ | ૬૭ |
| ૮ | પ્રાભૃત- ૮ | ૨૯ | ૧૮ | પ્રાભૃત- ૧૮ | ૬૮ |
| ૯ | પ્રાભૃત- ૯ | ૩૪ | ૧૯ | પ્રાભૃત- ૧૯ | ૭૩ |
| ૧૦ | પ્રાભૃત- ૧૦ | ૩૫ | ૨૦ | પ્રાભૃત- ૨૦ | ૭૯ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ. | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं.** | 04 |
| | **-3- आगममञ्जूषा मूल प्रत.** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans。 | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु.** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-આગમ સાહિત્ય કુલ પુસ્તક. 518**

**2–આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. 085**

**દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603**

# [૧૬] સૂર્યપ્રજ્ઞપ્તિ
## ઉપાંગસૂત્ર–૫– ગુજરાતી ભાવાનુવાદ

## પ્રાભૃત-૧

### સૂત્ર–૧

શ્રી વીતરાગ પરમાત્માને નમસ્કાર થાઓ. અરિહંતોને નમસ્કાર થાઓ.

તે કાળે, તે સમયે(ચોથા આરામાં ભગવંત મહાવીર વિચારતા હતા ત્યારે) મિથિલા નામે ઋદ્ધિ સંપન્ન અને સમૃદ્ધ નગરી હતી, ત્યાં પ્રમુદિત લોકો રહેતા હતા યાવત્ તે પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતી.

તે મિથિલા નગરીની બહાર ઈશાન દિશામાં અહીં માણિભદ્ર નામક ચૈત્ય હતું. તે નગરીમાં જિતશત્રુ રાજા, ધારિણી દેવી હતા. તે કાળે – તે સમયે તે માણિભદ્ર ચૈત્યમાં મહાવીરસ્વામી પધાર્યા. પર્ષદા નીકળી, ધર્મ કહ્યો. પર્ષદા પાછી ગઈ યાવત્ રાજા પણ જે દિશામાંથી આવેલો, તે જ દિશામાં પાછો ગયો.

### સૂત્ર–૨

તે કાળે, તે સમયે શ્રમણ ભગવન્ મહાવીરના મુખ્ય શિષ્ય ઇન્દ્રભૂતિ નામે અણગાર, ગૌતમ ગોત્રીય હતા. સાત હાથ ઊંચા, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, વજ્રઋષભ નારાચ સંઘયણી હતા. યાવત્ તે આ પ્રમાણે બોલ્યા –

### સૂત્ર–૩ થી ૭

૩. સૂર્ય, ૧. એક વર્ષમાં કેટલા મંડલમાં જાય છે ? ૨.તિર્છી ગતિ કેવી કરે છે ? ૩.કેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે ? ૪.પ્રકાશની મર્યાદા શું છે ?

૪. ૫.તેની લેશ્યા ક્યાં પ્રતિહત થાય છે ? ૬.પ્રકાશ સંસ્થિતિ કઈ રીતે થાય છે ? ૭.વરણ કોણ કરે છે ?૮..ઉદય સંસ્થિતિ કઈ રીતે થાય ?

૫.૯.પૌરુષી છાયાનું પ્રમાણ શું છે ? ૧૦.યોગ કોને કહે છે ? ૧૧.સંવત્સર કેટલા છે ?

૬.૧૨.તેનો કાળ શું છે ? ૧૩.ચંદ્રમાની વૃદ્ધિ કઈ રીતે થાય છે ? ૧૪. તેનો પ્રકાશ ક્યારે વધે છે ? ૧૫.શીઘ્ર ગતિ કોને કહ્યા છે ? ૧૬.પ્રકાશનું લક્ષણ શું છે ?

૭.૧૭.ચ્યવન–ઉપપાત, ૧૮.ઉચ્ચત્વ, સૂર્યની ૧૯.સંખ્યા, ૨૦.અનુભાવ. આ વીશ પ્રાભૃત છે.

### સૂત્ર–૮ થી ૧૭

૮. મુહૂર્ત્તોની વૃદ્ધિ–હાનિ, અર્ધમંડલ સંસ્થિતિ, ચિર્ણ ક્ષેત્રમાં સંચરણ, અંતર અને ગતિ.

૯. અવગાહના કેટલી છે ? વિકંપન કેટલું છે ? મંડલોનું સંસ્થાન અને વિષ્કંભ, એ આઠ પ્રાભૃતપ્રાભૃત.

૧૦. પહેલા પ્રાભૃતમાં આટલી પ્રતિપત્તિ છે – છ, પાંચ, સાત, આઠ અને ત્રણ.

૧૧. ઉદય અને અસ્તકાળની બે પ્રતિપત્તિ, મુહૂર્ત્ત ગતિ સંબંધી ચાર પ્રતિપત્તિ.

૧૨. નિષ્ક્રમણ કરતા શીઘ્રગતિ અને પ્રવેશતા મંદગતિ, ૧૮૪ મંડલ સંબંધે ૧૮૪ પુરુષ પ્રતિપત્તિ છે.

૧૩. ઉદયકાળમાં આઠ, ભેદ–ઘાતની બે પ્રતિપત્તિ. ત્રીજામાં મુહૂર્ત્તગતિ સંબંધી ચાર પ્રતિપત્તિ છે.

૧૪. આવલિકા, મુહૂર્ત્તાગ્ર, વિભાગ, યોગ, કુળ, પૂર્ણમાસી, સન્નિપાત, સંસ્થિતિ,

૧૫. તારાગ્ર, નેતા, ચંદ્રમાર્ગગતિ, બારમામાં અધિપતિ દેવતા, મુહૂર્ત્તોના નામ,

૧૬. દિવસ અને રાત્રિ, તિથિ, ગોત્ર, નક્ષત્ર ભોજન, આદિત્યવાર ચાર., માસ, પાંચ સંવત્સર,

૧૭. જ્યોતિષ દ્વાર અને નક્ષત્ર વિચય. દશમાં પ્રાભૃતમાં આ બાવીશ પ્રાભૃત–પ્રાભૃતો છે.

## પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૧

**સૂત્ર–૧૮**

આપના અભિપ્રાયથી મુહૂર્ત્તની ક્ષય–વૃદ્ધિ કઈ રીતે થાય ? તે૮૧૯–**૨૭/૬૭** ભાગથી થાય છે.

**સૂત્ર–૧૯, ૨૦**

**૧૯.** જે સમયે સૂર્ય સર્વાભ્યંતર મંડળથી નીકળીને સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમ કરીને ચાર ચરે છે. સર્વ બાહ્ય મંડલથી સર્વાભ્યંતર મંડળમાં ઉપસંક્રમીને ચાર ચરે છે. આ કાળ કેટલા રાત્રિદિવસ પ્રમાણથી કહ્યો છે ?

તે **૩૬૬** અહોરાત્ર પ્રમાણથી કહેવાયેલ છે.

**૨૦.** એટલા કાળમાં સૂર્ય કેટલા મંડળો ચરે છે? તે **૧૮૪** મંડલોમાં ચરે છે. **૧૮૨** મંડલોમાં બે વાર ગમન કરે છે, તે આ રીતે – નિષ્ક્રમણ કરતો અને પ્રવેશ કરતો. બે મંડલોમાં એક વખત ચરે છે, તે આ રીતે – સર્વાભ્યંતર મંડલમાં અને સર્વ બાહ્ય મંડલમાં.

**સૂત્ર–૨૧**

સૂર્યના ઉક્ત ગમનાગમનમાં એક સંવત્સરમાં એક વખત **૧૮**–મુહૂર્ત્તવાળો દિવસ થાય છે, **૧૮** મુહૂર્ત્તવાળી રાત્રિ થાય છે. એક વખત **૧૨**–મુહૂર્ત્તવાળો દિવસ થાય છે અને બાર મુહૂર્ત્તવાળી રાત્રિ થાય છે. પહેલા છ માસમાં **૧૮** મુહૂર્ત્તની એક રાત્રિ અને **૧૨**–મુહૂર્ત્તનો એક દિવસ થાય છે. બીજા **૬**–માસમાં **૧૮** મુહૂર્ત્તનો દિવસ અને **૧૨**–મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

બીજા છ માસમાં પંદર મુહૂર્ત્તનો દિવસ કે પંદર મુહૂર્ત્તની રાત્રિ થતી નથી, તેનો શો હેતુ છે? તે મને કહો.

આ જંબૂદ્વીપ દ્વીપ, સર્વે દ્વીપ–સમુદ્રોની સૌથી અંદર છે યાવત્ વિશેષાધિક પરિધિથી કહેલ છે. તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ **૧૮** મુહૂર્ત્તનો દિવસ થાય છે અને જઘન્યા **૧૨** –મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતાં પહેલાં અહોરાત્રમાં અભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે. જ્યારે સૂર્ય અભ્યંતર પછીના મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે અઢાર મુહૂર્ત્તના દિવસમાં **૨/૬૧** ભાગ ન્યૂન થાય છે અને **૧૨**–મુહૂર્ત્તની રાત્રિમાં **૨/૬૧** ભાગની વૃદ્ધિ થાય છે.

એ પ્રમાણે બીજા એક મંડલમાં સંક્રમણ કરે ત્યારે **૪/૬૧** મુહૂર્ત્તનો દિવસ ઘટે છે અને **૪/૬૧** ભાગ મુહૂર્ત્તાધિક રાત્રિ થાય છે. એ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમ કરતો સૂર્ય એકૈક મંડલમાં દિવસ ક્ષેત્ર ઘટતા –ઘટતા અને રાત્રિ ક્ષેત્રની અભિવૃદ્ધિ થતા–થતા સર્વ બાહ્ય મંડલનું સંક્રમણ કરતા ચાર ચરે છે.

તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળથી સર્વ બાહ્ય મંડલનું સંક્રમણ કરી ચાર ચરે છે, ત્યારે સર્વાભ્યંતર મંડલને છોડતા **૧૮૩** રાત્રિદિવસ પૂર્ણ થાય છે અને **૩૬૬** મુહૂર્ત્તના **૬૧** ભાગ (**૩૬૬/૬૧**)મુહૂર્ત્ત પ્રમાણ દિવસ ક્ષેત્રના હાનિ અને રાત્રિ ક્ષેત્રની વૃદ્ધિ કરતા ચાર ચરે છે ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટા **૧૮** મુહૂર્ત્ત રાત્રિ થાય છે. જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. આ પહેલા છ માસ અને છ માસનું પર્યવસાન છે.

તે પ્રવેશતો એવો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતો, પહેલા અહોરાત્રમાં બાહ્યના પછીના મંડલમાં સંક્રમતો ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્યના અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે **૧૮**–મુહૂર્ત્તની રાત્રિ થાય છે તેમાં **૨/૬૧** મુહૂર્ત્ત રાત્રિની હાનિ અને દિવસની વૃદ્ધિ થાય છે.

તે પ્રવેશતો સૂર્ય બે અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે ત્યારે **૧૮**–મુહૂર્ત્તની રાત્રિમાં **૪/૬૧** ભાગ મુહૂર્ત્ત ન્યૂન થાય છે. **૧૨** મુહૂર્ત્ત દિવસમાં **૪/૬૧** ભાગ મુહૂર્ત્ત અધિક થાય છે. એ પ્રમાણે આ ઉપાયથી પ્રવેશતા સૂર્ય તેના પછી–પછીના મંડલમાં સંક્રમણ

કરતા બબ્બે એકસઠાંશ ભાગ મુહૂર્ત એકૈક મંડલમાં રાત્રિ ક્ષેત્રની હાનિ કરતો કરતો અને દિવસ ક્ષેત્રની વૃદ્ધિ કરતો કરતો સર્વાભ્યંતર મંડલનું સંક્રમણ કરતા ચાર ચરે છે.

એ પ્રમાણે જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલથી સર્વ અભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વ બાહ્ય મંડલ છોડતાં **૧૮૩** રાત્રિ દિવસ વડે **૩૬૬**ના **૬૧** ભાગ (**૩૬૬/૬૧**)મુહૂર્ત રાત્રિ ક્ષેત્રને ઘટાડતો અને દિવસક્ષેત્રની વૃદ્ધિ કરતો ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ **૧૮**–મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. આ બીજા છ માસ અને આ બીજા છ માસનું પર્યવસાન છે.

આ આદિત્ય સંવત્સર અને આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે. એ પ્રમાણે નિશ્ચે તે જ આદિત્ય સંવત્સરમાં એક વખત **૧૮**–મુહૂર્તનો દિવસ થાય છે, એક વખત **૧૮**–મુહૂર્તની રાત્રિ થાય છે, એક વખત બાર મુહૂર્તના રાત્રિ થાય છે. પહેલાં છ માસમાં **૧૮** મુહૂર્તનો દિવસ છે અને બાર મુહૂર્તનો દિવસ નથી પણ બાર મુહૂર્તની રાત્રિ છે. બીજા છ માસમાં તેથી વિપરીત બાર મુહૂર્તનો દિવસ થાય છે..

પહેલાં છ માસમાં **૧૫** મુહૂર્તનો દિવસ કે પંદર મુહૂર્તની રાત્રિ થતી નથી. રાત્રિદિવસની મુહૂર્તની વૃદ્ધિ–હાનિમાં ચય–ઉપચય નથી, સિવાય કે અનુપાતગતિથી. (ગાથાઓ કહેવી. હાલ ગાથાઓ પ્રાપ્ત નથી)

### પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૧ અનુવાદ પૂર્ણ

## પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૨

**સૂત્ર–૨૨, ૨૩**

**૨૨.** તે અર્ધમંડલ સંસ્થિતિ કઈ રીતે કહેલ છે ? તેમાં નિશ્ચે આ બે અર્દ્ધમંડલ સંસ્થિતિ કહી છે – દક્ષિણ તરફની અર્ધ મંડલ સંસ્થિતિ અને ઉત્તર તરફની અર્ધમંડલ સંસ્થિતિ.

તે દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિ કઈ રીતે કહેલી છે ? આ જંબૂદ્વીપ દ્વીપ સર્વે દ્વીપ સમુદ્રોની મધ્યે યાવત્ પરિક્ષેપથી છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ **૧૮** મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતા પહેલા અહોરાત્રમાં દક્ષિણના અંતર્ભાગથી તેના આદિ પ્રદેશમાં અભ્યંતર પછીના ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિ સંક્રમીને ચાર ચરે છે. જ્યારે સૂર્ય અભ્યંતર પછીના ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે ત્યારે **૨/૬૧** ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ અને **૨/૬૧** ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં ઉત્તરમાં અંતરના ભાગમાં તેના આદિ પ્રદેશમાં અભ્યંતર ત્રીજા દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે. જ્યારે તે સૂર્ય અભ્યંતર ત્રીજા દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિને સંક્રમીને ચાર ચરે છે. ત્યારે **૪/૬૧**. ન્યૂન અઢાર મુહૂર્ત દિવસ થાય છે. **૪/૬૧** ભાગઅધિક બાર મુહૂર્તા રાત્રિ થાય.

નિશ્ચે આ પ્રમાણેના ઉપાયથી નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના પછી–પછીના તે–તે દેશમાં તે–તે અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમણ કરતા કરતા દક્ષિણ તરફના અંદર–અંદર ભાગમાં તેના આદિ પ્રદેશથી સર્વ બાહ્ય ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે.

તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠપ્રાપ્તા ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે, જઘન્યા બાર મુહૂર્તા રાત્રિ થાય છે.

આ પહેલા છ માસ અને આ પહેલા છ માસનું પર્યવસાન છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતો પહેલા અહોરાત્રમાં ઉત્તરના અંદરના ભાગથી તેના આદિ

પ્રદેશથી બાહ્ય અનંતર દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે.

તો જ્યારે સૂર્ય બાહ્ય અનંતર દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે **૨/૬૧** ભાગ ન્યૂન અઢાર મુહૂર્તા રાત્રિ થાય છે અને **૨/૬૧** મુહૂર્ત અધિક બાર મુહૂર્ત દિવસ થાય છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં દક્ષિણના અંદરના ભાગથી તેના આદિ પ્રદેશમાં બાહ્ય અંતરના ત્રીજા ઉત્તરની અર્દ્ધ મંડલ સંસ્થિતિને સંક્રમીને ચાર ચરે છે.

તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે અઢાર મુહૂર્ત રાત્રિમાં ૪/૬૧ મુહૂર્ત અધિક થાય છે.

નિશ્ચે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય ત્યારપછી પછીના તે-તે દેશમાં તે-તે અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમણ કરતો -કરતો ઉત્તરના અંતર ભાગથી, તેના આદિ પ્રદેશમાં સર્વ અભ્યંતર દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે.

તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ થાય છે. આ બીજા છ માસ છે,

આ બીજા છ માસનું પર્યવસાન છે.

આ આદિત્ય સંવત્સર છે, આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે.

**૨૩.** તે ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિ કેવી કહી છે તે જણાવો. આ જંબૂદ્વીપ દ્વીપ બધા દ્વીપોની મધ્યે યાવત્ પરિધિથી છે. જ્યારે તે સૂર્ય સર્વાભ્યંતર ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્ત રાત્રિ થાય છે. જેમ દક્ષિણ અર્ધ-મંડલમાં કહ્યું તેમ જાણવું. વિશેષ એ કે ઉત્તર સ્થિત અભ્યંતર અનંતર દક્ષિણમાં સંક્રમણ કરે છે. દક્ષિણથી અભ્યંતર ત્રીજા ઉત્તરમાં સંક્રમણ કરે છે.

એ પ્રમાણે એ ઉપાયથી યાવત્ સર્વ બાહ્ય દક્ષિણમાં સંક્રમણ કરે છે. સર્વ બાહ્ય દક્ષિણમાં સંક્રમણ કરીને દક્ષિણથી બાહ્ય અનંતર ઉત્તરમાં સંક્રમે છે. ઉત્તરથી બાહ્ય ત્રીજા દક્ષિણમાં, દક્ષિણના ત્રીજાથી સંક્રમણ કરતો યાવત્ સર્વાભ્યંતરમાં પૂર્વવત્ સંક્રમણ કરે છે. આ બીજા છ માસ અને છ માસનો અંત છે.

આ આદિત્ય સંવત્સર છે, આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે. ગાથાઓ જાણવી.

પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૨ અનુવાદ પૂર્ણ

## પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૩

સૂત્ર-૨૪

કયો સૂર્ય, બીજા સૂર્ય દ્વારા ચીર્ણ ક્ષેત્રનું પ્રતિચરણ કરે તેમ કહેલ છે ? તેમાં નિશ્ચે આ બે સૂર્યો કહ્યા છે. તે આ પ્રમાણે – ભારતીય સૂર્ય અને ઐરવતીય સૂર્ય.

તે બંને સૂર્યો પ્રત્યેક-પ્રત્યેક ત્રીશ-ત્રીશ મુહૂર્તોથી એક-એક અર્ધમંડલ ચરે છે. સાઠ-સાઠ મુહૂર્તથી એક-એક મંડલ સંઘાત કરે છે. તે નિષ્ક્રમણ કરતા નિશ્ચે આ બે સૂર્યો પરસ્પરના ચીર્ણ ક્ષેત્રમાં સંચરણ કરતા નથી, પ્રવેશ કરતા નિશ્ચે આ બે સૂર્યો એકમેકના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે.

તેમાં શો હેતુ છે ? આ જંબૂદ્વીપમાં યાવત્ પરિક્ષેપથી છે. તેમાં તેમાં આ ભરતક્ષેત્ર સંબંધી સૂર્ય જંબૂદ્વીપ દ્વીપના પૂર્વ-પશ્ચિમ લાંબા, ઉત્તર-દક્ષિણ પહોળી જીવાના **૧૨૪** ભાગ કરીને દક્ષિણ-પૂર્વના મંડળમાં ચોથા ભાગમાં ૯૨ સંખ્યાવાળા મંડળમાં પોતાના જ ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે. ઉત્તર પશ્ચિમમાં મંડલના ચતુર્ભાગ મંડલમાં

૯૧મા સૂર્ય પોતાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરણ કરે છે.

ત્યારે આ ભરતક્ષેત્રીય સૂર્ય ઐરવતના સૂર્યના જંબૂદ્વીપ દ્વીપની પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ લાંબી જીવાને મંડલના **૧૨૪** ભાગ કરીને ઉત્તરપૂર્વમાં ચતુર્ભાગ મંડલમાં ૯૨ સૂર્ય યાવત્ બીજાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે. દક્ષિણ-પશ્ચિમમાં ચતુર્ભાગ મંડલમાં ૯૧ સૂર્ય યાવત્ બીજાના ચીર્ણક્ષેત્રમાં સંચરે છે.

ત્યારે આ ઐરવતક્ષેત્રીય સૂર્ય જંબૂદ્વીપના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ લાંબી જીવાના મંડલના **૧૨૪** ભાગ કરીને ઉત્તરપૂર્વના ચતુર્ભાગ મંડલમાં ૯૨ સૂર્યમય યાવત્ સૂર્ય પોતાના જ ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે. દક્ષિણ-પશ્ચિમમાં ચતુર્ભાગ મંડલમાં ૯૧ સૂર્યમય યાવત્ સૂર્ય પોતાના ચીર્ણક્ષેત્રમાં સંચરે છે.

તેમાં આ ઐરવત ક્ષેત્રીય સૂર્ય, ભરતક્ષેત્રીય સૂર્યના જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ અને ઉત્તરદક્ષિણ લાંબી જીવાને મંડલના **૧૨૪** ભાગથી છેદીને દક્ષિણ-પશ્ચિમના ચતુર્ભાગ મંડલમાં ૯૨ સૂર્યમય સૂર્ય બીજાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે. ઉત્તર-પૂર્વના ચતુર્ભાગ મંડલમાં ૯૧-સૂર્યમય સૂર્ય બીજાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે.

તે નિષ્ક્રમણ કરતા આ બે સૂર્યો પરસ્પર એકબીજાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે. પ્રવેશ કરતા આ બે સૂર્યો એકબીજાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે. આ **૧૨૪** છે. (ગાથાઓ).

### પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૩ અનુવાદ પૂર્ણ

## પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૪

સૂત્ર-૨૫

કઈ રીતે આ બન્ને સૂર્યો એકબીજાનું અંતર કરીને ચાર ચરે છે ? બંને સૂર્યો વચ્ચેના અંતરનું કથન કરતી અન્ય તીર્થિકોની નિશ્ચે આ છ પ્રતિપત્તિઓ(માન્યતાઓ) કહેલી છે. તેમાં –

કોઈ એક પરમતવાદી કહે છે કે બંને સૂર્ય પરસ્પર **૧૧૩૩** યોજનનું અંતર રાખી ચાર ચરે છે.

બીજા કોઈ એક એમ કહે છે કે – તે બંને સૂર્યો **૧૧૩૪** યોજનનું પરસ્પર અંતર રાખીને ચાર ચરે છે.

ત્રીજો કોઈ પરમતવાદી એમ કહે છે કે – તે બંને સૂર્યો પરસ્પર **૧૧૩૫** યોજનનું અંતર રાખીને ચાર ચરે છે.

એ પ્રમાણે ચોથો પરમતવાદી કહે છે કે, બંને સૂર્યો પરસ્પર એક દ્વીપ-સમુદ્રનું અંતર રાખીને ગતિ કરે છે.

પાંચમો કોઈ પરમતવાદી કહે છે કે તે બંને સૂર્યો પરસ્પર બે દ્વીપ-સમુદ્રનું અંતર રાખીને ગતિ કરે છે.

છઠ્ઠો કોઈ પરમતવાદી કહે છે કે તે બંને સૂર્યો પરસ્પર ત્રણ દ્વીપ-સમુદ્રનું અંતર રાખીને ચાર ચરે છે.

એ પ્રમાણે છ પ્રતિપત્તિ(માન્યતા)ઓ કહેવાયેલ જાણવી..

પરંતુ ભગવંત કહે છે – અમે એમ કહીએ છીએ કે આ બંને સૂર્યો પાંચ-પાંચ યોજન અને એક યોજનના પાંત્રીશ-એકસઠાંશ **૫-૩૫/૬૧.** ભાગ એકૈક મંડલમાં પરસ્પર અંતરને વધારતા કે ઘટાડતા ચાર ચરે છે ગતિ કરે છે..

તેમાં કયો હેતુ કહેવાયેલ છે ? તે કહો.

આ જંબૂદ્વીપ દ્વીપ યાવત્ પરિધિથી કહેલ છે. તે જ્યારે આ બંને સૂર્યો સર્વાભ્યંતર મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે પરસ્પર **૯૯,૬૪૦** યોજનનું પરસ્પર અંતર રાખીને ચાર ચરે છે, તેમ કહેલ છે.

તે વખતે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

તે નિષ્ક્રમણ કરતા સૂર્યો નવા સંવત્સરનો આરંભ કરતા પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે આ બે સૂર્યો અભ્યંતર અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે **૯૯,૬૪૫** યોજન અને એક યોજનના પચીશ એકસઠાંસ **૩૫/૬૧.** ભાગ ન્યૂન દિવસ અને **૨/૬૧** ભાગ અધિક રાત્રિ થાય છે.

તે નિષ્ક્રમણ કરતા સૂર્યો બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, તો જ્યારે બંને સૂર્યો અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે ત્યારે ૯૯,૬૫૧ યોજન અને એક યોજનના નવ–એકસઠાંશ ૯/૬૧. ભાગ પરસ્પર અંતર કરીને ગતિ કરે છે, તેમ કહેલ છે, ત્યારે ૪/૬૧ ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને ૪/૬૧ ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રિ થાય છે, તેમ જાણવું.

એ પ્રમાણે આ ઉપાયથી નિષ્ક્રમણ કરતા આ બે સૂર્યો ત્યારપછી અનંતરથી અનંતર મંડલથી મંડલમાં સંક્રમણ કરતા–કરતા પાંચ–પાંચ યોજન અને પાંત્રીશ એકસઠાંશ ૩૫/૬૧. (૫–૬૫/૬૧) યોજનના એક–એક મંડલમાં પરસ્પર અંતરને વધારતા–વધારતા સર્વ બાહ્ય મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે. ત્યારે ૧,૦૦,૬૬૦ યોજન એકબીજાથી અંતર કરીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટા અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે.

આ પહેલાં છ માસ છે અને આ પહેલાં છ માસોનું પર્યવસાન છે.

તે પ્રવેશ કરતા બંને સૂર્યો બીજા છ માસનો આરંભ કરતા પહેલાં અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે આ બે સૂર્યો બાહ્ય અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૧,૦૦,૬૫૪ યોજન અને એક યોજનના છત્રીશ એકસઠાંશ ૩૬/૬૧. ભાગ પરસ્પર અંતર કરીને ચાર ચરે છે, તેમ કહેવું. તે વખતે ૨/૬૧ મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે અને ૨/૬૧. મુહૂર્ત અધિક બાર મુહૂર્તનો દિવસ થાય છે.

તે પ્રવેશ કરતા બંને સૂર્યો બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે આ બે સૂર્યો બાહ્ય ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૧,૦૦,૬૪૮ યોજન અને એક યોજનના ૫૨/૬૧. ભાગ એક બીજાથી અંતર રાખીને ચાર ચરે છે. તે વખતે ચાર એકસઠાંશ ૪/૬૧. મુહૂર્ત અધિક બાર મુહૂર્તનો દિવસ થાય છે.

એ પ્રમાણે નિશ્ચે આ ઉપાય વડે પ્રવેશ કરતા આ બે સૂર્યો પછીના અનંતરથી તેના અનંતર મંડલથી મંડલમાં સંક્રમણ કરતા પાંચ–પાંચ યોજન અને એક યોજનના પાંત્રીશ એકસઠાંશ ૫–૩૫/૬૧. ભાગ, એક એક મંડલમાં એકબીજા થી અંતર ઘટાડતા–ઘટાડતા સર્વાભ્યંતર મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે. જ્યારે આ બે સૂર્યો સર્વ અભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૯૯,૬૪૦ યોજનોનું પરસ્પર અંતર કરીને ચાર ચરે છે, તે વખતે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

આ બીજા છ માસ છે, આ બીજા છ માસનું પર્યવસાન છે.

આ આદિત્ય સંવત્સર છે, આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે.

પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૪ અનુવાદ પૂર્ણ

## પ્રાભૃત–૧, પ્રાભૃતપ્રાભૃત–૫

સૂત્ર–૨૬

ત્યાં કેટલા દ્વીપ કે સમુદ્રને અવગાહીને ચાર ચરે છે, તેમ કહેલ છે ? સૂર્યના દ્વીપ–સમુદ્રના અવગાહન ક્ષેત્ર વિષયક નિશ્ચે આ પાંચ પ્રતિપત્તિ(માન્યતા)ઓ કહેલી છે

કોઈ એક કહે છે કે ૧૧૩૩ યોજન દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે, એવું એક પરતીર્થિ કહે છે.

કોઈ એક એમ કહે છે કે – તે ૧૧૩૪ યોજન દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે.

કોઈ એક વળી એમ કહે છે – તે ૧૧૩૫ યોજન દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે

કોઈ એક વળી એમ કહે છે – તે અપાર્દ્ધ દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે

કોઈ એક વળી એમ કહે છે – કોઈપણ દ્વીપ કે સમુદ્રને અવગાહીને ચાર ચરતા નથી.

તેમાં જેઓ એમ કહે છે કે **૧૧૩૩** યોજન દ્વીપ કે સમુદ્રને વ્યાપ્ત કરીને સૂર્ય ચાર ચરે છે, તેઓ એવું કહેવા માંગે છે કે, જ્યારે સૂર્ય અભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે જંબૂદ્વીપને **૧૧૩૩** યોજન અવગાહીને સૂર્ય ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે લવણસમુદ્રને **૧૧૩૩** યોજન અવગાહીને ચાર ચરે છે. ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટા **૧૮** મુહૂર્તા રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે.

એ પ્રમાણે **૧૧૩૪** અને **૧૧૩૫** યોજન પ્રમાણ ક્ષેત્રના વિષયમાં પણ કહેવું.

તેમાં જેઓ એમ કહે છે કે તે અપાર્દ્ધ દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે, તેઓ એમ કહે છે કે – જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે અપાર્દ્ધ જંબૂદ્વીપ દ્વીપને અવગાહીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

એ પ્રમાણે સર્વ બાહ્યમાં પણ જાણવું. વિશેષ એ કે અપાર્દ્ધ લવણસમુદ્ર કહેવો. તેમાં રાત-દિવસ તેમજ કહેવા.

તેમાં જે એવું કહે છે કે – તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે કોઈ જ દ્વીપ કે સમુદ્રને અવગાહી સૂર્ય ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, પૂર્વવત્ એ પ્રમાણે સર્વ બાહ્ય મંડલમાં જાણવું. વિશેષ એ કે –

લવણસમુદ્રને અવગાહીને કોઈ પણ ચાર ચરતા નથી. રાત-દિવસનું પ્રમાણ પૂર્વવત્

સૂત્ર-૨૭

ભગવાન કહે છે- અમે એ પ્રમાણે કહીએ છીએ કે – જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે જંબૂદ્વીપને **૧૮૦** યોજન અવગાહીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

એ પ્રમાણે સર્વ બાહ્ય પણ જાણવું. વિશેષ એ કે – લવણસમુદ્રને **૩૩૦** યોજન અવગાહીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. (ગાથાઓ કહેવી.)

### પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૫ અનુવાદ પૂર્ણ

## પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૬

સૂત્ર- ૨૮

સૂર્ય એક રાત્રી-દિવસમાં કેટલા ક્ષેત્રનું વિકમ્પન કરતા પરિભ્રમણ કરે છે ? સૂર્યના બે મંડળ વચ્ચેના ક્ષેત્રના વિષયમાં નિશ્ચે અન્યતીર્થિકોની આ સાત પ્રતિપત્તિ(માન્યતા)ઓ કહેલી છે –

તેમાં એક એમ કહે છે કે – સૂર્ય એક અહોરાત્રમાં બે યોજન અને એક યોજનના૧૮૩ ભાગમાંથી સાડી ૪૧ ભાગ ક્ષેત્રને વિકંપિત કરીને અર્થાત પાર કરીને સૂર્ય ચાર ચરે છે, તેમ કોઈ એક કહે છે.

વળી કોઈ એક એમ કહે છે કે – સૂર્ય એક અહોરાત્રમાં અઢી યોજન ક્ષેત્રને વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે.

કોઈ એક એમ કહે છે કે – સૂર્ય એક અહોરાત્રમાં ત્રણ ભાગ ન્યૂન ત્રણ યોજન (૨-૨/૩ યોજન) ક્ષેત્રને વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે.

કોઈ એક એમ કહે છે કે સૂર્ય એક અહોરાત્રમાં ત્રણ યોજન અને એક યોજનના **૧૮૩** યોજનમાંથી સાડી ૪૬ યોજન(૩-૪૬ii/૧૮૩) ક્ષેત્રને વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે.

કોઈ એક વળી એમ કહે છે કે – સૂર્ય એક અહોરાત્રમાં સાડાત્રણ યોજન પ્રમાણ ક્ષેત્રને વિકંપિત કરીને સૂર્ય

ચાર ચરે છે.

કોઈ એક વળી એમ કહે છે કે- સૂર્ય એક અહોરાત્રમાં ચાર ભાગ ન્યૂન ચાર યોજન અર્થાત પોણા ચાર યોજન ક્ષેત્રને વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે.

કોઈ એક વળી એમ કહે છે કે – સૂર્ય એક અહોરાત્રમાં ચાર યોજન અને એક યોજનના ૧૮૩ યોજનાંશમાંથી સાડી ૫૧ યોજનાંશ ક્ષેત્રને વિકંપિત કરીને સુર્ય ચાર ચરે છે.

અમે ભગવાન કહે છે- અમે વળી એમ કહીએ છીએ કે સૂર્ય એક અહોરાત્રમાં બે યોજન અને એક યોજનના ૪૮/૬૧ ભાગ (૨-૪૮/૬૧) ક્ષેત્રને એકૈક મંડલમાં વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે.

તેમાં શો હેતુ છે તે કહેવું – આ જંબૂદ્વીપ દ્વીપ યાવત્ પરિક્ષેપથી કહેલ છે, તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતાં પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે.

તો જ્યારે સૂર્ય અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે બે યોજન અને એક યોજનના ૪૮/૬૧. અડતાલીસ એકસઠાંસને એક રાત્રિદિનમાં વિકંપિત કરીને ચાર ચરે છે, ત્યારે ૨/૬૧ ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને ૨/૬૧ ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમ કરીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય અભ્યંતર ત્રીજા મંડલને સંક્રમ કરીને ચાર ચરે છે, ત્યારે ૩૫/૬૧ ભાગ યોજન બે અહોરાત્ર વડે વિકંપિત કરીને ચાર ચરે છે, ત્યારે ૪/૬૧ મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને ૪/૬૧. ચાર-એકસઠાંસ મુહૂર્ત અધિક બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

એ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતો-કરતો બે યોજન અને એક યોજનના ૪૮/૬૧ ભાગ એક-એક મંડલમાં એક એક રાત્રિ-દિનથી વિકંપિત કરતા-કરતા સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે.

તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલથી સર્વબાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વાભ્યંતર મંડલ છોડીને ૧૮૩ અહોરાત્રમાં ૫૧૦ યોજન વિકંપન કરીને ચાર ચરે છે. ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. આ પહેલાં છ માસ અને છ માસનું પર્યવસાન છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતો પહેલાં અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે બબ્બે યોજન અને યોજનના ૪૮/૬૧ ભાગ એક રાત્રિદિનથી વિકંપિત કરીને ચાર ચરે છે. ત્યારે અઢાર મુહૂર્તની રાત્રિ ૨/૬૧ ભાગ ન્યૂન થાય છે. બાર મુહૂર્તનો દિવસ ૨/૬૧ મુહૂર્ત અધિક થાય છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં ચાર ચરતા પાંચ યોજન અને એક યોજના ૩૫/૬૧ ભાગ બે રાત્રિદિનમાં વિકંપિત કરીને ચાર ચરે છે, રાત્રિ-દિવસ પૂર્વવત્ કહેવા.

એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તેના અનંતરથી તેના અનંતર મંડલમાં સંક્રમણ કરતાં-કરતાં બે યોજન અને યોજનના ૪૮/૬૧ ભાગ એક એક રાત્રિદિવસથી વિકંપિત કરતાં કરતાં સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલથી સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વ બાહ્ય મંડલ

છોડીને **૧૮૩** રાત્રિદિન વડે **૫૧૦** યોજન વિકંપિત થઈને ચાર ચરે છે. ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

આ બીજા છ માસ, આ બીજા છ માસનું પર્યવસાન છે.

આ આદિત્ય સંવત્સર છે, આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે.

પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૬ અનુવાદ પૂર્ણ

## પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૭

સૂત્ર-૨૯

તે મંડલની સંસ્થિતિ કેવી છે ? તે જેમ કહ્યું છે તે કહો – તે વિષયમાં અન્યતીર્થિકોનીઆ આઠ પ્રતિપત્તિઓ (માન્યતાઓ) કહેલી છે.

તેમાં એક એ પ્રમાણે કહે છે – તે સર્વે પણ મંડલ સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત કહેલ છે, તેમ એક અન્યતીર્થિક. કહે છે.

બીજા કોઈ એક એમ કહે છે કે તે સર્વે મંડલો વિષમ ચતુરસ્ર સંસ્થાન સંસ્થિત કહેલા છે.

વળી કોઈ ત્રીજો એમ કહે છે કે બધાં પણ મંડલો સમચતુષ્કોણ સંસ્થિત કહેલા છે.

વળી ચોથો કોઈ કહે છે કે સર્વે પણ મંડલ વિષમ ચતુઃકોણ સંસ્થિત કહેલા છે.

વળી પાંચમા કોઈ કહે છે કે તે સર્વે પણ મંડલ સમ ચક્રવાલ સંસ્થિત કહેલા છે.

વળી છટ્ઠા પણ કોઈ કહે છે કે – સર્વે પણ મંડલો વિષમ ચક્રવાલ સંસ્થિત કહેલા છે,

વળી કોઈ સાતમા કહેલ છે કે તે સર્વે પણ મંડલો અર્ધ ચક્રવાલ સંસ્થિત કહેલ છે.

વળી કોઈ આઠમો એમ કહે છે કે – તે સર્વે પણ મંડલો છત્રાકાર સંસ્થિત છે એવું કોઈ અન્યતીર્થિક કહે છે.

તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે તે સર્વે પણ મંડલો છત્રાકાર સંસ્થિત કહેલ છે, તે નય વડે જાણવું, બીજી કોઈ રીતે નહીં.અર્થાત ભગવાન કહે છે– સૂર્યાદિ વિમાનો છત્રાકારે છે, અન્ય આકારે નહીં (પ્રાભૃત ગાથાઓ કહેવી.)

પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૭ અનુવાદ પૂર્ણ

## પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૮

સૂત્ર-૩૦

તે સર્વે મંડલપદ બાહલ્યથી, આયામ-વિષ્કંભ(લંબાઈ અને પહોળાઈ)થી અને પરિક્ષેપથી કેટલાં પ્રમાણમાં કહેલ છે ? તે જણાવો. આ વિષયમાં અન્યતીર્થિકોની ત્રણ પ્રતિપત્તિ(માન્યતા)ઓ કહેલી છે –

તેમાં એક એ પ્રમાણે કહે છે – તે સર્વે પણ મંડલવત બાહલ્યથી એક યોજન, આયામ-વિષ્કંભથી **૧૧૩૩** યોજન અને પરિક્ષેપથી **૩૩૯૯** યોજન કહેલ છે.

તેમાં બીજો કોઈ એક એ પ્રમાણે કહે છે – તે સર્વે પણ મંડલવત બાહલ્યથી એક યોજન**,** લંબાઈ-પહોળાઈથી ૧૧૩૪ યોજન અને પરિક્ષેપથી **૩૪૦૨** યોજન કહેલ છે.

વળી ત્રીજો કોઈ એમ કહે છે – તે એક યોજન બાહલ્યથી, **૧૧૩૫** યોજન આયામ-વિષ્કંભથી અને **૩૪૦૫** યોજન પરિક્ષેપથી છે, તેમ કહેલ છે.

પરંતુ અમે (ભગવંત) એમ કહે છે કે – તે સર્વે પણ મંડલવત એક યોજનના **૪૮/૬૧** બાહલ્યથી, અનિયત આયામ-વિષ્કંભથી અને પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું.

મંડળ સ્થાનોની લંબાઈ આદિ એક સમાન નથી તેનો શો હેતુ છે,? આ જંબૂદ્વીપ સર્વ દ્વીપ–સમુદ્રોની મધ્યે યાવત્ પરિધિથી યુક્ત છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત એક યોજનના **૪૮/૬૧** ભાગ બાહલ્ય વડે,**૯૯,૬૪૦** યોજન આયામ–વિષ્કંભથી, **૩,૧૫,૦૮૯** યોજનથી કંઈક અધિક પરિક્ષેપવાળા છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતા, પહેલા અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય અભ્યંતર અનંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત એક યોજના **૪૮/૬૧** ભાગ બાહલ્ય વડે,**૯૯,૬૪૫** યોજન અને એક યોજનના **૩૫/૬૧** ભાગ આયામ–વિષ્કંભથી તથા **૩,૧૫,૧૦૭** યોજનથી કંઈક વિશેષ ન્યૂન પરિક્ષેપથી હોય છે. ત્યારે દિવસ અને રાત્રિનું પ્રમાણ પૂર્વવત્ હોય.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય અભ્યંતર ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત એક યોજનના **૪૮/૬૧** ભાગ બાહલ્યથી,**૯૯,૬૫૧** યોજન અને યોજનના**૯/૬૧** ભાગ આયામ–વિષ્કંભથી, **૩,૧૫,૧૨૫** યોજન પરિક્ષેપથી કહેલ છે, ત્યારે દિવસ અને રાત્રિ પૂર્વવત્.

એ પ્રમાણે આ નય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના અનંતરથી તેના અનંતર મંડલથી મંડલમાં સંક્રમણ કરતા–કરતા પાંચ યોજન અને યોજનના **૩૫/૬૧** ભાગના એક–એક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિને વધારતા–વધારતા અઢાર–અઢાર યોજન પરિચય વૃદ્ધિને વધારતા–વધારતા સર્વ બાહ્ય મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે. ત્યારે તે મંડલવત્ત **૪૮/૬૧** ભાગ યોજન બાહલ્યથી, **૧,૦૦,૬૬૦** યોજન આયામ–વિષ્કંભથી, **૩,૧૮,૩૧૫** યોજન પરિક્ષેપથી યુક્ત હોય છે. તે સમયે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે.

આ પહેલાં છ માસ અને છ માસનો અંત છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતા પહેલાં અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે બાહ્ય અનંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત **૪૮/૬૧** ભાગ યોજનના બાહલ્યથી, **૧,૦૦,૬૫૪** યોજન અને એક યોજનના **૨૬/૬૧** ભાગ આયામ વિષ્કંભથી તથા **૩,૧૮,૨૯૭** યોજન પરિક્ષેપથી કહેલ છે. તે વખતે રાત્રિ–દિવસનું પ્રમાણ પૂર્વવત્ છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત એક યોજનના **૪૮/૬૧** ભાગ બાહલ્યથી, **૧,૦૦,૬૪૮** યોજન અને એક યોજનના **૫૨/૬૧** ભાગ આયામ–વિષ્કંભથી, **૩,૧૮,૨૨૯** યોજન પરિક્ષેપથી કહેલ છે. દિવસ–રાત્રિ પૂર્વવત્.

એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તેના અનંતરથી અનંતર મંડલથી મંડલમાં સંક્રમણ કરતો–કરતો પાંચ–પાંચ યોજન અને યોજનના **૩૫/૬૧** ભાગ એકૈક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિ ઘટાડતો–ઘટાડતો અઢાર યોજનની પરિચય વૃદ્ધિ ઘટાડતો–ઘટાડતો સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત **૪૮/૬૧** ભાગ યોજનના બાહલ્યથી,**૯૯,૬૪૦** યોજન આયામ–વિષ્કંભથી અને **૩,૧૫,૦૮૯** યોજનથી કંઈક વિશેષાધિક પરિક્ષેપથી કહેલ છે. ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્તના રાત્રિ થાય છે. આ બીજા છ માસનું પર્યવસાન છે.

આ આદિત્ય સંવત્સર છે, આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે.

તે સર્વે પણ મંડલવૃત્ત એક યોજનના **૪૮/૬૧** ભાગ બાહલ્યથી, બધાં પણ મંડલંવતરિક બે યોજન વિષ્કંભથી, આ પૂરો માર્ગ **૧૮૩** વડે ગુણતા **૫૧૦** યોજન થાય છે, તેમ કહેવું.

તે અભ્યંતર મંડલવૃત્તથી બાહ્ય મંડલવૃત્ત અથવા બાહ્યથી અભ્યંતર મંડલવૃત્ત, આ માર્ગ કઈ રીતે કહેલો છે? તે **૫૧૦** યોજન હોવાનું કહેલ છે.

અભ્યંતર મંડલવૃત્તથી બાહ્ય મંડલવૃત્ત, બાહ્ય મંડલવૃત્તથી અભ્યંતર મંડલવૃત્ત આ માર્ગ કેટલો હોવાનું કહેલ છે? તે **૫૧૦** યોજન અને યોજનના **૪૮/૬૧** ભાગ કહેલ છે.

તે અભ્યંતર મંડલવૃત્તથી બાહ્ય મંડલવૃત્ત અને બાહ્ય મંડલવૃત્તથી અભ્યંતર મંડલવૃત્ત, એ માર્ગ કેવી રીતે કહેલો છે? તે **૫૧૦** યોજન અને યોજનના **૧૩/૬૧** ભાગ કહ્યો.

અભ્યંતર મંડલવૃત્તથી બાહ્ય મંડલવૃત્ત અને બાહ્ય મંડલવૃત્તથી અભ્યંતર મંડલવૃત્ત, આ માર્ગ કેટલો કહેલ છે? તે **૫૧૦** યોજન કહ્યો છે, તેમ કહેવું.

મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત-૧ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# પ્રાભૃત-૨

## પ્રાભૃત-૨, પ્રાભૃતપ્રાભૃત-૧

સૂત્ર-૩૧

ભગવન્ ! સૂર્યની તીર્છી ગતિ કેવી છે ? તે જેમ કહી હોય તે કહો. આ વિષયમાં અન્યતીર્થિકોની આઠ પ્રતિપત્તિ(માન્યતા)ઓ કહી છે.

૧. તેમાં એક એ પ્રમાણે કહે છે કે તે પૂર્વદિશાના લોકાંતથી પ્રભાતકાળનો સૂર્ય આકાશમાં ઉદિત થાય છે, તે આ લોકને તીર્છો કરે છે, તીર્છો કરીને પશ્ચિમના લોકમાં સંધ્યા સમયે આકાશમાં વિધ્વંસ પામે છે – અસ્ત થાય છે. એક એમ કહે છે.

૨. વળી એક એ પ્રમાણે કહે છે – તે પૂર્વદિશાના લોકાંતથી પ્રાતઃકાળમાં સૂર્ય આકાશમાં ઉદિત થાય છે. તિર્છાલોકને તિર્છો કરે અથવા પ્રકાશિત કરીને પશ્ચિમ લોકાંતમાં સૂર્ય આકાશમાં વિધ્વસ્ત થાય છે– એક એમ કહે છે

૩. વળી એક એ પ્રમાણે કહે છે – તે પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય આકાશમાં ઉદિત થાય છે. તે આ તીર્છા લોકને તીર્છો કરે છે, કરીને પશ્ચિમ લોકમાં સંધ્યાકાળે નીચે તરફ પરાવર્તીત કરે છે. નીચે પરાવર્તીત કરીને ફરી પણ બીજા ભાગમાં પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય આકાશમાં ઉદિત થાય છે. એક એ પ્રમાણે કહે છે.

૪. વળી એક એ પ્રમાણે કહે છે – તે પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય પૃથ્વીકાયમાં ઉદિત થાય છે. તે આ તીર્છાલોકને તીર્છો કરે છે, કરી પશ્ચિમના લોકાંતમાં સંધ્યાકાળે સૂર્ય પૃથ્વીકાયમાં વિધ્વસ્ત થાય છે. એક એમ કહે છે.

૫. વળી એક એ પ્રમાણે કહે છે – પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય પૃથ્વીકાયમાં ઉદિત થાય છે. તે આ તીર્છા લોકને તીર્છો કરે છે, કરીને પશ્ચિમ લોકાંતમાં સંધ્યાકાળે સૂર્ય પૃથ્વીકાયમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરીને અધોલોકમાં જાય છે. જઈને ફરી પણ બીજા ભાગમાં પૂર્વ લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય પૃથ્વીકાયમાં ઉદિત થાય છે. એક એમ કહે છે.

૬. વળી કોઈ એક એમ કહે છે કે – પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય અપ્કાયમાં ઉદિત થાય છે. તે આ તીર્છા લોકને તીર્છો કરે છે. કરીને પશ્ચિમ લોકાંતમાં સાંજે સૂર્ય અપ્કાયમાં વિધ્વસ્ત થાય છે. એક એમ કહે છે.

૭. વળી એક એમ કહે છે – તે પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય અપ્કાયમાં ઉદય પામે છે, તે આ તીર્છા લોકને તીર્છો કરે છે, કરીને પશ્ચિમ લોકાંતમાં સાંજે સૂર્ય અપ્કાયમાં પ્રવેશે છે. પ્રવેશીને અધોલોકમાં પરાવર્તીત થાય છે. થઈને પછી ફરી પણ બીજે દિવસે પૂર્વના લોકાંતમાં પ્રાતઃકાળે સૂર્ય અપ્કાયમાં ઉદિત થાય છે– એક એમ કહે છે.

૮. એક વળી એમ કહે છે – તે સૂર્ય પૂર્વના લોકાંતથી ઘણા યોજન, ઘણા સેંકડો યોજનો, ઘણા હજારો યોજનો ઊંચે દૂર ઉદિત થઈને, અહીં પ્રાતઃકાળે સૂર્ય આકાશમાં ઉદિત થાય છે. તે આ દક્ષિણાર્ધ લોકને તીર્છો કરે છે, કરીને ઉત્તરાર્ધ લોકને તે જ રાત્રિમાં, તે આ ઉત્તરાર્ધ લોકને તીર્છો કરે છે. કરીને તે દક્ષિણાર્ધ લોકમાં તે જ રાત્રિમાં, તે આ દક્ષિણોત્તરાર્ધ–પૂર્વ લોકને તીર્છો કરે છે. કરીને પૂર્વના લોકાંતથી ઘણા યોજન, ઘણા સેંકડો યોજન, ઘણા હજારો યોજન ઊંચે દૂર ઉદિત થઈને અહીં પ્રભાતે સૂર્ય આકાશમાં ઉદિત થાય છે – એક એ પ્રમાણે કહે છે.

ભગવંત કહે છે –. અમે વળી એ પ્રમાણે કહીએ છીએ કે – તે જંબૂદ્વીપ દ્વીપની પૂર્વ–પશ્ચિમ લાંબી અને ઉત્તર દક્ષિણ લાંબી જીવાથી મંડલના **૧૨૪** ભાગ કરીને દક્ષિણ–પૂર્વ અને ઉત્તર–પશ્ચિમમાં ચતુર્ભાગ મંડલમાં આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ–રમણીય ભૂમિભાગથી૮૦૦ યોજન ઊંચે આકાશપ્રદેશમાં બંને સૂર્યો ઊગે છે.

તે આ દક્ષિણોત્તર જંબૂ દ્વીપના ભાગોને તીર્છો કરે છે. કરીને પૂર્વ–પશ્ચિમ જંબૂદ્વીપ ભાગોને તે જ રાત્રિમાં, તે આ પૂર્વ–પશ્ચિમ જંબૂદ્વીપ ભાગોને તીર્છો કરે છે, કરીને દક્ષિણોત્તર જંબૂદ્વીપ ભાગોને તે જ રાત્રિમાં, તે આ દક્ષિણોત્તર અને પૂર્વ–પશ્ચિમ જંબૂદ્વીપ ભાગોને તીર્છો કરે છે. કરીને જંબૂદ્વીપ–દ્વીપની પૂર્વ–પશ્ચિમ અને ઉત્તરદક્ષિણ લાંબી

જીવાથી **૧૨૪** મંડલને છેદીને દક્ષિણ–પૂર્વ અને ઉત્તર–પશ્ચિમ ચતુર્ભાગ મંડલમાં આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી૮૦૦ યોજન ઊંચે આકાશમાં પ્રભાતકાળે આ બંને સૂર્યો આકાશમાં ઉદિત થાય છે.

પ્રાભૃત-૨, પ્રાભૃતપ્રાભૃત-૧ અનુવાદ પૂર્ણ

## પ્રાભૃત-૨, પ્રાભૃતપ્રાભૃત-૨

સૂત્ર–૩૨

તે એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો–કરતો સૂર્ય કઈ રીતે ચાર ચરે છે ? સૂર્યના એક મંડલ પરથી બીજા મંડલ ઉપર જવાના વિષયમાં અન્યતીર્થિકોની બે પ્રતિપત્તિ(માન્યતા)ઓ કહેલ છે, તે આ પ્રમાણે –

તે વિષયમાં નિશ્ચે આ બે પ્રતિપત્તિઓ કહી છે –

તેમાં એક એ પ્રમાણે કહે છે કે – તે એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો–કરતો સૂર્ય ભેદ–ઘાતથી સંક્રમણ કરે છે – એક એ પ્રમાણે કહે છે.

વળી બીજો કોઈ એ પ્રમાણે કહે છે– તે એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકલાને ઘટાડે છે.

તેમાં જેઓ એમ કહે છે કે, તે એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો–કરતો ભેદ–ઘાતથી સંક્રમે છે. તેમાં આ દોષ છે – તે જે અંતરથી એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો–કરતો સૂર્ય ભેદ–ઘાતથી સંક્રમે છે. તે માર્ગમાં આગળ જઈ શકતો નથી. આગળ ન જઈ શકતો તે મંડલકાળને નષ્ટ કરે છે.

તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે – તે એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકલાને ઘટાડે છે. તેમાં આ વિશેષ છે, તે જે અંતરથી એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકલાને ઘટાડે છે. આટલો માર્ગ તે આગળ જાય છે. આગળ જતો મંડળ કાળને નષ્ટ કરતો નથી. તેમાં આ વિશેષ છે.

તેમાં જેઓ એ પ્રમાણે કહે છે – એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકળાને ઘટાડે છે. આ વાત નય વડે જાણે છે. બીજા નય વડે નહીં.

પ્રાભૃત-૨, પ્રાભૃતપ્રાભૃત-૨ અનુવાદ પૂર્ણ

## પ્રાભૃત-૨, પ્રાભૃતપ્રાભૃત-૩

સૂત્ર–૩૩

ભગવન્ ! કેટલા ક્ષેત્રમાં સૂર્ય એક એક મુહૂર્તમાં ગમન કરે છે ? તેમાં આ ચાર પ્રતિપત્તિઓ કહેલી છે.

૧. તેમાં એક એ પ્રમાણે કહે છે – છ–છ હજાર યોજન સૂર્ય એક–એક મુહૂર્તથી જાય છે.

૨. બીજા કોઈ કહે છે – તે પાંચ–પાંચ હજાર યોજન સૂર્ય એક–એક મુહૂર્તથી જાય છે.

૩. એક કોઈ કહે છે કે – તે સૂર્ય એક–એક મુહૂર્તમાં ચાર–ચાર હજાર યોજન જાય છે.

૪. કોઈ એક વળી કહે છે કે – તે છ પણ, પાંચ પણ અને ચાર પણ હજાર યોજન સૂર્ય એક–એક મુહૂર્તમાં જાય છે.

તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે સૂર્ય એક–એક મુહૂર્તમાં છ–છ હજાર યોજન જાય છે, તેઓ એમ કહે છે કે – જ્યારે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. તે દિવસોમાં ૧,૦૮,૦૦૦ તાપક્ષેત્ર થાય છે.

જ્યારે તે સૂર્ય સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ

થાય છે, અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. તે દિવસમાં **૭૨,૦૦૦** યોજનનું તાપક્ષેત્ર કહેલ છે. ત્યારે છ–છ હજાર યોજન સૂર્ય એક એક મુહૂર્તમાં જાય છે.

તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે સૂર્ય એક–એક મુહૂર્તમાં ચાર–ચાર હજાર યોજન જાય છે, તેઓ એમ કહે છે કે – જ્યારે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. તે દિવસોમાં **૭૨,**,૦૦૦ યોજાનનું તાપક્ષેત્ર થાય છે.

જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે રાત્રિદિવસ પૂર્વવત્, તે દિવસોમાં **૪૮,૦૦૦** યોજન તાપક્ષેત્ર કહેલ છે. તે વખતે સૂર્ય એક–એક મુહૂર્તમાં ચાર–ચાર હજાર યોજન જાય છે.

તેમાં જેઓ એમ કહે છે કે સૂર્ય એક–એક મુહૂર્તમાં છ હજાર કે પાંચ હજાર કે ચાર હજાર યોજન પણ જાય છે, તેઓ એમ કહે છે કે – તે સૂર્ય ઉદ્‌ગમન મુહૂર્તથી કદાચ અસ્તમણ મુહૂર્તમાં શીઘ્રગતિથી પરિભ્રમણ કરે છે. તેથી એક મુહૂર્તમાં છ–છ હજાર યોજન જાય છે.

મધ્યમ તાપક્ષેત્રને સમ ગણીને ચાલતા–ચાલતા સૂર્ય મધ્યમગત થાય છે, ત્યારે એક–એક મુહૂર્તમાં પાંચ–પાંચ હજાર યોજન જાય છે. મધ્યમ તાપક્ષેત્ર સંપ્રાપ્ત થતાં સૂર્ય મંદગતિ થાય છે. ત્યારે તે એક–એક મુહૂર્તમાં ચાર–ચાર હજાર યોજન જાય છે. તેમાં શો હેતુ છે, તેમ કહો છો ?

આ જંબૂદ્વીપ યાવત્ પરિક્ષેપથી છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે દિવસ અને રાત્રિ પૂર્વવત્ થાય. તે દિવસોમાં**૯૧,૦૦૦** યોજન તાપક્ષેત્ર કહેલ છે. જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલ સંક્રમીને ચાર ચરે છે ત્યારે રાત્રિ–દિવસ પૂર્વવત્ થાય છે. તે દિવસમાં **૬૧,૦૦૦** યોજનનું તાપક્ષેત્ર કહેલ છે. ત્યારે **૬૦૦૦** કે **૫૦૦૦** કે **૪૦૦૦** યોજન પણ એક–એક મુહૂર્તમાં જાય છે.

પરંતુ અમે (ભગવાન) એ પ્રમાણે કહીએ છીએ કે તે સાતિરેક પાંચ–પાંચ હજાર યોજન સૂર્ય એક–એક મુહૂર્તમાં જાય છે. તેમાં શો હેતુ છે, તે કહો. આ જંબૂદ્વીપ દ્વીપ યાવત્ પરિક્ષેપથી છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પાંચ–પાંચ હજાર યોજન અને **૨૫૧** યોજન તથા **૨૯/૬૦.** યોજનના ઓગણત્રીશ–સાઈઠાંશ ભાગ એક–એક મુહૂર્તથી જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્યોને **૪૭,૨૬૩** યોજન અને એક યોજનના **૨૧/૬૦.** ભાગ વડે સૂર્ય જલ્દી દૃષ્ટિગોચર થાય છે. ત્યારે દિવસ અને રાત્રિ પૂર્વવત્ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતા પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે **૫૨૫૧** યોજન અને એક યોજનના **૪૭/૬૦.** ભાગ એક એક મુહૂર્ત વડે જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્યને **૪૭,૧૭૯** યોજન અને એક યોજનના **૫૭/૬૦.** ભાગ વડે, સાંઈઠ ભાગને **૬૧** વડે છેદીને **૧૯** ચૂર્ણિકા ભાગથી સૂર્ય જલ્દી દૃષ્ટિગોચર થાય છે. ત્યારે દિવસ–રાત્રિ પૂર્વવત્ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે **૫૨૫૨** યોજન અને એક યોજનના **૫/૬૦.** પાંચ સાંઈઠાંશ ભાગ એક–એક મુહૂર્તમાં જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્યોને **૪૭,૦૯૬** યોજન અને એક યોજનના **૩૩/૬૦.** તેંત્રીશ–સાંઈઠ ભાગ તથા **૬૦** ભાગને **૬૧** વડે છેદીને બે ચૂર્ણિકા ભાગ વડે સૂર્ય જલ્દી દૃષ્ટિગોચર થાય છે. ત્યારે દિવસ અને રાત્રિ પૂર્વવત્ થાય છે.

એ પ્રમાણે નિશ્ચે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના અનંતર મંડલથી અનંતર મંડલને સંક્રમણ કરતો કરતો એક યોજનના અઢાર–અઢાર સાંઈઠાંશ ભાગને એક એક મંડલમાં મુહૂર્ત ગતિને વધારતો–વધારતો અને૮૪ યોજનોમાં કિંચિત્ ન્યૂન પુરુષ છાયાને ઘટાડતો–ઘટાડતો સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય

સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે **૫૩૦૫** યોજન અને એક યોજનના **૧૫/૬૦.** પંદર–સાંઈઠાંશ ભાગ એક–એક મુહૂર્ત્તથી જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્યને **૩૧,૮૩૧** યોજન અને એક યોજનના **૩૦/૬૦.** ત્રીશ–સાંઈઠાંશ ભાગથી સૂર્ય જલદી દૃષ્ટિગોચર થાય છે. ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તની રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.

આ પહેલાં છ માસ, આ પહેલાં છ માસનો અંત છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતાં પહેલાં અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે **૫૩૦૪** યોજન અને એક યોજનના **૫૭/૬૦.** સત્તાવન સાંઈઠાંશ ભાગ એક–એક મુહૂર્ત્ત વડે જાય છે. ત્યારે અહીં રહેલો મનુષ્ય **૩૧,૯૧૬** યોજન અને એક યોજનના **૩૯/૬૦.** ઓગણચાલીશ સાંઈઠાંશ ભાગ તથા સાંઈઠ ભાગને એકસઠ વડે છેદીને **૬૦/૬૧** ચૂર્ણિકા ભાગમાં સૂર્ય જલ્દી દૃષ્ટિગોચર થાય છે. ત્યારે રાત્રિ–દિન પૂર્વવત્.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા મંડલમા સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે **૫૩૦૪** યોજન અને એક યોજનના **૩૯/૬૦.** ભાગ એક–એક મુહૂર્ત્તથી જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્ય **૩૨,૦૦૧** યોજન અને એક યોજનના **૪૯/૬૦.** ભાગ તથા **૬૦** ભાગને **૬૧** વડે છેદીને **૨૩** ચૂર્ણિકા ભાગ (૨૩/૬૧) થી સૂર્ય જલ્દી દૃષ્ટિગોચર થાય છે. રાત્રિ અને દિવસ પૂર્વવત્ છે.

એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તેના અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતો–કરતો યોજનના અઢાર–અઢાર સાંઈઠાંશ (૧૮/૬૦)ભાગમાં એક–એક મંડલમાં મુહૂર્ત્તગતિથી ઘટાડતો–ઘટાડતો સાતિરેક ૮૫–૮૫ યોજન પુરુષ છાયાની વૃદ્ધિ કરતો–કરતો સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે **૫૨૫૧** યોજન અને એક યોજનના ૩૮/૬૦ ભાગ એક–એક મુહૂર્ત્ત વડે જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્યને **૪૭,૨૬૨** યોજન અને એક યોજનના **૨૧/૬૦** ભાગથી સૂર્ય જલ્દી દૃષ્ટિપથમાં આવે છે. ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

આ બીજા છ માસ અને બીજા છ માસનો અંત છે.

આ આદિત્ય સંવત્સર છે અને આ આદિત્ય સંવત્સરનો પર્યવસાન છે, તેમ જાણવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત-૨ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# પ્રાભૃત-૩

**સૂત્ર–૩૪**

કેટલાં ક્ષેત્રને ચંદ્ર–સૂર્ય અવભાસિત, ઉદ્યોતિત, તાપિત, પ્રકાશિત કરેલ છે ? સૂર્યના પ્રકાશિત ક્ષેત્ર વિશે અન્યતિર્થીકોની નિશ્ચે આ બાર પ્રતિપત્તિ(માન્યતા)ઓ કહેલી છે.

**૧.** તેમાં એક એવું કહે છે કે – તે એક દ્વીપ – એક સમુદ્રને ચંદ્ર–સૂર્યો અવભાસિત યાવત્ પ્રકાશિત કરે છે.

**૨.** એક એમ કહે છે – તે ત્રણ દ્વીપ, ત્રણ સમુદ્રને ચંદ્ર–સૂર્ય અવભાસિતાદિ કરે છે.

**૩.** વળી એક એમ કહે છે કે તે સાડા ત્રણ દ્વીપ–સમુદ્રમાં ચંદ્ર–સૂર્ય અવભાસિત આદિ થાય છે.

**૪.** વળી એક એમ કહે છે – તે સાત દ્વીપ, સાત સમુદ્રમાં ચંદ્ર, સૂર્ય અવભાસિતાદિ કરે છે.

**૫.** એક એમ કહે છે કે તે દશ દ્વીપ, સમુદ્રમાં ચંદ્ર–સૂર્યને અવભાસિતાદિ કરે છે.

**૬.** વળી એક એમ કહે છે કે – બાર દ્વીપ, બાર સમુદ્રમાં ચંદ્ર, સૂર્ય અવભાસિતાદિ થાય છે.

**૭.** વળી એક એમ કહે છે કે – તે **૪૨**–દ્વીપ, **૪૨**–સમુદ્રોમાં ચંદ્ર–સૂર્યો અવભાસિતાદિ કરે છે.

**૮.** વળી એક એમ કહે છે કે – તે **૭૨**–દ્વીપો, **૭૨**–સમુદ્રોને ચંદ્ર–સૂર્ય અવભાસિતાદિ કરે છે.

**૯.** વળી એક એમ કહે છે કે – તે **૧૪૨**–દ્વીપો, **૧૪૨**–સમુદ્રોને અવભાસિતાદિ કરે છે.

**૧૦.** વળી એક એમ કહે છે કે – **૧૭૨** દ્વીપ, સમુદ્રને ચંદ્ર–સૂર્યને અવભાસિતાદિ કરે છે.

**૧૧.** વળી એક એમ કહે છે – તે **૧૦૪૨** દ્વીપ–સમુદ્રોને ચંદ્ર–સૂર્ય અવભાસિતાદિ કરે છે.

**૧૨.** વળી કોઈ એક એમ કહે છે કે – તે **૧૦૭૨** દ્વીપ–**૧૦૭૨** સમુદ્રોને ચંદ્ર, સૂર્ય અવભાસિત, ઉદ્યોતિત, તાપિત, પ્રકાશિત કરે છે. તે પ્રમાણે એક અન્યતીર્થિક કહે છે.

ભગવંત કહે છે કે– અમે એમ કહીએ છીએ કે – આ જંબૂદ્વીપ, સર્વે દ્વીપ સમુદ્રો મધ્યે યાવત્ પરિધિથી કહેલ છે. તે એક જગતી વડે ચોતરફથી વીંટાયેલ છે. તે જગતી, તે પ્રમાણે જ જેમ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં યાવત્ એ પ્રમાણે જ પૂર્વાપર સહિત જંબૂદ્વીપમાં **૧,૫૬,૦૦૦** નદીઓ હોય છે. તેમ કહેલ છે.

જંબૂદ્વીપ દ્વીપ પાંચ ચક્રભાગોમાં સંસ્થિત છે, તેમ ભગવંતે કહેલું છે તેમ કહેવું. ભગવન્! જંબૂદ્વીપ પાંચ ચક્રોથી કઈ રીતે સંસ્થિત છે? તે કહો. તો જ્યારે આ બે સૂર્યો સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે જંબૂદ્વીપ દ્વીપના ત્રણ–પંચમાંશ ચક્રભાગમાં અવભાસિત, ઉદ્યોતિત, તાપિત, પ્રકાશિત કરે છે. એક સૂર્ય દ્વ્યર્ધ પંચ ચક્રભાગને અવભાસિતાદિ કરે છે. ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

તો જ્યારે આ બે સૂર્યો સર્વ બાહ્યમંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે જંબૂદ્વીપ દ્વીપના બે ચક્રવાલ ભાગને અવભાસિત, ઉદ્યોતિત, તાપિત, પ્રકાશિત કરે છે, ત્યારે એક એક પંચ ચક્રવાલ ભાગને અવભાસિતાદિ કરે છે અને બીજો એક, એક પંચ–ચક્રવાલ ભાગને અવભાસિતાદિ કરે છે. ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત-૩ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# પ્રાભૃત–૪

સૂત્ર–૩૫

શ્વેત વર્ણવાળા પ્રકાશ ક્ષેત્રની સંસ્થિતિ(આકાર) કઈ રીતે કહેલ છે? પ્રકાશ ક્ષેત્રની નિશ્ચે આ બે ભેદે સંસ્થિતિ કહેલ છે, તે આ પ્રમાણે – ચંદ્ર, સૂર્યની સંસ્થિતિ અને તાપક્ષેત્ર સંસ્થિતિ.

તે ચંદ્ર–સૂર્ય સંસ્થિતિ(આકાર) કઈ રીતે કહેલ છે? તેના સંસ્થાનના વિષયમાં અન્યતિર્થીકોની નિશ્ચે આ સોળ પ્રતિપત્તિઓ કહેલી છે, તે આ પ્રમાણે–

૧. એક અન્યતિર્થીક એમ કહે છે કે – તે સમચતુરસ્રાકારે ચંદ્ર–સૂર્ય સંસ્થિતિ છે.

૨. એક અન્યતિર્થીક એમ કહે છે કે – તે વિષમચતુરસ્રાકારે ચંદ્ર–સૂર્ય સંસ્થિત છે.

૩. એ પ્રમાણે કોઈ એમ અન્યતિર્થીક કહે છે કે– તે સમચતુષ્કોણાકારે છે,

૪. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– વિષમ ચતુષ્કોણ સંસ્થિત છે.

૫. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– સમચક્રવાલ સંસ્થિત છે.

૬. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– વિષમ ચક્રવાલ સંસ્થિત છે.

૭. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– ચક્રાર્દ્ધ ચક્રવાલ સંસ્થિત કહી છે.

૮. વળી એક અન્યતિર્થીક એ પ્રમાણે કહે છે કે તે છત્રકાર સંસ્થિત ચંદ્ર–સૂર્યની સંસ્થિતિ કહી છે.

૯. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– ગૃહ સંસ્થિત છે.

૧૦. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– ગૃહઆપણ(ઘરની દુકાન) સંસ્થિત છે.

૧૧. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– પ્રાસાદ સંસ્થિત છે,

૧૨. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– ગોપુર સંસ્થિત છે,

૧૩. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– પ્રેક્ષાગૃહ સંસ્થિત છે,

૧૪. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– વલભી સંસ્થિત છે,

૧૫. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– હર્મ્ય તલ (હવેલીની ઉપરનો તળભાગ)સંસ્થિત છે,

૧૬. કોઈ અન્યતિર્થીક કહે છે કે તે– વાલાગ્રપોતીકા (ક્રીડાસ્થાન)સંસ્થિત ચંદ્ર–સૂર્યન સંસ્થિતિ કહી છે.

તે અન્યતિર્થીક માં જેઓ એમ કહે છે કે – સમચતુરસ્ર ચંદ્ર–સૂર્યની સંસ્થિતિ કહી છે, તે નય દ્વારા જાણવી, અન્ય કોઈ રીતે નહીં. અર્થાત ભગવાન કહે છે કે– (સૂર્ય–ચંદ્રની વચ્ચેના ક્ષેત્રનો આકાર સમચતુરસ્ર છે)

તે તાપક્ષેત્ર સંસ્થિતિ કઈ રીતે કહેલી છે? આ વિષયમાં અન્યતિર્થીકોની આ સોળ પ્રતિપત્તિઓ કહી છે. તેમાં એક એમ કહે છે –

૧. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– ગૃહ સંસ્થિત(આકાર) છે.

૨. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– ગૃહઆપણ(ઘરની દુકાન) સંસ્થિત છે.

૩. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– પ્રાસાદ સંસ્થિત છે,

૪. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– ગોપુર સંસ્થિત છે,

૫. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– પ્રેક્ષાગૃહ સંસ્થિત છે,

૬. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– વલભી સંસ્થિત છે,

૭. કોઈ અન્યતિર્થીક એમ કહે છે કે તે– હર્મ્ય તલ (હવેલીની ઉપરનો તળભાગ)સંસ્થિત છે,

૮. કોઈ અન્યતિર્થીક કહે છે કે તે– વાલાગ્રપોતીકા (ક્રીડાસ્થાન)સંસ્થિત ચંદ્ર–સૂર્યન સંસ્થિતિ કહી છે.

૯. એક અન્યતિર્થીક એમ કહે છે કે – જેમ જંબૂદ્વીપની સંસ્થિતિ છે, તે મુજબ તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે.

**૧૦.** કોઈ અન્યતિર્થીક એમ કહે છે – ભારતક્ષેત્રની સંસ્થિતિ મુજબ તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

**૧૧.** કોઈ અન્યતિર્થીક એમ કહે છે – ઉદ્યાનની સંસ્થિતિ મુજબ તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

**૧૨.** કોઈ અન્યતિર્થીક એમ કહે છે–નિર્યાણ(નગરમાંથી નીકળવાનો માર્ગ જેવી) સંસ્થિતિ મુજબ તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

**૧૩.** કોઈ અન્યતિર્થીક એમ કહે છે– એક નિષધ (એક બળદ જોતરેલ રથ જેવી) સંસ્થિતિ મુજબ તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

**૧૪.** કોઈ અન્યતિર્થીક એમ કહે છે– બે નિષધ ((બે બળદ જોતરેલ રથ જેવી) સંસ્થિતિ મુજબ તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

**૧૫.** કોઈ અન્યતિર્થીક એમ કહે છે– શ્વેનક (સિંચાનક–પક્ષી વિશેષની) સંસ્થિતિ મુજબ તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

**૧૬.** કોઈ અન્યતિર્થીક એમ કહે છે– શ્વેનકની પૃષ્ઠની સંસ્થિતિ મુજબ તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

ભગવાન કહે છે કે– અમે એમ કહીએ છીએ કે – તે ઉર્ધ્વમુખ કદંબના (ધતુરાના)પુષ્પાકારે રહેલ તાપક્ષેત્ર સંસ્થિતિ છે. અંદરથી સંકુચિત અને બહારથી વિસ્તૃત, અંદરથી વૃત્ત અને બહારથી પહોળું, અંદરથી અંકમુખ સંસ્થિત અને બહારથી સ્વસ્તિમુખ સંસ્થિત છે.

તાપક્ષેત્રની બંને તરફ બે બાહાઓ અવસ્થિત હોય છે. તે **૪૫,૦૦૦–૪૫,૦૦૦** યોજન લંબાઈથી છે.

તે બંને બાહાઓ અનવસ્થિત હોય છે. તે આ રીતે – સર્વાભ્યંતર બાહા અને સર્વ બાહ્ય બાહા. ભગવન ! તે બે બાહાઓ અનવસ્થિત કહી તેનો શો હેતુ છે ?

આ જંબૂદ્વીપ સર્વ દ્વીપ–સમુદ્રોની મધ્યે આવેલ છે. યાવત્ તે પરિક્ષેપ યુક્ત છે. જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉર્ધ્વમુખ કલંબ પુષ્પ સંસ્થિત, તાપક્ષેત્ર સંસ્થિતિ કહેલ છે. તે અંદર સંકુચિત – બહાર વિસ્તૃત, અંદર વૃત્ત – બહાર પહોળું, અંદર અંકમુખ સંસ્થિત – બહાર સ્વસ્તિમુખ સંસ્થિત છે. બંને પડખે તે પૂર્વવત્ બાહા યુક્ત છે યાવત્ સર્વબાહ્ય અને બાહા છે.

તેની સર્વાભ્યંતર બાહા મેરુપર્વત સમીપ ૯૪૮૬ યોજન અને એક યોજનના ૯/૧૦ ભાગે પરિધિથી કહી છે.

સર્વાભ્યંતર બાહાની પરિધિનું આ પ્રમાણ કઈરીતે પ્રાપ્ત થાય ? જે મેરુ પર્વતનો પરિક્ષેપ છે, તેને ત્રણ વડે ગુણીને દશ વડે છેદીને, દશ ભાગથી હરીને, આ પરિક્ષેપ વિશેષ કહેલ છે.(તે આ રીતે– ૩૧૬૨૩ x ૩ = ૯૪૮૬૯ તેને ૧૦ વડે ભાંગતા ૯૪૮૬ ૯/૧૦ યોજન)

તે સર્વ બાહ્ય બાહા લવણ સમુદ્ર સમીપે ૯૪,૮૬૮ યોજન અને એક યોજનના ૪/૧૦ ભાગ પરિધિથી કહી છે. તે પરિધિ વિશેષ ક્યાંથી કહેલી છે? તે જંબૂદ્વીપની પરિધિ છે, તેને ત્રણ વડે ગુણીને દશથી છેદી, દશ ભાગ ઘટાડવાથી આ પરિક્ષેપ વિશેષ કહેવો. .(તે આ રીતે– ૩,૧૬,૨૨૮ x ૩ = ૯,૪૮,૬૮૪ તેને ૧૦ વડે ભાંગતા ૯૪૮૬૮–૪/૧૦ યોજન થાય)

તે તાપક્ષેત્ર કેટલા આયામથી કહેલ છે ? તે **૭૮,૩૩૩** યોજન અને એક યોજનનો **૧/૩** ભાગ આયામથી કહેલ છે. (૭૮૩૩૩– ૧/૩)

તો અંધકાર ક્ષેત્રની સંસ્થિતિ કયા આકારે કહેલી છે ? અંધકાર ક્ષેત્રનો આકાર ઉર્ધ્વમુખ કલંબ પુષ્પ સંસ્થિત છે. આદિ બાહ્ય બાહા સુધી સર્વ કથન તાપક્ષેત્ર પ્રમાણે જાણવું. તેની સર્વાભ્યંતરિકા બાહા મેરુ પર્વતની સમીપ

**૬૩૨૪** યોજન અને એક યોજનના **૬/૧૦** ભાગ પરિધિથી કહી છે.

તે પરિક્ષેપ વિશેષ ક્યાંથી કહેલ છે ? જે મેરુ પર્વતના પરિક્ષેપથી, તે પરિક્ષેપ બે વડે ગુણીને છે, બાકી પૂર્વવત્(૩૧,૬૨૩ x ૨ =૬૩,૨૪૬/૧૦= ૬૩૨૪–૬/૧૦). તેની સર્વ બાહ્ય બાહા લવણસમુદ્ર પાસે **૬૩,૨૪૫** યોજન અને એક યોજનના **૬/૧૦** ભાગ પરિક્ષેપથી કહેવી.

તે પરિક્ષેપ વિશેષ ક્યાંથી કહેવો ? જે જંબૂદ્વીપ દ્વીપનો પરિક્ષેપ છે, તે પરિક્ષેપને બે વડે ગુણીને, દશથી છેદી, દશ ભાગથી ઘટાડતા, આ પરિક્ષેપ વિશેષ કહેલો છે, તેમ કહેવું.(તે આ રીતે સમજવું– ૩,૧૬,૨૨૮ x ૨ = ૬,૩૨,૪૫૬/૧૦=૬૩૨૪૫–૬/૧૦

તે અંધકાર કેટલા આયામથી કહેલ કહેવો ? તે **૭૮,૩૩૩** યોજન અને યોજનનો ત્રીજો ભાગ આયામથી કહેલ કહેવો. ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે કયા આકારે તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલી કહેવી? તે ઉર્ધ્વમુખ કલંબ પુષ્પાકારે તાપક્ષેત્ર સંસ્થિતિ પ્રરૂપેલી કહેવી. એ પ્રમાણે જે અભ્યંતર મંડલમાં અંધકાર સંસ્થિતિ પ્રમાણ છે, તે બાહ્યમંડલમાં તાપક્ષેત્ર સંસ્થિતિથી છે. જે તેની તાપક્ષેત્ર સંસ્થિતિ છે, તે બાહ્યમંડલમાં અંધકાર સંસ્થિતિથી કહેવી, યાવત્ જ્યારે ઉત્તમકાષ્ઠ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે. જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે.

તે જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્યો કેટલા ક્ષેત્રને ઊંચે તપાવે છે? કેટલા ક્ષેત્રને નીચે તપાવે છે? કેટલા ક્ષેત્રને તીર્છું તપાવે છે? તે જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્યો **૧૦૦** યોજન ઉર્ધ્વ તપે છે, **૧૮૦૦** યોજન નીચે તપાવે છે, **૪૭,૨૬૩** યોજન અને એક યોજનના **૨૧/૬૩** ભાગને તીર્છું તપાવે છે.

## મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૪– ગુજરાતી અનુવાદ પૂર્ણ

# પ્રાભૃત–૫

**સૂત્ર–૩૬**

સૂર્યની લેશ્યા(પ્રકાશ) ક્યાં પ્રતિહત થાય છે(અવરોધ પામે છે?) સૂર્યની લેશ્યાના અવરોધના સંદર્ભમાં અન્યતીર્થિકોની નિશ્ચે આ વીશ પ્રતિપત્તિઓ (માન્યતાઓ) કહી છે –

**૧.** એક અન્યતીર્થિક કહે છે કે – મંદર પર્વતથી સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે.

**૨.** કોઈ અન્યતીર્થિક કહે છે કે – મેરુપર્વતથી સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે. આ જ અભિલાપ (આલાવા)થી કહે છે કે–

**૩.** તે મનોરમ પર્વતમાં, **૪.** તે સુદર્શન પર્વતમાં, **૫.** તે ગિરિરાજ પર્વતમાં, **૬.** તે રત્નોચ્ચય પર્વતમાં, **૭.** તે શિલોચ્ચય પર્વતમાં,૮. તે સ્વયંપ્રભ પર્વતમાં,૯. તે લોકમધ્ય પર્વતમાં, **૧૦.** તે લોકનાભિ પર્વતમાં, **૧૧.** તે અચ્છા પર્વતમાં, **૧૨.** તે સૂર્યાવર્ત્ત પર્વતમાં, **૧૩.** તે સૂર્યાવરણ પર્વતમાં, **૧૪.** તે ઉત્તમ પર્વતમાં, **૧૫.** તે દિશોદિશિ પર્વતમાં, **૧૬.** તે અવતંસ પર્વતમાં, **૧૭.** તે ધરણીખીલ પર્વતમાં, **૧૮.** તે ધરણીશૃંગ પર્વતમાં, **૧૯.** તે પર્વતેન્દ્ર પર્વતમાં, **૨૦.** તે પર્વતરાજ પર્વતમાં સૂર્ય લેશ્યા પ્રતિહત થાય છે (સૂર્ય પ્રકાશ અવરોધ પામે છે.) એમ કહેવું.

પરંતુ અમે કહીએ છીએ કે – તે મંદર પર્વતે પણ પ્રતિહત થાય છે. યાવત્ પર્વતરાય પર્વતમાં પણ પ્રતિહત થાય છે. (બધા મેરુ પર્વતના એકાર્થક નામો છે).

જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યા સ્પર્શે છે, તે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને પ્રતિહત કરે છે.

અદૃષ્ટ પુદ્‌ગલો પણ સૂર્યની લેશ્યાને હણે છે,

ચરમ લેશ્યા અંતર્ગત પુદ્‌ગલો પણ સૂર્યની લેશ્યાને હણે છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૫– ગુજરાતી અનુવાદ પૂર્ણ

# પ્રાભૃત-૬

સૂત્ર–૩૭

તે ઓજ સંસ્થિતિ કઈ રીતે કહેલી કહેવી ? ઓજ સંસ્થિતિના વિષયમાં નિશ્ચે આ પચીશ પ્રતિપત્તિઓ (અન્યતીર્થિકોની માન્યતા) કહેલી છે –

**૧.** તેમાં એક અન્યતીર્થિક કહે છે – અનુ સમયમાં સૂર્યપ્રકાશ અન્યત્ર ઉત્પન્ન થાય છે, અન્યત્ર વિનષ્ટ થાય છે. અર્થાત સૂર્યપ્રકાશનું સંસ્થાન પ્રત્યેક સમયે પરિવર્તન પામે છે.

**૨.** બીજો એક અન્યતીર્થિક એમ કહે છે – તે અનુમુહૂર્ત જ સૂર્યનો પ્રકાશ અન્ય ઉપજી અન્ય નાશ પામે છે.

આ રીતે આ અભિલાપથી કથન કરવું કે– **૩.**અનુ–અહોરાત્રથી, **૪.**અનુ–પક્ષથી, **૫.**અનુ–માસથી, **૬.** અનુ–ઋતુથી, **૭.**અનુ–અયનથી, **૮.**અનુ–સંવત્સરથી, **૯.**અનુ-યુગથી, **૧૦.**અનુ-શતવર્ષથી, **૧૧.**અનુસહસ્ર વર્ષથી, **૧૨.**અનુ-લક્ષ વર્ષથી, **૧૩.**અનુ-પૂર્વથી **૧૪.**અનુશત પૂર્વથી, **૧૫.**અનુ–સહસ્રપૂર્વથી, **૧૬.**અનુ-લક્ષથી, **૧૭.** અનુ-પલ્યોપમથી, **૧૮.**અનુશત પલ્યોપમથી, **૧૯.**અનુસહસ્ર પલ્યોપમથી, **૨૦.**અનુલક્ષ પલ્યોપમથી, **૨૧.**અનુ સાગરોપમથી, **૨૨.**અનુશત સાગરોપમથી, **૨૩.**અનુસહસ્ર સાગરોપમથી, **૨૪.**અનુ–લક્ષ સાગરોપમથી અને **૨૫.** કોઈ એક અન્યતીર્થિક એમ કહે છે કે – તે અનુઉત્સર્પિણી અવસર્પિણીથી સૂર્યપ્રકાશ અન્યત્ર ઉપજે છે, અન્યત્ર નષ્ટ પામે છે, એક એવું કહે છે.

પરંતુ ભગવાન કહે છે કે– અમે એવું કહીએ છીએ કે તે ત્રીશ–ત્રીશ મુહૂર્તમાં સૂર્યનો પ્રકાશ અવસ્થિત થાય છે. ત્યારપછી સૂર્યનો પ્રકાશ અનવસ્થિત થાય છે. છ માસ સુધી સૂર્યપ્રકાશ ઘટે છે, છ માસ સૂર્યપ્રકાશ વધે છે.

નિષ્ક્રમણ કરતો સૂર્ય દેશથી ઘટે છે, પ્રવેશ કરતો સૂર્ય દેશથી વધે છે. તેમાં શો હેતુ કહેવો ?

આ જંબૂદ્વીપ દ્વીપ સર્વ સમુદ્ર આદિની મધ્યમાં યાવત્ પરિક્ષેપથી છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય, જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતા પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, જ્યારે સૂર્ય અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે એક અહોરાત્રથી એક ભાગ પ્રકાશથી દિવસક્ષેત્રને ઘટાડતો અને રાત્રિ ક્ષેત્રને વધારતો ચાર ચરે છે. મંડલને **૧૮૩૦**થી છેદીને, ત્યારે અઢાર મુહૂર્તમાં **૨/૬૧** ભાગ મુહૂર્ત ન્યૂન દિવસ થાય છે અને **૨/૬૧** ભાગ અધિક બાર મુહૂર્તવાળી રાત્રિ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે બે અહોરાત્ર વડે બે ભાગ પ્રકાશથી દિવસ ક્ષેત્રને ઘટાડીને અને રાત્રિક્ષેત્રને વધારીને ચાર ચરે છે, મંડલને **૧૮૩૦** વડે છેદીને, ત્યારે **૪/૬૧** મુહૂર્ત ન્યૂન **૧૮** મુહૂર્તનો દિવસ થાય છે. **૪/૬૧** ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રિ થાય.

એ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તે અનંતરથી તેના અનંતર મંડલથી મંડલમાં સંક્રમણ કરતો કરતો એક–એક મંડલમાં, એક એક અહોરાત્રથી એક–એક ભાગને પ્રકાશથી દિવસક્ષેત્રને ઘટાડતો–ઘટાડતો અને રાત્રિ ક્ષેત્રને વધારતો–વધારતો સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલથી સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વાભ્યંતર મંડલની અવધિ કરીને **૧૮૩** અહોરાત્રથી **૧૮૩** ભાગમાં પ્રકાશથી દિવસ ક્ષેત્રને ઘટાડતા અને રાત્રિ ક્ષેત્રને વધારતા ચાર ચરે છે, મંડલને **૧૮૩૦** વડે છેદીને, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ **૧૮** મુહૂર્તની રાત્રિ થાય છે. જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે.

આ પહેલાં છ માસ અને છ માસનો અંત છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતો પહેલાં અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે એક અહોરાત્ર વડે, એક ભાગમાં પ્રકાશથી રાત્રિ ક્ષેત્રને ઘટાડતા, દિવસ ક્ષેત્રને વધારતા ચાર ચરે છે. મંડલને **૧૮૩૦** થી છેદે છે. ત્યારે **૨/૬૧** ભાગ મુહૂર્ત્ત ન્યૂન-**૧૮** મુહૂર્ત્તની રાત્રિ થાય છે. **૨/૬૧** ભાગ અધિક બાર મુહૂર્ત્ત દિવસ થાય છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે બે અહોરાત્રથી બે ભાગ પ્રકાશ રાત્રિ ક્ષેત્રને ઘટાડતા, દિવસક્ષેત્રને વધારતા ચાર ચરે છે, મંડલને **૧૮૩૦** વડે છેદીને. ત્યારે **૪/૬૧** ભાગ મુહૂર્ત્ત ન્યૂન અઢાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે. **૪/૬૧** ભાગ મુહૂર્ત્ત અધિક બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.

એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તેના અનંતર મંડલથી, અનંતર મંડલમાં સંક્રમણ કરતો-કરતો એક એક રાત્રિ દિવસથી, એક-એક ભાગને પ્રકાશતી રાત્રિ ક્ષેત્રને ઘટાડતા-ઘટાડતા, દિવસક્ષેત્રને વધારતા-વધારતા સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલથી સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વ બાહ્ય મંડલની અવધિથી **૧૮૩** અહોરાત્રથી **૧૮૩** ભાગ પ્રકાશથી રાત્રિ ક્ષેત્રને ઘટાડતા, દિવસ ક્ષેત્રને વધારતા ચાર ચરે છે, મંડલને **૧૮૩૦**થી છેદીને. ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

આ બીજા છ માસ, આ બીજા છ માસનો અંત છે.

આ આદિત્ય સંવત્સર, આદિત્ય સંવત્સરનો અંત છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત-૬ - ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# પ્રાભૃત-૭

સૂત્ર–૩૮

તે સૂર્યનું વરણ (પ્રકાશરૂપે સ્વીકાર) કોણ કરે છે તેમ કહેવું? તે વિષયમાં આ વીશ પ્રતિપત્તિઓ (અન્ય તીર્થિકોની માન્યતા) કહી છે. તે આ પ્રમાણે–

તેમાં એક અન્યતીર્થિક એમ કહે છે – મંદર પર્વત સૂર્યનું વરણ કરે છે. અર્થાત મંદર પર્વત સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થાય છે.

એક અન્યતીર્થિક વળી એમ કહે છે કે મેરુ પર્વત સૂર્યનું વરણ કરે છે તેમ કહેવું. એ પ્રમાણે આ અભિપ્રાયથી જાણવું કે યાવત્ પર્વતરાજ પર્વતમાં સૂર્યનું વરણ થાય છે તેમ કહેવું. (પ્રાભૃત–૫ મુજબ આ ૨૦ પ્રતીપત્તી જાણવી)

પરંતુ ભગવાન કહે છે કે (અમે વળી એમ કહીએ છીએ)– મંદર પર્વતમાં પણ કહેવું, તે પ્રમાણે યાવત્ પર્વતરાજમાં પણ કહેવું.

જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્‌ગલો સૂર્યનું વરણ કરે છે.

અદૃષ્ટ પુદ્‌ગલો પણ સૂર્યનું વરણ કરે છે.

ચરમ લેશ્યાંતર ગત પણ પુદ્‌ગલો સૂર્યનું વરણ કરે છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૭– ગુજરાતી અનુવાદ પૂર્ણ

# પ્રાભૃત–૮

સૂત્ર–૩૯

સૂર્યની આપે ઉદય સંસ્થિતિ(વ્યવસ્થા) આપે કઈ રીતે કહી છે ? તેમાં આ ત્રણ પ્રતિપત્તિ (અન્ય તીર્થિકોની માન્યતા) કહેલી છે –

**૧.** કોઈક અન્યતીર્થિકો એમ કહે છે કે – જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્ધમાં અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્ધમાં પણ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.

જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં **૧૭**–મુહૂર્ત્તનો દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ **૧૭**–મુહૂર્ત્તનો દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્ધમાં **૧૭**–મુહૂર્ત્તનો દિવસ થાય છે. ત્યારે દક્ષિણાર્ધમાં પણ **૧૭**–મુહૂર્ત્તનો દિવસ થાય છે. એ પ્રમાણે ઘટાડતા **૧૬,૧૫,૧૪,૧૩** મુહૂર્ત્તના દિવસમાં યાવત્ જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણાર્ધમાં **૧૨**–મુહૂર્ત્તનો દિવસ થાય ત્યારે ઉત્તરાર્ધમાં પણ **૧૨**–મુહૂર્ત્તનો દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં **૧૨**–મુહૂર્ત્તનો દિવસ થાય ત્યારે દક્ષિણાર્દ્ધમાં પણ **૧૨**–મુહૂર્ત્તનો દિવસ થાય છે.

ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતના પૂર્વ–પશ્ચિમમાં સદા **૧૫**–મુહૂર્ત્તનો દિવસ થાય છે અને સદા **૧૫**–મુહૂર્ત્તની રાત્રિ થાય છે. ત્યાં અવસ્થિત અહોરાત્ર કહેલા છે.

**૨.** બીજા કોઈક અન્યતીર્થિકો વળી એમ કહે છે કે – જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં **૧૮**–મુહૂર્ત્તનો અનંતર દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ **૧૮**–મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે, જ્યારે ઉત્તરાર્ધમાં **૧૮**–મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્ધમાં **૧૮**–મુહૂર્ત્ત અનંતર દિવસ થાય છે.

એમ એક એક મુહુર્ત ઘટાડતા ઘટાડતા **૧૭–૧૬–૧૫–૧૪–૧૩** મુહૂર્ત્તાન્તર ગણતા, જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં **૧૨**–મુહૂર્ત્તનો અનંતર દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ **૧૨**–મુહૂર્ત્ત–અનંતર દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં **૧૨**–મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્ધમાં પણ **૧૨**–મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે.

ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ–પશ્ચિમમાં સદા **૧૫**–મુહૂર્ત્તનો દિવસ કે રાત્રિ થતી નથી. કેમ કે તે અહોરાત્ર અનવસ્થિત છે, એમ એક કહે છે.

વળી કોઈક અન્યતીર્થિકો એમ કહે છે – જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે. જ્યારે ઉત્તરાર્ધમાં અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્દ્ધમાં બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

જ્યારે દક્ષિણાર્ધમાં **૧૮**–મુહૂર્ત્તાન્તરનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે, જ્યારે ઉત્તરાર્ધમાં **૧૮**–મુહૂર્ત્તાન્તરનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં **૧૨**–મુહૂર્ત્તની રાત્રિ થાય છે. એ પ્રમાણે બધા અનંતર વડે એક–એકમાં બબ્બે આલાપકો જાણવા. યાવત્. **૧૨**–મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

યાવત્ જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં **૧૨**–મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં **૧૨**–મુહૂર્ત્તની રાત્રિ થાય છે. જ્યારે ઉત્તરાર્ધમાં **૧૨**–મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્દ્ધમાં **૧૨**–મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ–પશ્ચિમમાં **૧૫**–મુહૂર્ત્તનો દિવસ થતો નથી, **૧૫**–મુહૂર્ત્તની રાત્રિ થતી નથી. તે રાત્રિ–દિવસ બંને વ્યુચ્છિન્ન થયેલા જાણવા.

પરંતુ ભગવાન એમ કહે છે કે – તે જંબૂદ્વીપ–દ્વીપમાં સૂર્ય ઉત્તર–પૂર્વમાં ઊગીને પૂર્વ–દક્ષિણમાં જાય છે. પૂર્વ–દક્ષિણમાં ઊગીને દક્ષિણ–પશ્ચિમમાં જાય છે. દક્ષિણ–પશ્ચિમમાં ઊગીને પશ્ચિમ–ઉત્તરમાં જાય છે, પશ્ચિમ–

ઉત્તરમાં ઊગીને ઉત્તર–પૂર્વમાં જાય છે.

તો જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ થાય છે. ત્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ અને પશ્ચિમમાં રાત્રિ થાય છે.

જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વમાં દિવસ હોય છે, ત્યારે પશ્ચિમમાં પણ દિવસ થાય છે. ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણમાં રાત્રિ થાય છે.

જ્યારે દક્ષિણાર્દ્ધમાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વમાં જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે. જ્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વમાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. ત્યારે પશ્ચિમમાં પણ ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરે અને દક્ષિણે જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

એ પ્રમાણે આ ગમ(આલાવા)થી જાણવું,

૧૮ મુહૂર્ત્તાન્તર દિવસમાં સાતિરેક બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે,

૧૭ મુહૂર્ત્તના દિવસમાં ૧૩–મુહૂર્ત્તની રાત્રિ, ૧૭–મુહૂર્ત્તાન્તર દિવસમાં સાતિરેક ૧૩ મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

૧૬–મુહૂર્ત્તમાં દિવસ થાય – ૧૪ મુહૂર્ત્તની રાત્રિ થાય. ૧૬–મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે. સાતિરેક ૧૪ મુહૂર્ત્તા રાત્રિ થાય છે.

૧૫–મુહૂર્ત્તનો દિવસ – ૧૫ મુહૂર્ત્તની રાત્રિ. ૧૫–મુહૂર્ત્તાન્તર દિવસમાં સાતિરેક ૧૫–મુહૂર્ત્તા રાત્રિ થાય છે.

૧૪–મુહૂર્ત્ત દિવસમાં ૧૬–મુહૂર્ત્તા રાત્રિ, ૧૪–મુહૂર્ત્તાન્તર દિવસમાં સાતિરેક ૧૬–મુહૂર્ત્તા રાત્રિ થાય.

૧૩–મુહૂર્ત્ત દિવસમાં ૧૭–મુહૂર્ત્તા રાત્રિ, ૧૩–મુહૂર્ત્તાન્તર દિવસમાં સાતિરેક ૧૭–મુહૂર્ત્તા રાત્રિ થાય.

જઘન્ય ૧૨–મુહૂર્ત્ત દિવસ થાય. ત્યારે ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્ત્તા રાત્રિ થાય છે. એ પ્રમાણે કહેવું,

જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં વર્ષાકાળમાં પ્રથમ સમય હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ વર્ષાનો પ્રથમ સમય હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ–પશ્ચિમમાં અનંતર પુરસ્કૃત કાળ સમયમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે. જ્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતના પૂર્વમાં વર્ષાનો પ્રથમ સમય થાય છે, ત્યારે પશ્ચિમમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે. જ્યારે પશ્ચિમમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુની દક્ષિણે અંતર પશ્ચાત્કૃત્ કાળ સમયમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે.

જેમ સમયનું કથન કર્યું તેમ આવલિકા, આનાપ્રાણ, સ્તોક, લવ, મુહૂર્ત્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ એ પ્રમાણે દશ આલાપકો કહેવા., જેમ વર્ષામાં કહ્યા એ પ્રમાણે હેમંત અને ગ્રીષ્મઋતુના પણ દશ આલાપકો કહેવા.

જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં પ્રથમ અયનમાં હોય છે. ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ પહેલું અયન હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં પ્રથમ અયન હોય છે, ત્યારે દક્ષિણાર્દ્ધમાં પણ પ્રથમ અયન હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં પ્રથમ અયન હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતના પૂર્વ–પશ્ચિમમાં અનંતર પુરસ્કૃત્ કાળ સમયમાં પહેલું અયન હોય છે.

જ્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતના પૂર્વમાં પહેલા અયનમાં હોય છે, ત્યારે પશ્ચિમમાં પણ પહેલાં અયનમાં હોય છે, જ્યારે પશ્ચિમમાં પહેલા અયનમાં હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તર–દક્ષિણમાં અનંતર પશ્ચાત્કૃત્ કાળ સમયમાં પ્રથમ અયન પ્રતિપન્ન થાય છે. જેમ અયન તેમ સંવત્સર, યુગ, વર્ષ શત પણ જાણવા. એ પ્રમાણે સહસ્ર વર્ષ, લક્ષ વર્ષ, પૂર્વાંગ, પૂર્વ, એ પ્રમાણે યાવત્ શીર્ષ પ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ પણ કહેવા.

જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્દ્ધમાં ઉત્સર્પિણી હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ઉત્સર્પિણી હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ઉત્સર્પિણી હોય, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ–પશ્ચિમમાં અવસર્પિણી નથી, ઉત્સર્પિણી નથી, કેમ કે. ત્યાં અવસ્થિત કાળ, હે શ્રમણાયુષ્ય ! કહેલ છે. એ પ્રમાણે ઉત્સર્પિણીમાં પણ જાણવું.

જ્યારે લવણસમુદ્રમાં દાક્ષિણાર્દ્ધમાં દિવસ હોય, ત્યારે લવણસમુદ્રમાં ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય, જ્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય, ત્યારે લવણસમુદ્રમાં પૂર્વ–પશ્ચિમમાં રાત્રિ હોય છે.

જેમ જંબૂદ્વીપમાં તેમજ યાવત્ ઉત્સર્પિણી કહેવું.

તે પ્રમાણે ધાતકીખંડ દ્વીપમાં સૂર્ય ઉત્તર–પૂર્વમાં ઊગી૦ આદિ પૂર્વવત્ કહેવું.

જ્યારે ધાતકીખંડ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય છે, જ્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય છે, ત્યારે ધાતકીખંડ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ–પશ્ચિમમાં રાત્રિ હોય છે. એ પ્રમાણે જંબૂદ્વીપમાં જેમ કહ્યું તેમ પૂર્વવત્ કહેવું.

કાલોદમાં જેમ લવણસમુદ્રમાં કહ્યું તેમ કહેવું. અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં સૂર્ય ઉત્તર–પૂર્વમાં ઊગીને ઈત્યાદિ પૂર્વવત્ બધું કહેવું.

જ્યારે અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં દાક્ષિણાર્દ્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ દિવસ હોય છે, જ્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય ત્યારે અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં મેરુ પર્વતની પૂર્વ–પશ્ચિમમાં રાત્રિ હોય છે. બાકી બધું જેમ જંબૂદ્વીપમાં કહ્યું તેમજ યાવત્ ઉત્સર્પિણી–અવસર્પિણી જાણવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૮–ગુજરાતી અનુવાદ પૂર્ણ**

000

# પ્રાભૃત-૯

સૂત્ર–૪૦

સૂર્ય કેટલાં પ્રમાણયુક્ત પુરુષછાયાથી નિવર્તે છે અર્થાત પડછાયાને ઉત્પન્ન કરે છે ? તેમાં નિશ્ચે આ ત્રણ પ્રતિપત્તિઓ (અન્ય તીર્થિકોની માન્યતા) કહેલી છે –

તેમાં કોઈ અન્યતીર્થિકો એમ કહે છે કે – જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્‌ગલો સંતપ્ત થાય છે. તે સંતપ્યમાન પુદ્‌ગલો તેની પછીના બાહ્ય પુદ્‌ગલોને સંતપ્ત કરે છે. આ તે સમિત તાપક્ષેત્ર છે, એક એ પ્રમાણે કહે છે.

કોઈ અન્યતીર્થિકો વળી એમ કહે છે કે – તે જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્‌ગલો સંતપ્ત થતા નથી. તે અસંતપ્તમાન પુદ્‌ગલો, તેની પછીના બાહ્ય પુદ્‌ગલોને સંતપ્ત કરતા નથી. આ તે સમિત તાપક્ષેત્ર છે.

કોઈ અન્યતીર્થિકો વળી એમ કહે છે કે – જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્‌ગલોમાં કેટલાકને સંતપ્ત કરતાં નથી, કેટલાંક પુદ્‌ગલો સંતપ્ત કરે છે. તેમાં કેટલાક સંતપ્તમાન પુદ્‌ગલો પછીના બાહ્ય પુદ્‌ગલોમાં કેટલાકને સંતાપે છે, કેટલાકને સંતાપતા નથી. આ સમિત તાપક્ષેત્ર છે, એમ કેટલાક કહે છે.

પરંતુ ભગવંત એમ કહે છે કે, જે આ ચંદ્ર–સૂર્ય દેવોના વિમાનોથી લેશ્યા બહારના યથોચિત આકાશક્ષેત્રને પ્રતાપિત કરે છે, આ લેશ્યાના અંતરોમાં અન્યતર છિન્નલેશ્યાઓ સંમૂર્ચ્છિત થાય છે, ત્યારે તે છિન્નલેશ્યાઓ સંમૂર્ચ્છિત થયેલી તદ્ અનંતર બાહ્ય પુદ્‌ગલોને સંતાપિત કરે છે. આ તે સમિત તાપક્ષેત્ર છે.

સૂત્ર–૪૧

સૂર્ય કેટલા પ્રમાણમાં પૌરુષી છાયાને નિર્વર્તે છે ? પુરુષ છાયા ઉત્પત્તિ સમયના વિષયમાં આ પચીશ પ્રતિપત્તિઓ (અન્ય તીર્થિકોની માન્યતા) કહેલી છે –

૧. તેમાં એક એમ કહે છે કે – અનુસમય જ સૂર્ય પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે, તેમ કહેવું.

૨. બીજા કોઈ કહે છે કે અનમુહૂર્ત સૂર્ય પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે, તેમ કહેવું. આ આલાવા વડે જાણવું કે જેવી ઓજ સંસ્થિતિની પચીશ પ્રતિપત્તિઓ કહી તેમજ અહી જાણવી યાવત્ અનુ ઉત્સર્પિણી જ સૂર્ય પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે, તેમ કહેવું. એક એમ કહે છે.

પરંતુ અમે એવું કહીએ છીએ કે – તે સૂર્યનું ઊંચાઈ અને લેશ્યા(પ્રકાશ)ને આશ્રીને છાયાનું કથન કરવામાં આવે છે. સૂર્ય આકાશમાં નીચે હોય અને પ્રકાશ દૂર હોય ત્યારે છાયા મોટી હોય, સૂર્ય આકાશમાં ઉંચે હોય અને પ્રકાશ નજીક હોય ત્યારે છાયા નાની હોય.

તેમાં નિશ્ચે આ બે પ્રતિપત્તિઓ કહેલી છે –એક એમ કહે છે –જે દિવસમાં સૂર્ય ચતુઃપોરીસી છાયાને ઉત્પન્ન કરે છે, તે દિવસે સૂર્ય બે – પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે. એક વળી એમ કહે છે –જે દિવસમાં સૂર્ય બે પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે, તે દિવસે – સૂર્ય કોઈપણ પોરીસી છાયાને ઉત્પન્ન કરતો નથી.

તેમાં જેઓ એમ કહે છે કે જે દિવસમાં સૂર્ય ચતુઃપોરીસી છાયાને ઉત્પન્ન કરે છે, તે દિવસે– સૂર્ય બે પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે. તેઓ એમ કહે છે, જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે અને જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ છે. તે દિવસમાં સૂર્ય ચતુઃપોરીસીની છાયાને ઉત્પન્ન કરે છે, તે ઉદ્‌ગમન મુહૂર્ત્તમાં અને અસ્તમન મુહૂર્ત્તમાં લેશ્યાને વધારતા, પણ ઘટાડતા નહી, તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે. ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટા અઢાર મુહૂર્ત્તા રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. તે દિવસમાં સૂર્ય બે પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે, તે આ પ્રમાણે – ઉદ્‌ગમન મુહૂર્ત્તમાં અને અસ્તમાન મુહૂર્ત્તમાં, લેશ્યાની વૃદ્ધિ કરતાં પણ ઘટાડો ન કરતા.

તેમાં જેઓ એ પ્રમાણે કહે છે –જે દિવસમાં સૂર્ય બે પોરીસી છાયાથી ઉત્પન્ન થાય છે, તે દિવસે સૂર્ય કોઈ જ છાયાને ઉત્પન્ન કરતો નથી, તે એમ કહે છે કે – જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે. તે દિવસમાં સૂર્ય બે પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે. તે આ પ્રમાણે – ઉદ્‌ગમન મુહૂર્ત્તમાં અને અસ્તમન મુહૂર્ત્તમાં લેશ્યાને વધારે, પણ ઘટાડે નહીં.

જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તા રાત્રિ થાય છે. જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. તે દિવસમાં સૂર્ય કોઈ પોરીસી છાયાને ઉત્પન્ન કરતો નથી. તે આ પ્રમાણે – ઉદ્‌ગમન મુહૂર્ત્તમાં અને અસ્તમન મુહૂર્ત્તમાં લેશ્યાની વૃદ્ધિ કરતા કે હાનિ કરતા,

સૂર્ય ક્યા સ્થાનમાં કેટલી પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે ? તેમાં આ ૯૬–પ્રતિપત્તિઓ કહેલી છે –

તેમાં કોઈ એક એમ કહે છે – તે દેશમાં, જે દેશમાં સૂર્ય એક પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે. વળી એક એમ કહે છે – તે દેશમાં, જે દેશમાં સૂર્ય બે પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે આ આલાવા વડે જાણવું યાવત્ ૯૬–પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે.

તેમાં જેઓ એમ કહે છે કે – તે દેશમાં, જે દેશમાં સૂર્ય એક પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે, તેઓ એમ કહે છે કે – તે સૂર્યની સૌથી નીચલી સૂર્ય પરિધિથી બાહ્ય અભિનિસૃષ્ટ લેશ્યા વડે તાડ્યમાન આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી જેટલે સૂર્ય ઉર્ધ્વ ઉચ્ચત્વથી આટલી એક અદ્ધા વડે એક છાયાનુમાન પ્રમાણથી, ત્યાં તે સૂર્ય એક પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે.

તેમાં જેઓ એમ કહે છે કે – તે દેશે, જે દેશમાં સૂર્ય બે પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે, તેઓ એમ કહે છે – તે સૂર્યની સૌથી નીચેની સૂર્ય પરિધિથી બાહ્ય અભિનિસૃષ્ટ લેશ્યા વડે તાડ્યમાણ આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી જેટલો સૂર્ય ઉર્ધ્વ ઉચ્ચ્વથી આટલી બે અદ્ધા વડે બે છાયા ઉન્માન–પ્રમાણથી, અહીં તે સૂર્ય બે પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે જાણવું યાવત્ તેમાં જેઓ એમ કહે છે –

તે દેશે, જે દેશમાં સૂર્ય ૯૬–પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે, તેઓ એમ કહે છે કે – સૂર્યની સૌથી નીચેની સૂર્ય પરિધિથી બહાર અભિનિસૃષ્ટ લેશ્યા વડે તાડિજ્જમાન, આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી જેટલે સૂર્ય ઉર્ધ્વ ઉચ્ચત્વથી આટલી૯૬–છાયાનું પ્રમાણથી માપતા અહીં તે સૂર્ય ૯૬–પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે.

અમે (ભગવંત)એમ કહીએ છીએ કે – સાતિરેક ૫૯ પોરીસીથી સૂર્ય પોરીસી છાયાને ઉત્પન્ન કરે છે.

દિવસનો કેટલા ભાગ ગયા કે બાકી રહ્યા પછી અપાર્દ્ધ પોરીસી છાયા રહે ? દિવસનો ત્રીજો ભાગ જતા કે બાકી રહેતા અર્દ્ધપુરુષ પ્રમાણ છાયા હોય.

દિવસનો કેટલો ભાગ વ્યતીત થતા કે શેષ રહેતા પુરુષ છાયા વસ્તુ જેવડી થાય ? દિવસનો ચોથો ભાગ વ્યતીત થતા કે શેષ રહેતા પુરુષ છાયા જેવડી વસ્તુ નિષ્પન્ન થાય.

દિવસનો કેટલો ભાગ વ્યતીત થતા કે શેષ રહેતા દોઢ પુરુષ છાયા જેવડી વસ્તુ થાય ? દિવસના પાંચ ભાગ વ્યતીત થતા કે શેષ રહેતા દોઢ પુરુષ છાયા જેવડી વસ્તુ થાય.

એ પ્રમાણે અર્દ્ધ પોરીસી છોડી–છોડીને પૃચ્છા કરવી અને ઉત્તર આપવા...

દિવસનો કેટલો ભાગ વ્યતીત થતા કે શેષ રહેતા સાડી અઠાવનગુણી પુરુષ છાયા નિષ્પન્ન થાય ? દિવસનો ૧૧૯ મો ભાગ ભાગ વ્યતીત થતા કે શેષ રહેતા સાદી અઠાવનગુણી પુરુષ છાયા નિષ્પન્ન થાય.

દિવસનો કેટલો ભાગ વ્યતીત થતા કે શેષ રહેતા ૫૯ ગુણી પુરુષ છાયા નિષ્પન્ન થાય ? ૧૨૦ ભાગ શેષ રહેતા.

દિવસનો કેટલો ભાગ વ્યતીત થતા કે શેષ રહેતા સાધિક ૫૯ ગુણી પુરુષ છાયા ? સૂર્યોદય અને સૂર્યાસ્ત

સમયે સાધિક ૫૯ પુરુષ છાયા હોય.

છાયા ૨૫ પ્રકારે કહેલી છે, તે આ રીતે –૧. સ્તંભછાયા, ૨.રજ્જુછાયા, ૩.પ્રાકારછાયા, ૪.પ્રાસાદછાયા, ૫.ઉદ્‌ગમ છાયા, ૬.ઉચ્ચત્વ છાયા, ૭.અનુલોમ છાયા, ૮.પ્રતિલોમ છાયા, ૯.આરંભિકા, ૧૦.અપહતા, ૧૧.સમા, ૧૨.પ્રતિહતા, ૧૩.ખીલછાયા, ૧૪.પક્ષછાયા, ૧૫.પૂર્વ ઉદગ્રા, ૧૬.પૂર્વકંઠ ભાવોપગત, ૧૭.પશ્ચિમ કંઠોપગતા, ૧૮.છાયાનુવાદિની, ૧૯.કંઠાનુવાદિની છાયા, ૨૦.છાયચ્છાયા, ૨૧.વિકલ્પછાયા, ૨૨.વિહાયછાયા, ૨૩.કટછાયા, ૨૪.ગોલચ્છાયા, ૨૫.પૃષ્ઠતોદયાછાયા.

તેમાં ગોલચ્છાયા આઠ ભેદે છે – ગોલ છાયા, અપાર્દ્ધગોલ છાયા, ગાઢગોલ છાયા, અપાર્દ્ધગાઢગોલ છાયા, ગોલાવલિ છાયા, અપાર્દ્ધ ગોલાવલિ છાયા, ગોલપુંજ છાયા, અપાર્દ્ધગોલપુંજ છાયા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૯– ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# પ્રાભૃત–૧૦

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧

સૂત્ર–૪૨

નક્ષત્રો ક્યા ક્રમથી આવલિકાનિપાત અર્થાત સૂર્ય અને ચંદ્ર સાથે યોગ કરે છે ? નક્ષત્રોના સૂર્ય અને ચંદ્ર સાથે યોગના ક્રમ વિષયક અન્યતિર્થીકોની આ પાંચ પ્રતિપત્તિઓ (માન્યતા)કહેલી છે –

એક એમ કહે છે– કૃતિકાથી ભરણી સુધી બધાં પણ નક્ષત્રો સૂર્ય અને ચંદ્ર સાથે યોગ કરે છે.

બીજો કહે છે – બધાં નક્ષત્રો મઘાથી આશ્લેષા સુધી સૂર્ય અને ચંદ્ર સાથે યોગ કરે છે.

ત્રીજો વળી કહે છે કે – બધા નક્ષત્રો ધનિષ્ઠાથી શ્રવણ સુધીના સૂર્ય અને ચંદ્ર સાથે યોગ કરે છે.

ચોથો કહે છે – બધા નક્ષત્રો અશ્વિનીથી રેવતી સુધી સૂર્ય અને ચંદ્ર સાથે યોગ કરે છે.

પાંચમો કહે છે – બધા નક્ષત્રો ભરણીથી અશ્વિની સુધી સૂર્ય અને ચંદ્ર સાથે યોગ કરે છે.

અમે એમ કહીએ છીએ કે – બધા પણ નક્ષત્રો અભિજીતથી ઉત્તરાષાઢા સુધીના કહેલા છે. તે આ રીતે – અશ્વિની, શ્રવણ યાવત્ ઉત્તરાષાઢા, તે સૂર્ય અને ચંદ્ર સાથે યોગ કરે છે.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૨

સૂત્ર–૪૩

નક્ષત્રો કેટલા મુહુર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે ? આ **૨૮**–નક્ષત્રોમાં કેટલાક નક્ષત્રો એવા છે, જે નવ મુહૂર્ત અને **૨૭/૬૭** ભાગ ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે **૧૫** મુહૂર્તમાં ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે **૧૫** મુહૂર્તમાં ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે **૪૫**–મુહૂર્તથી ચંદ્રની સાથે યોગ કરે છે.

આ **૨૮**–નક્ષત્રોમાં કેટલા નક્ષત્રો છે, જે૯–**૨૭/૬૭** મુહૂર્તના ચંદ્ર સાથે યોગ કરે છે. કેટલા નક્ષત્રો છે, જે **૧૫**–મુહૂર્તમાં ચંદ્ર સાથે યોગ કરે છે. કેટલા નક્ષત્રો **૩૦** મુહૂર્તમાં ચંદ્રની સાથે યોગ કરે છે. કેટલા નક્ષત્રો **૪૫**–મુહૂર્તમાં ચંદ્રની સાથે યોગ કરે છે?

આ **૨૮**–નક્ષત્રોમાં, જે નક્ષત્રો૯–**૨૭/૬૭** મુહૂર્તમાં ચંદ્રની સાથે યોગ કરે છે, તે એક અભિજિત નક્ષત્ર છે. તેમાં જે નક્ષત્રો **૧૫**–મુહૂર્તથી ચંદ્ર સાથે યોગ કરે છે તે છ છે. તે આ – શતભિષક્, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ, જ્યેષ્ઠા. તેમાં જે નક્ષત્રો ત્રીશ મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે, તેવા **૧૫** છે, તે આ – શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વાભાદ્રપદા, રેવતી, અશ્વિની, કૃતિકા, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂલ, પૂર્વાષાઢા, તેમાં જે નક્ષત્રો **૪૫**–મુહૂર્તથી ચંદ્ર સાથે યોગ કરે છે, તે છ છે – ઉત્તરાભાદ્રપદ, રોહિણી, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, વિશાખા, ઉત્તરાષાઢા.

સૂત્ર–૪૪

આ **૨૮**–નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો છે, જે ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સૂર્યની સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે છ અહોરાત્ર અને **૨૧**–મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે **૧૩** અહોરાત્ર અને **૧૨**–મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે **૨૦** અહોરાત્ર અને ત્રણ મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે. આ **૨૮** નક્ષત્રોમાં કેટલા નક્ષત્રો છે, જે ચાર અહોરાત્ર અને છ મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે? યાવત્ કેટલાક નક્ષત્રો છે, જે **૨૦** અહોરાત્રમાં સૂર્ય સાથે યોગ કરે છે ?

આ **૨૮** નક્ષત્રોમાં જે નક્ષત્રો ચાર અહોરાત્ર અને છ મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે તે અભિજિત છે. તેમાં જે નક્ષત્રો છ અહોરાત્ર અને **૨૧**–મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે તે છ કહ્યા છે – શતભિષજ, ભરણી, આર્દ્રા, આશ્લેષા,

સ્વાતિ, જ્યેષ્ઠા. તેમાં જે નક્ષત્રો **૧૩** અહોરાત્ર અને **૧૨**–મુહૂર્તમાં સૂર્યની સાથે યોગ કરે છે, તે **૧૫** છે. તે આ – શ્રવણ, ઘનિષ્ઠા, પૂર્વાભાદ્રપદા, રેવતી, અશ્વિની, કૃતિકા, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂળ, પૂર્વાષાઢા. તેમાં જે નક્ષત્રો **૨૦**–અહોરાત્ર અને ત્રણ મુહૂર્તથી સૂર્ય સાથે યોગ કરે છે તેવા છ છે – ઉત્તરાભાદ્રપદ, રોહિણી, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, વિશાખા અને ઉત્તરાષાઢા.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૩

સૂત્ર–૪૫

નક્ષત્રોના પૂર્વ ભાગાદિ યોગ કેટલા કહ્યા છે ? આ **૨૮** નક્ષત્રોમાં એ નક્ષત્રો છે જે પૂર્વભાગા અને સમક્ષેત્ર કહેલા છે. એવા નક્ષત્રો છે, તે ૩૦ મુહુર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. જે પશ્ચાત્ ભાગા અને સમક્ષેત્ર છે, તે પણ **૩૦** મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. એવા નક્ષત્રો છે જે રાત્રિગત અપાર્દ્ધ ક્ષેત્રવાલા છે, તે **૧૫**–મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે, એવા નક્ષત્રો છે, જે ઉભયભાગ, દોઢ ક્ષેત્રવાળા છે, તે **૪૫**–મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે.

તે આ **૨૮** નક્ષત્રોમાં કેટલા નક્ષત્ર પૂર્વ ભાગ સમક્ષેત્ર **૩૦**–મુહૂર્તવાળા કહેલા છે ? યાવત્ કેટલા નક્ષત્રો ઉભય ભાગા દ્વીપાર્દ્ધક્ષેત્રા **૪૫**–મુહૂર્તવાળા કહેલા છે ?

આ **૨૮**–નક્ષત્રોમાં જે નક્ષત્રો પૂર્વભાગ – સમક્ષેત્ર અને **૩૦**–મુહૂર્તવાળા કહ્યા તે છ છે – પૂર્વા પ્રોષ્ઠપદા, કૃતિકા, મઘા, પૂર્વા ફાલ્ગુની, મૂળ, પૂર્વાષાઢા. તેમાં જે નક્ષત્રો પશ્ચાત્ ભાગા–સમક્ષેત્રા અને **૩૦** મુહૂર્તવાળા કહ્યા તે દશ છે – અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, રેવતી, અશ્વિની, મૃગશીર્ષ, પુષ્ય, હસ્ત, ચિત્રા, અનુરાધા અને જે નક્ષત્રો રાત્રિગત અને અર્દ્ધ ક્ષેત્રવાળા, **૧૫**–મુહૂર્તના કહ્યા, તે છ છે – શતભિષજ, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા. તેમાં જે નક્ષત્રો ઉભયભાગા–દોઢ ક્ષેત્ર અને **૪૫**–મુહૂર્તવાળા કહ્યા તે છ છે – ઉત્તરાપ્રૌષ્ઠપદા, રોહિણી, પુનર્વસુ, ઉત્તરા ફાલ્ગુની, વિશાખા અને ઉત્તરાષાઢા.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૪

સૂત્ર–૪૬

નક્ષત્રોના યોગની આદિ ક્યાં અને કેવી રીતે થાય છે ? અભિજિત અને શ્રવણ, બંને નક્ષત્રો પશ્ચાત્ ભાગ સમક્ષેત્ર સાતિરેક ૩૯ મુહૂર્તવાળા છે, તે પહેલા સંધ્યાકાળે ચંદ્ર સાથે યોગ કરે છે, પછી સાતિરેક બીજા દિવસ સાથે, એ પ્રમાણે અભિજિત અને શ્રવણ બંને નક્ષત્રો એક રાત્રિ અને એક સાતિરેક દિવસ ચંદ્ર સાથે યોગ કરે છે. યોગ કરીને યોગને અનુપરિવર્તન કરે છે. યોગને અનુપરિવર્તિત કરીને સાંજે ચંદ્રને ઘનિષ્ઠા નક્ષત્રને સોંપે છે.

તે ઘનિષ્ઠા નક્ષત્ર પશ્ચાત્ ભાગ અને સમક્ષેત્ર છે, તે **૩૦**–મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. તે પહેલા સંધ્યાકાળે ચંદ્રની સાથે યોગ કરે છે, કરીને ચંદ્ર સાથે યોગ કર્યા પછી રાત્રિ અને બીજો દિવસ જોડાય છે. એ રીતે ઘનિષ્ઠા નક્ષત્ર એક રાત્રિ અને એક દિવસ ચંદ્ર સાથે યોગ કરે છે, કરીને યોગને અનુપરિવર્તિત કરે છે, યોગને અનુપરિવર્તન કરીને સાંજે ચંદ્રને શતભિષજ નક્ષત્રને સોંપે છે.

તે શતભિષજ નક્ષત્ર રાત્રિગત, અપાર્દ્ધક્ષેત્ર, **૧૫**–મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. પહેલા સાંજે ચંદ્ર સાથે યોગ કરે છે. યોગ કરીને યોગને અનુપરિવર્તિત કરે છે, કરીને તે ચંદ્ર પૂર્વ પ્રૌષ્ઠપ્રદા નક્ષત્રને ચંદ્ર સમર્પિત કરે છે.

તે પૂર્વ પ્રૌષ્ઠપ્રદા નક્ષત્ર પૂર્વ ભાગ સમક્ષેત્ર **૩૦**–મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે, તે પહેલા પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ કરે છે. પછી રાત્રિના. એ પ્રમાણે પૂર્વ પ્રૌષ્ઠપ્રદા નક્ષત્ર એક દિવસ અને એક રાત્રિ ચંદ્ર સાથે યોગ કરે છે, કરીને યોગને અનુપરિવર્તિત કરે છે, કરીને પ્રાતઃકાળે ચંદ્ર ઉપર પ્રૌષ્ઠપ્રદાને સમર્પિત કરે છે.

તે ઉત્તરપ્રૌષ્ઠપ્રદા નક્ષત્ર ઉભય ભાગ, દોઢ ક્ષેત્ર, ૪૫–મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. તે પહેલા પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ કરે છે, પછી રાત્રિના, પછી બીજા દિવસે કરે છે. એ પ્રમાણે ઉત્તર પ્રૌષ્ઠપ્રદા નક્ષત્ર બે દિવસ અને એક રાત્રિમાં ચંદ્ર સાથે યોગ કરે છે, પછી રાત્રિના, પછી બીજો દિવસ, એ પ્રમાણે ઉત્તરાપ્રૌષ્ઠપ્રદા નક્ષત્ર બે દિવસ અને એક રાત્રિ ચંદ્ર સાથે યોગ કરે છે, કરીને યોગને અનુપરિવર્તન કરે છે, સાંજે ચંદ્ર રેવતી નક્ષત્રને સોંપે છે.

રેવતી નક્ષત્ર પશ્ચાત્ ભાગ સમક્ષેત્ર ૩૦–મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. પ્રથમ સંધ્યાકાળે ચંદ્ર સાથે યોગ કરે છે. ત્યારપછી બીજા દિવસે કરે છે. એ પ્રમાણે રેવતી નક્ષત્રમાં એક રાત્રિ અને એક દિવસ ચંદ્ર સાથે યોગ કરે છે, કરીને યોગ અનુપરિવર્તિત કરે છે. પછી સાંજે ચંદ્રને અશ્વિની નક્ષત્રને સોંપે છે.

અશ્વિની નક્ષત્ર પશ્ચિમ ભાગ, સમક્ષેત્ર, ૩૦–મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. તે પહેલાં સાંજે ચંદ્ર સાથે યોગ કરે છે, પછી બીજા દિવસે કરે. એ રીતે અશ્વિની નક્ષત્ર એક રાત્રિ અને એક દિવસ ચંદ્ર સાથે યોગ કરે છે. પછી યોગને અનુપરિવર્તે છે. પછી સાંજે ચંદ્રને ભરણી નક્ષત્રને સમર્પે છે.

ભરણી નક્ષત્ર રાત્રિગત, અપાર્દ્ધ ક્ષેત્ર, ૧૫–મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. તે પહેલા સાંજે ચંદ્ર સાથે યોગ કરે છે. બીજા દિવસે યોગ ન કરે, એમ ભરણી નક્ષત્ર એક રાત્રિ ચંદ્ર સાથે યોગ કરે છે, કરીને યોગને અનુપરિવર્તે છે. પછી પ્રાતઃકાળે ચંદ્ર કૃતિકાને સોંપે છે.

કૃતિકા નક્ષત્ર પૂર્વભાગ સમક્ષેત્ર ૩૦–મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. તે પહેલા સાંજે ચંદ્ર સાથે યોગ કરે છે. કરીને યોગને અનુપરિવર્તિત કરે છે, કરીને પ્રાતઃકાળે ચંદ્ર રોહિણી નક્ષત્રને સોંપે છે.

રોહિણી નક્ષત્રનું કથન, ઉત્તરા ભાદ્રપદ માફક કરવું. મૃગશીરનું–ધનિષ્ઠા માફક, આર્દ્રાનું–શતભિષા માફક, પુનર્વસુનું–ઉત્તરાભાદ્રપદ માફક, પુષ્યનું–ધનિષ્ઠા માફક, આશ્લેષાનું–શતભિષા માફક, મઘાનું માફક, પૂર્વા ફાલ્ગુની માફક, પૂર્વાફાલ્ગુનીનું–પૂર્વા ભાદ્રપદવત્ માફક , ઉત્તરાફાલ્ગુનીનું–ઉત્તરા ભાદ્રપદવત્, હસ્ત અને ચિત્રાનું ધનિષ્ઠાવત્, સ્વાતિનું–શતભિષાવત્, વિશાખાનું–ઉત્તરાભાદ્રપદવત્, અનુરાધાનું–ધનિષ્ઠાવત્, શતભિષા, મૂળ અને પૂર્વાષાઢાનું કથન – પૂર્વભાદ્રપદાવત્ અને ઉત્તરાષાઢા નક્ષત્રનું કથન ઉત્તરાભાદ્રપદ માફક જાણવું.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૫

સૂત્ર–૪૭

કુલ સંજ્ઞક, ઉપકુલ સંજ્ઞક, કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રો કેટલા અને ક્યા છે ? ૨૮ નક્ષત્રોમાં આ બાર નક્ષત્રો કુલ સંજ્ઞક, બાર નક્ષત્રો ઉપકુલ સંજ્ઞક, ચાર નક્ષત્રો કુલોપકુલ સંજ્ઞક કહેલા છે.

બાર સંજ્ઞક નક્ષત્રો આ રીતે – ધનિષ્ઠા, ઉત્તરાભાદ્રપદ, અશ્વિની, કૃતિકા, સંઠાણા, પુષ્ય, મઘા, ઉત્તરાફાલ્ગુની, ચિત્રા, વિશાખા, મૂળ, ઉત્તરાષાઢા. બાર ઉપકુલ સંજ્ઞક નક્ષત્રો છે – શ્રવણ, પૂર્વાપ્રૌષ્ઠપ્રદા, રેવતી, ભરણી, પુનર્વસુ, આશ્લેષા, પૂર્વા ફાલ્ગુની, હસ્ત, સ્વાતિ, જ્યેષ્ઠા, પૂર્વાષાઢા, ચાર કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રો કહ્યા છે – અભિજિત, શતભિષા, આર્દ્રા અને અનુરાધા.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૬

સૂત્ર–૪૮

આપે પૂર્ણિમા કેટલી અને કઈ કહી છે ? નિશ્ચે આ બાર પૂર્ણિમા અને બાર અમાસ કહેલી છે. તે આ રીતે – શ્રાવિષ્ઠી, પ્રૌષ્ઠપદી, આસોજા, કૃતિકા, મૃગશિર્ષી, પોષી, માઘી, ફાલ્ગુની, ચૈત્રી, વૈશાખી, જ્યેષ્ઠામૂલી, આષાઢી.

તે શ્રાવિષ્ઠી પૂર્ણિમા કેટલા નક્ષત્રનો યોગ કરે છે? ત્રણ નક્ષત્રોનો. તે આ – અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા.

તે પ્રૌષ્ઠપદી પૂર્ણિમા કેટલા નક્ષત્રોને યોગ કરે છે ? ત્રણ નક્ષત્રનો.– શતભિષજા, પૂર્વાષાઢા, ઉત્તરાપ્રૌષ્ઠપદા.

તે આસોની પૂર્ણિમા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો – રેવતી અને અશ્વિની.

તે કાર્તિકી પૂર્ણિમા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો – ભરણી અને કૃતિકા.

માર્ગશીર્ષી પૂનમ કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો – રોહિણી અને મૃગશીર્ષ.

પોષી પૂર્ણિમા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? ત્રણ નક્ષત્રોનો – આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય.

માઘી પૂર્ણિમા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો – આશ્લેષા અને મઘા,

ફાલ્ગુની પૂર્ણિમા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો – પૂર્વાફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની.

ચૈત્રી પૂર્ણિમા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો – હસ્ત અને ચિત્રા.

વૈશાખી પૂર્ણિમા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? બે નક્ષત્રનો – સ્વાતિ, વિશાખા.

જ્યેષ્ઠામૂલી પૂર્ણિમા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો – પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા.

સૂત્ર-૪૯

તે શ્રાવિષ્ઠી પૂર્ણિમા કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે કે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે ? તે કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે કે ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો નો યોગ કરે કે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે. કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરતા ઘનિષ્ઠા નક્ષત્રનો યોગ કરે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરતા શ્રવણ નક્ષત્રનો યોગ કરે છે. કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરતા અભિજિત નક્ષત્રનો યોગ કરે છે. એ રીતે શ્રાવિષ્ઠી પૂર્ણિમા કુલ-ઉપકુલ કે કુલોપકુલ સાથે જોડાયેલ શ્રાવિષ્ઠી પૂર્ણિમા કહેવી.

તે પ્રૌષ્ઠપદી પૂર્ણિમા શું કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે કે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે ? તે કુલનો, ઉપકુલનો કે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે. કુલનો યોગ કરતા ઉત્તરાપ્રૌષ્ઠપદા નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરતા પૂર્વા પ્રૌષ્ઠપદ નક્ષત્રનો યોગ કરે છે, કુલોપકુલનો યોગ કરતા શતભિષજ નક્ષત્રનો યોગ કરે છે. એ રીતે. પ્રૌષ્ઠપદી પૂર્ણિમાને કુલ-ઉપકુલ કે કુલોપકુલ સાથે જોડાયેલ પ્રૌષ્ઠપદી પૂર્ણિમાકહેવી.

આસોજ પૂર્ણિમા કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે કે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે ? તે કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે, પણ કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ પામતા નથી. કુલનો યોગ કરતા અશ્વિની નક્ષત્રમાં યોગ કરે છે. ઉપકુલનો યોગ કરતા રેવતી નક્ષત્રનો યોગ કરે છે. એ રીતે. આસોજ પૂર્ણિમા કુલ સાથે યુક્ત કે ઉપકુલ સાથે યુક્ત આસોજ પૂર્ણિમા છે તેમ કહેવાય છે.

પોષપૂર્ણિમા અને જ્યેષ્ઠામૂલ પૂર્ણિમા કુલોપકુલનો યોગ કરે છે. બાકીની પૂર્ણિમાને કુલોપકુલ નથી.

શ્રાવિષ્ઠી અમાવાસ્યા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? બે નક્ષત્રનો યોગ કરે છે. તે આ – આશ્લેષા અને મઘા.

એ પ્રમાણે આ અભિલાપ વડે જાણવું કે પ્રૌષ્ઠપદી અમાવાસ્યા બે નક્ષત્રનો યોગ કરે છે – પૂર્વ ફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની. અશ્વયુજી અમાવાસ્યા હસ્ત અને ચિત્રાનો, કાર્તિકી અમાવાસ્યા સ્વાતિ અને વિશાખાનો. મૃગશીર્ષી અમાવાસ્યા અનુરાધા અને જ્યેષ્ઠા મૂલીનો, પોષી અમાવાસ્યા પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢાનો, માઘી અમાવાસ્યા અભિજિત શ્રવણ અને ઘનિષ્ઠાનો, ફાલ્ગુની અમાવાસ્યા શતભિષજ, પૂર્વ પ્રૌષ્ઠપદા અને ઉત્તર પ્રૌષ્ઠપદાનો. ચૈત્રી અમાવાસ્યા રેવતી અને અશ્વિનીનો. વૈશાખી અમાવાસ્યા ભરણી અને કૃતિકાનો, જ્યેષ્ઠામૂલી અમાવાસ્યા રોહિણી અને મૃગશીર્ષ નક્ષત્રનો યોગ કરે છે.

આષાઢી અમાવાસ્યા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? તે ત્રણ નક્ષત્રનો યોગ કરે છે. તે આ- આર્દ્રા, પુનર્વસુ, પુષ્યનો.

તે શ્રાવિષ્ઠી અમાવાસ્યા શું કુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે કે કુલોપકુલ

સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે ? તે કુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે કે ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે. કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરતી નથી. કુલનો યોગ કરતા મઘા નક્ષત્રનો યોગ કરે છે. ઉપકુલનો યોગ કરતા આશ્લેષનો યોગ કરે છે. કુલ કે ઉપકુલ સાથે યુક્ત શ્રાવિષ્ઠી અમાસ છે એમ જાણવું. વિશેષ એ કે – મૃગશીર્ષિ, માઘી, આષાઢી અમાવાસ્યા કુલોપકુલનો યોગ કરે છે બાકીનીને નથી.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૭

**સૂત્ર–૫૦**

પૂર્ણિમા અને અમાવાસ્યામાં સન્નિપાત–નક્ષત્રનો સંયોગ કઈ રીતે કહેલ છે ? જ્યારે શ્રાવિષ્ઠી પૂર્ણિમા હોય છે, ત્યારે અમાવાસ્યા મઘા નક્ષત્ર યુક્ત હોય છે. જ્યારે મઘાયુક્ત પૂર્ણિમા હોય ત્યારે શ્રાવિષ્ઠી અમાસ હોય છે.

જ્યારે પ્રૌષ્ઠપદી પૂર્ણિમા હોય છે, ત્યારે ફાલ્ગુની અમાસ હોય છે. જ્યારે ફાલ્ગુની પૂર્ણિમા હોય છે, ત્યારે પ્રૌષ્ઠપદી અમાસ થાય છે. જ્યારે આસોજા પૂર્ણિમા હોય છે, ત્યારે ચૈત્રી અમાવાસ્યા થાય છે, જ્યારે ચૈત્રી પૂર્ણિમા હોય છે, ત્યારે આસોજા અમાસ થાય છે.

જ્યારે કાર્તિકા પૂર્ણિમા હોય, ત્યારે વૈશાખી અમાવાસ્યા હોય છે. જ્યારે વૈશાખી પૂર્ણિમા હોય છે, ત્યારે કાર્તિકી અમાસ થાય છે. જ્યારે મૃગશીર્ષી પૂર્ણિમા હોય છે ત્યારે જ્યેષ્ઠામૂલી અમાવાસ્યા થાય છે, જ્યારે જ્યેષ્ઠામૂલી પૂર્ણિમા હોય ત્યારે મૃગશીર્ષી અમાસ થાય છે.

જ્યારે પૌષી પૂર્ણિમા હોય છે, ત્યારે અષાઢી અમાવાસ્યા થાય છે, જ્યારે આષાઢી પૂર્ણિમા હોય છે, ત્યારે પૌષી અમાવાસ્યા થાય છે.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૮

**સૂત્ર–૫૧**

નક્ષત્રની સંસ્થિતિ(આકાર) કઈ રીતે છે? આ અટ્ઠાવીશ નક્ષત્રોમાં અભિજિત્ નક્ષત્ર કયા આકારે છે ? ગોશીર્ષની પંક્તિ આકારે છે. શ્રવણ નક્ષત્ર કયા આકારે છે ? તે કાવડ આકારે છે. ધનિષ્ઠા નક્ષત્ર કયા આકારે છે ? તે શકુનીપલીનક આકારે છે. શતભિષજા નક્ષત્ર કયા આકારે છે ? પુષ્પોપચાર આકારે છે. પૂર્વપ્રૌષ્ઠપદા નક્ષત્ર કયા આકારે છે ? અર્ધવાપી આકારે છે. એ રીતે ઉત્તરાપ્રૌષ્ઠપદા પણ જાણવું. રેવતીનક્ષત્ર કયા આકારે છે? નૌકા આકારે છે

અશ્વિની નક્ષત્ર કયા આકારે છે ? અશ્વસ્કંધ આકારે છે. ભરણી નક્ષત્ર કયા આકારે છે ? ભગ આકારે છે. કૃતિકા નક્ષત્ર કયા આકારે છે? અસ્ત્રાની ધારના આકારે છે. રોહિણી નક્ષત્ર કયા આકારે છે? ગાડાની ઉંધના આકારે છે. મૃગશીર્ષ નક્ષત્ર કયા આકારે છે? મૃગના શિરની પંક્તિ આકારે છે. આર્દ્રા નક્ષત્ર કયા આકારે છે ? લોહીના બિંદુ આકારે છે. પુનર્વસુ નક્ષત્ર કયા આકારે છે ? તુલા આકારે છે. પુષ્ય નક્ષત્ર કયા આકારે છે ? વર્દ્ધમાન આકારે છે.

આશ્લેષા નક્ષત્ર કયા આકારે છે ? પતાકા આકારે છે. મઘા નક્ષત્ર કયા આકારે છે ? પ્રાકાર આકારે છે. પૂર્વા–ફાલ્ગુની નક્ષત્ર કયા આકારે છે ? અર્દ્ધ પલ્યંક આકારે છે. એ પ્રમાણે ઉત્તરા ફાલ્ગુની પણ જાણવું. હસ્તનક્ષત્ર કયા આકારે છે ? હસ્ત આકારે છે. ચિત્રાનક્ષત્ર કયા આકારે છે? પ્રસન્ન મુખ આકારે છે. સ્વાતિ નક્ષત્ર કયા આકારે છે? ખીલ સમાન છે. વિશાખા નક્ષત્ર કયા આકારે છે? દામની આકારે છે. અનુરાધા નક્ષત્ર કયા આકારે છે? એકાવલી આકારે છે. જ્યેષ્ઠા નક્ષત્ર કયા આકારે છે? ગજદંત આકારે છે. મૂલનક્ષત્ર કયા આકારે છે? વીંછીની પૂંછના આકારે છે. પૂર્વાષાઢા નક્ષત્ર કયા આકારે છે? ગજ વિક્રમ આકારે છે. ઉત્તરાષાઢા નક્ષત્ર કયા આકારે છે? સ્વાતિ આકારે છે.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૯

**સૂત્ર–૫૨**

કઈ રીતે તે તારાઓનું પ્રમાણ કહેલ છે ? આ અટ્ઠાવીશ નક્ષત્રોમાં અભિજિત નક્ષત્ર કેટલા તારાવાળું છે ? ત્રણ તારાવાળું છે. શતભિષજ નક્ષત્ર કેટલા તારાવાળુ છે ? સાત તારાવાળુ છે. પૂર્વ પ્રૌષ્ઠપદા કેટલા તારાવાળું છે ? બે તારક છે. એ રીતે ઉત્તરા પ્રૌષ્ઠપદા પણ જાણવું. રેવતી નક્ષત્ર કેટલા તારાવાળું છે ? બત્રીશ તારક છે. અશ્વિની નક્ષત્ર કેટલા તારાવાળું છે ? ત્રિતારક છે. એ પ્રમાણે બધે જ પૂછવું જોઈએ.

ભરણી ત્રિ તારક, કૃતિકા છ તારક, રોહિણી પંચ તારક, શ્રવણ ત્રિતારક, આર્દ્રા એક તારક, પુનર્વસુ પંચ તારક, પુષ્ય નક્ષત્ર ત્રિ તારક, આશ્લેષા છ તારક, મઘા સાત તારક, પૂર્વાફાલ્ગુની બે તારક, એ પ્રમાણે ઉત્તરા ફાલ્ગુની પણ જાણવું. હસ્ત પાંચ તારક, ચિત્રા એક તારક, સ્વાતિ એક તારક, વિશાખા પાંચ તારક, અનુરાધા પાંચ તારક, જ્યેષ્ઠા ત્રિતારક, મૂલ એક તારક, પૂર્વાષાઢા ચાર તારક અને ઉત્તરાષાઢા નક્ષત્ર ચાર તારાવાળું કહેલ છે.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૦

**સૂત્ર–૫૩**

કેટલા નક્ષત્ર માસ(મહિના)ને પરિવહન કરે છે ? વર્ષાના પહેલા માસને કેટલા નક્ષત્રને પૂર્ણ કરે છે ? શ્રાવણ માસને ચાર નક્ષત્ર પરિવહન કરે છે, તે આ – ઉત્તરાષાઢા, અભિજિત, શ્રવણ અને ઘનિષ્ઠા. ઉત્તરાષાઢા ચૌદ અહોરાત્રથી પૂર્ણ થાય, અભિજિત સાત અહોરાત્રથી, શ્રવણ આઠ અહોરાત્રથી, ઘનિષ્ઠા નક્ષત્ર એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં ચાર અંગુલ પોરીસી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના ચરિમ દિવસમાં બે પાદ અને ચાર અંગુલ પોરીસી થાય છે.

તે વર્ષાના બીજા માસને કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? ચાર નક્ષત્રો – ઘનિષ્ઠા, શતભિષજા, પૂર્વપ્રૌષ્ઠપદા, ઉત્તર–પ્રૌષ્ઠપદા. ઘનિષ્ઠા ચૌદ અહોરાત્રથી, શતભિષજા સાત અહોરાત્રથી, પૂર્વાભાદ્રપદા આઠ અહોરાત્રથી અને ઉત્તરા પ્રૌષ્ઠ–પદા એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં આઠ અંગુલ પોરીસી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના ચરિમ દિવસે બે પાદ અને આઠ આંગળ પોરીસી હોય છે.

તે વર્ષાનો ત્રીજો માસ કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? તેને ત્રણ નક્ષત્રો પૂર્ણ કરે છે – ઉત્તરપ્રૌષ્ઠપદા, રેવતી, અશ્વિની. ઉત્તરાપ્રૌષ્ઠપદા ચૌદ અહોરાત્રથી, રેવતી પંદર અહોરાત્રથી, અશ્વિની એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં બાર અંગુલ પોરીસી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પદોની પોરીસી થાય છે.

તે વર્ષાનો ચોથો માસ કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે? ત્રણ નક્ષત્રો – અશ્વિની, ભરણી, કૃતિકા. અશ્વિની ચૌદ અહોરાત્રથી, ભરણી પંદર અહોરાત્રથી, કૃતિકા એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં **૧૬** અંગુલ પોરીસી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પાદ અને ચાર અંગુલ પોરીસી હોય છે.

તે હેમંતના પહેલા માસને કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? ત્રણ નક્ષત્રો – કૃતિકા, રોહિણી, સંસ્થાન. કૃતિકા ચૌદ અહોરાત્રથી, રોહિણી પંદર અહોરાત્રથી, સંસ્થાન એક અહોરાત્રથી પૂર્ણ કરે છે, તે જ માસમાં વીશ અંગુલ પોરીસી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પદો અને આઠ અંગુલ પોરીસી થાય છે.

તે હેમંતના બીજા માસને કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? ચાર નક્ષત્રો – સંસ્થાન, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય. સંસ્થાન ચૌદ અહોરાત્રથી, આર્દ્રા સાત અહોરાત્રથી, પુનર્વસુ આઠ અહોરાત્રથી, પુષ્ય એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં **૨૪** અંગુલ પોરીસી છાયાથી સૂર્ય પાછો ફરે છે તે માસના છેલ્લા દિવસે રેખા સ્થાની ચાર પદ પોરીસી થાય છે.

તે હેમંતના ત્રીજા માસને કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? ત્રણ નક્ષત્રો પૂર્ણ કરે છે – પુષ્ય, આશ્લેષા, મઘા, પુષ્ય

ચૌદ અહોરાત્રથી. આશ્લેષા પંદર અહોરાત્રથી, મઘા એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં વીશ અંગુલ પોરીસી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પદ અને આઠ અંગુલ પોરીસી થાય છે.

તે હેમંતનો ચોથો માસ કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? ત્રણ નક્ષત્રો – મઘા, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની. મઘા ચૌદ અહોરાત્રથી, પૂર્વા ફાલ્ગુની. પંદર અહોરાત્રથી, ઉત્તરા ફાલ્ગુની એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં **૧૬** અંગુલ પોરીસી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પાદ, ચાર અંગુલ પોરીસી હોય.

તે ગ્રીષ્મનો પહેલો (ચૈત્ર)માસ કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? ત્રણ નક્ષત્રો – ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા. ઉત્તરા ફાલ્ગુની ચૌદ અહોરાત્રથી, હસ્ત પંદર અહોરાત્રથી, ચિત્રા એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં બાર અંગુલ પોરીસી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે રેખાસ્થાયી ત્રણ પદ પોરીસી થાય છે.

તે ગ્રીષ્મનો બીજો માસ કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? ત્રણ નક્ષત્રો – ચિત્રા, સ્વાતિ, વિશાખા, ચિત્રા ચૌદ અહોરાત્ર થી, સ્વાતિ પંદર અહોરાત્રથી, વિશાખા એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં આઠ અંગુલ પોરીસી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે બે પદ આઠ અંગુલ પોરીસી હોય છે.

ગ્રીષ્મનો ત્રીજો માસ કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? ત્રણ નક્ષત્રો – વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠામૂલી, વિશાખા ચૌદ અહોરાત્રથી, અનુરાધા સાત પંદર. અહોરાત્રથી, જ્યેષ્ઠામૂલ એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં ચાર અંગુલ પોરીસી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે બે પાદ અને ચાર અંગુલ પોરીસી થાય છે.

ગ્રીષ્મનો ચોથો માસ કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? તે ત્રણ નક્ષત્રો – મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા. મૂલ ચૌદ અહોરાત્રથી, પૂર્વાષાઢા પંદર અહોરાત્રથી, ઉત્તરાષાઢા એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં વૃત્ત – સમચતુરસ્ર સંસ્થિત–ન્યગ્રોધ પરિમંડલ–સકાય અનુરંગિણી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે રેખા સ્થાયી બે પાદ પોરીસી થાય છે.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૧

સૂત્ર–૫૪

તે ચંદ્રમાર્ગ કઈ રીતે કહેલો છે ? આ અટ્ઠાવીશ નક્ષત્રોમાં ૧. કેટલાક એવા નક્ષત્રો છે, જે સદા ચંદ્રને દક્ષિણ દિશાથી યોગ કરે છે ૨. કેટલાક એવા પણ નક્ષત્રો છે, જે સદા ચંદ્રને ઉત્તર દિશાથી યોગ કરે છે. ૩. એવા પણ નક્ષત્રો છે, જે ચંદ્રને દક્ષિણથી પણ અને ઉત્તરથી પણ તથા પ્રમર્દરૂપ(ઉપર–નીચેથી) પણ યોગ કરે છે. ૪. કેટલાક એવા પણ નક્ષત્રો છે, જે ચંદ્રને દક્ષિણદિશાથી અને પ્રમર્દરૂપ(ઉપર–નીચેથી), પણ યોગ કરે છે. ૫. કેટલાક એવા પણ નક્ષત્રો છે જે ચંદ્રને સદા પ્રમર્દરૂપ(ઉપર–નીચેથી) યોગ કરે છે.

તે અટ્ઠાવીશ નક્ષત્રોમાં કેટલા અને ક્યા નક્ષત્રો જે સદા દક્ષિણદિશાથી યોગ કરે છે ? કેટલા અને ક્યા નક્ષત્રો જે સદા ઉત્તરદિશાથી યોગ કરે છે ? કેટલા અને ક્યા નક્ષત્રો જે સદા દક્ષિણદિશાથી**,** ઉત્તર દિશાથી અને પ્રમર્દયોગ કરે છે ? કેટલા અને ક્યા નક્ષત્રો જે સદા દક્ષિણ દિશાથી યોગ કરે છે ? કેટલા અને ક્યા નક્ષત્રો જે સદા દક્ષિણ દિશાથી અને પ્રમર્દ યોગ કરે છે ? કેટલા અને ક્યા નક્ષત્રો જે પ્રમર્દ યોગ કરે છે ?

આ **૨૮** નક્ષત્રોમાં જે નક્ષત્રો સદા ચંદ્રને દક્ષિણેથી યોગ કરે છે, તે છ છે, તે– મૃગશિર્ષ, આર્દ્રા, પુષ્ય, આશ્લેષા, હસ્ત, મૂલ. તેમાં જે નક્ષત્રો સદા ચંદ્રને ઉત્તરથી યોગ કરે છે, તે બાર છે. તે આ છે – અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષજ, પૂર્વા ભાદ્રપદ, ઉત્તરાપ્રૌષ્ઠપદા, રેવતી, અશ્વિની, ભરણી, પૂર્વાફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની અને સ્વાતિ. તેમાં જે નક્ષત્રો ચંદ્રને દક્ષિણથી પણ, ઉત્તરથી પણ પ્રમર્દરૂપ પણ યોગ કરે છે, તે સાત છે – કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા, અનુરાધા. તેમાં જે નક્ષત્રો ચંદ્રને દક્ષિણેથી પ્રમર્દરૂપ યોગ કરે છે, તે બે આષાઢાઓ છે. તે સર્વ બાહ્ય

મંડલમાં યોગ કર્યો હતો, કરે છે અને યોગ કરશે. તેમાં જે નક્ષત્ર જે સદા ચંદ્રને પ્રમર્દ યોગ કરે છે તે એક છે – જ્યેષ્ઠા.

સૂત્ર–૫૫

તે ચંદ્રમંડલો કેટલા કહેલા છે ? તે પંદર ચંદ્રમંડલ કહેલા છે. આ પંદર ચંદ્રમંડલોમાં એવા ચંદ્રમંડલો છે, જે સદા નક્ષત્રથી વિરહિત છે. એવા પણ ચંદ્રમંડલો છે, જે સૂર્ય–ચંદ્ર–નક્ષત્રોને સામાન્ય હોય છે. એવા પણ મંડલો છે, જે સદા સૂર્યથી વિરહિત છે.

આ પંદર ચંદ્રમંડલોમાં કયા ચંદ્રમંડલો છે, જે સદા નક્ષત્રોથી અવિરહિત છે યાવત્ કેટલા ચંદ્રમંડલો છે, જે સદા સૂર્યવિરહિત છે ?

આ પંદર ચંદ્રમંડલોમાં જે ચંદ્રમંડલો છે, જે સદા નક્ષત્રથી અવિરહિત છે, તે આઠ છે – પહેલું ચંદ્રમંડલ, ત્રીજું ચંદ્રમંડલ, છઠ્ઠું ચંદ્રમંડલ, સાતમું ચંદ્રમંડલ, આઠમું ચંદ્રમંડલ, દશમું ચંદ્રમંડલ, અગિયારમું ચંદ્રમંડલ, પંદરમું ચંદ્રમંડલ.

તેમાં જે ચંદ્રમંડલો છે, જે સદા નક્ષત્રોથી વિરહિત રહે છે, તે સાત છે – બીજું ચંદ્રમંડલ, ચોથું ચંદ્રમંડલ, પાંચમું ચંદ્રમંડલ, નવમું ચંદ્રમંડલ, બારમું ચંદ્રમંડલ, તેરમું ચંદ્રમંડલ, ચૌદમું ચંદ્રમંડલ.

તેમાં જે તે ચંદ્રમંડલ, જે ચંદ્ર–સૂર્ય–નક્ષત્રોમાં સમાન હોય છે, તે ચાર છે. તે આ પ્રમાણે – પહેલું ચંદ્રમંડલ, બીજું ચંદ્રમંડલ, અગિયારમું ચંદ્રમંડલ, પંદરમું ચંદ્રમંડલ.

તેમાં જે ચંદ્રમંડલો, જે સદા સૂર્ય વિરહિત છે, તે પાંચ છે – છઠ્ઠું ચંદ્રમંડલ, સાતમું ચંદ્રમંડલ, આઠમું ચંદ્રમંડલ, નવમું ચંદ્રમંડલ, દશમું ચંદ્રમંડલ.

## પ્રાભૃત–૧૦, પ્રાભૃતપ્રાભૃત–૧૨

સૂત્ર–૫૬

નક્ષત્રોના સ્વામીદેવ કોણ છે ? આ અઠ્ઠાવીશ નક્ષત્રોમાં અભિજિત નક્ષત્રના દેવતા કોણ કહ્યા છે ? બ્રહ્મદેવતા કહેલ છે. શ્રવણ નક્ષત્રના દેવતા કોણ કહ્યા છે ? વિષ્ણુ દેવતા કહ્યા છે. ઘનિષ્ઠા નક્ષત્રના દેવતા કોણ કહ્યા છે ? વસુ દેવતા કહેલ છે. શતભિષજ નક્ષત્રના દેવતા કોણ કહ્યા છે ? વરુણદેવતા કહેલ છે. પૂર્વા પ્રૌષ્ઠપદાના કોણ દેવતા કહ્યા છે ? અજ દેવતા કહેલ છે. ઉત્તરાપ્રૌષ્ઠપદાના દેવતા કોણ કહ્યા છે ? અભિવૃદ્ધિ દેવતા કહેલ છે. એ પ્રમાણે બધે પ્રશ્નો કરવા જોઈએ.

રેવતીના પુષ્ય દેવતા, અશ્વિનીના અશ્વ દેવતા, ભરણીના યમ દેવતા, કૃતિકાના અગ્નિ દેવતા, રોહિણીના પ્રજાપતિ દેવતા, સંસ્થાન અર્થાત્ મૃગશીર્ષના સોમ દેવતા, આર્દ્રાના રુદ્ર દેવતા, પુનર્વસુના અદિતિ દેવતા, પુષ્યના બૃહસ્પતિ દેવતા, આશ્લેષાના સર્પ દેવતા, મઘા નક્ષત્રના પિતૃ દેવતા કહેલ છે. પછી –.

એ રીતે પૂર્વાફાલ્ગુનીના ભગ દેવતા, ઉત્તરાફાલ્ગુનીના અર્યમા દેવતા, હસ્તના સવિતૃ દેવતા, ચિત્રના તક્ષ કે તષ્ટૃ દેવતા, સ્વાતિના વાયુ દેવતા, વિશાખાના ઈન્દ્રાગ્નિ દેવતા, અનુરાધાના મિત્ર દેવતા, જ્યેષ્ઠાના ઈન્દ્ર દેવતા, મૂલના નિઋતિ દેવતા, પૂર્વાષાઢાના આયુ દેવતા, ઉત્તરાષાઢા નક્ષત્રના વિશ્વ દેવતા કહેલ છે.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૩

સૂત્ર–૫૭ થી ૬૦

૫૭. મુહૂર્તોના નામોક્યા છે, ? એક–એક અહોરાત્રના ત્રીશ મુહૂર્તો કહેલા છે –

૫૮. રૌદ્ર, શ્રેયાન, મિત્ર, વાયુ, સુપ્રીત, અભિચંદ્ર, માહેન્દ્ર, બલવાન, બ્રહ્મ, બહુસત્ય અને ઈશાન.

૫૯. ત્વષ્ટ્રા અને ભાવિતાત્મા, વૈશ્રમણ, વરુણ અને આનંદ, વિજય, વિશ્વસેન, પ્રજાપતિ અને ઉપશમ.

૬૦. ગંધર્વ, અગ્નિવેશ, શતવૃષભ, આતપ અને અમમ, ઋણવાન્ અને ભોગ, ઋષભ, સર્વાર્થ, રાક્ષસ.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૪

### સૂત્ર–૬૧ થી ૬૭

૬૧. દિવસો કેટલા છે અને તેના નામ ક્યા છે ? એક–એક પક્ષના પંદર દિવસ કહેલા છે, તે આ પ્રમાણે – પ્રતિપદા દિવસ, દ્વિતીય દિવસ યાવત્ પંદરમો દિવસ. આ **૧૫** દિવસના **૧૫** નામો આ રીતે છે–

૬૨. પૂર્વાંગ, સિદ્ધમનોરમ, પછી મનોહર અને યશોભદ્ર અને યશોધર, સર્વકામ સમૃદ્ધ.

૬૩. ઇન્દ્રમૂર્દ્ધા–ભિષિક્ત અને સૌમનસ્, ધનંજય જાણવા, અર્થસિદ્ધ, અભિજાત, અત્યાશન અને શતંજય.

૬૪. અગ્નિવેશ્મ, ઉપશમ એ દિવસના નામો છે.

૬૫. ૬૭. રાત્રિઓ કેટલી છે ? તેના નામો ક્યા છે ? એક એક પક્ષની પંદર રાત્રિઓ કહેલી છે, તે આ પ્રમાણે – પ્રતિપદારાત્રિ, દ્વિતીયા રાત્રિ યાવત્ પંદરમી રાત્રિ. આ પંદર રાત્રિના પંદર નામો કહ્યા છે. તે આ પ્રમાણે –

૬૬. ઉત્તમા અને સુનક્ષત્રા, એલાપત્યા, યશોધરા અને સોમનસા તથા શ્રીસંભૂતા જાણવી.

૬૭. વિજયા, વિજયંતા, જયંતિ અને અપરાજિતા અને ગચ્છા ઇચ્છા, સમાહારા અને તેજા તથા અતિતેજા. દેવાનંદા, આ રાત્રિઓના નામો છે.

## પ્રાભૃત–૧૦, પ્રાભૃતપ્રાભૃત–૧૫

### સૂત્ર–૬૮

તિથિઓ કેટલી અને કઈ કહેલ છે ? તેમાં નિશ્ચે આ બે ભેદે તિથિ કહેલી છે, તે આ – દિવસતિથિ, રાત્રિતિથિ.

તે દિવસતિથિ કેટલી અને કઈ કહેલી છે ? તે એકએક પક્ષમાં પંદર–પંદર દિવસ તિથિઓ કહેલી છે. તે આ પ્રમાણે – નંદા, ભદ્રા, જયા, તુચ્છા, પૂર્ણા તે પક્ષની પાંચમી તિથિ છે. ફરી પણ નંદા, ભદ્રા, જયા, તુચ્છા અને પક્ષની દશમી તિથિ–પૂર્ણા. ફરી પણ નંદા, ભદ્રા, જયા, તુચ્છા અને પક્ષની પંદરમી તિથિ–પૂર્ણા.

એ પ્રમાણે બધા દિવસોની ત્રિગુણા તિથિઓ છે.

રાત્રિતિથિ કેટલી અને કઈ કહેલી છે ? એક–એક પક્ષની પંદર–પંદર રાત્રિ તિથિઓ કહેલી છે, તે આ પ્રમાણે – ઉગ્રવતી, ભોગવતી, યશસ્વતી, સર્વસિદ્ધા, શુભનામા. ફરી પણ ઉગ્રવતી, ભોગવતી, યશસ્વતી, સર્વ સિદ્ધા, શુભનામા. ફરી પણ ઉગ્રવતી, ભોગવતી, યશસ્વતી, સર્વસિદ્ધા અને શુભનામા. એ પ્રમાણે બધી રાત્રિની આ ત્રિગુણ તિથિઓ થાય છે.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૬

### સૂત્ર–૬૯

તે નક્ષત્રોના ગોત્ર ક્યા કહેલા છે ? આ અઠ્ઠાવીશ નક્ષત્રોમાં અભિજિત નક્ષત્રનું કયુ ગોત્ર છે ? તેનું ગોત્ર મુદ્‌ગલાયન કહેલ છે. શ્રવણ નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? તેનું સંખ્યાયન ગોત્ર કહેલ છે. ઘનિષ્ઠા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? તે અગ્રતાપસ કહેલ છે. શતભિષા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? તે કર્ણલોચન ગોત્ર કહેલ છે.

પૂર્વા પ્રૌષ્ઠપદા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? જાતુકર્ણિક ગોત્ર કહેલ છે. ઉત્તરાપ્રૌષ્ઠપદા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? ધનંજય ગોત્ર કહેલ છે. રેવતી નક્ષત્રનું શું ગોત્ર કહેલ છે ? પુષ્યાયન ગોત્ર કહેલ છે. અશ્વિની નક્ષત્રનું શું

ગોત્ર કહેલ છે ? આશ્વાયન ગોત્ર કહેલ છે. ભરણી નક્ષત્રનું શું ગોત્ર કહેલ છે ? ભાર્ગવેશ ગોત્ર કહેલ છે. કૃતિકા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? તેનું અગ્નિવેશ નામે ગોત્ર કહેલું છે.

રોહિણી નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? ગૌતમ ગોત્ર કહેલ છે. મૃગશીર્ષ નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? ભારદ્વાજ ગોત્ર કહેલ છે. આર્દ્રા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? લોહિત્યાયન ગોત્ર કહેલ છે. પુનર્વસુ નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? વાશિષ્ઠ ગોત્ર કહેલ છે. પુષ્ય નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? ઉજ્ઞાયણ ગોત્ર કહેલ છે. આશ્લેષા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? તેનું માંડવ્યાયન નામક ગોત્ર કહેલ છે. મઘા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? પિંગલાયન ગોત્ર કહેલ છે.

પૂર્વાફાલ્ગુની નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? ગોવલ્લાયણ ગોત્ર કહેલ છે. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? કાશ્યપ ગોત્ર કહેલ છે. હસ્ત નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? કૌશિક ગોત્ર કહેલ છે. ચિત્રા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? દર્ભિયાયણ ગોત્ર કહેલ છે. સ્વાતિ નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? ચામરચ્છાયણ ગોત્ર કહેલ છે.

વિશાખા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? શૃંગાયન ગોત્ર કહેલ છે. અનુરાધા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? ગોલવ્યાયણ ગોત્ર કહેલ છે. જ્યેષ્ઠા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? ચિકિત્સાયન ગોત્ર કહેલ છે. મૂલ નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? કાત્યાયન ગોત્ર કહેલ છે. પૂર્વાષાઢા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે? બાભ્રાયન ગોત્ર કહેલ છે. ઉત્તરાષાઢા નક્ષત્રનું કયુ ગોત્ર કહેલ છે ? વ્યાઘ્રાયન ગોત્ર કહેલ છે.

## પ્રાભૃત–૧૦, પ્રાભૃતપ્રાભૃત–૧૭

**સૂત્ર–૭૦**

તે નક્ષત્રોનું ભોજન શું કહેલ છે ? આ અટ્ઠાવીશ નક્ષત્રોમાં–

કૃતિકામાં દહીં–ભાત ખાઈને કાર્ય સાધવું. રોહિણીમાં ધતૂરાનું ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું.

મૃગશીર્ષમાં ઇન્દ્રાવારુણી ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું. આર્દ્રામાં માખણ ખાઈને કાર્ય સાધવું.

પુનર્વસુમાં ઘી ખાઈને કાર્ય સાધવું. પુષ્યમાં ખીર ખાઈને કાર્ય સાધવું.

આશ્લેષામાં અજમાનું ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું. મઘામાં કસ્તૂરી ખાઈને કાર્ય સાધવું,

પૂર્વાફાલ્ગુનીમાં મંડુક પર્ણિકા ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું. ઉત્તરાફાલ્ગુનીમાં વાઘનખીનું ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું. હસ્તમાં ચોખાની કાંજી ખાઈને કાર્ય સાધવું. ચિત્રામાં મગનું સૂપ ખાઈને કાર્ય સાધવું.

સ્વાતિમાં ફળો ખાઈને કાર્ય સાધવું. વિશાખામાં અગસ્તિ ખાઈને કાર્ય સાધવું.

અનુરાધામાં મિશ્રિકૃત્ કુર ખાઈને કાર્ય સાધવું. જ્યેષ્ઠામાં બોરનું ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું.

પૂર્વાષાઢામાં આમળાનું ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું. ઉત્તરાષાઢામાં બિલ્વ ફળ ખાઈને કાર્ય સાધવું.

અભિજિતમાં પુષ્પ ખાઈને કાર્ય સાધવું. શ્રવણમાં ખીર ખાઈને કાર્ય સાધવું.

શતભિષામાં તુવેર ખાઈને કાર્ય સાધવુ. પૂર્વ પ્રૌષ્ઠપદામાં કારેલા ખાઈને કાર્ય સાધવું,

ઉત્તરાપ્રૌષ્ઠપદામાં વરાહકંદ ખાઈને કાર્ય સાધવું. રેવતીમાં જલચર વનસ્પતિ ખાઈને કાર્ય સાધવું.

અશ્વિનીમાં તિત્તિર કે વૃત્તક વનસ્પતિ ખાઈને કાર્ય સાધવું, ભરણીમાં તલ તંદુલક ખાઈને કાર્ય સાધવું.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૮

**સૂત્ર–૭૧**

એક યુગમાં નક્ષત્રની ચાર–ચાલવાની ગતિ કેવા પ્રકારે હોય છે ? તેમાં નિશ્ચે આ બે ભેદે ચાર કહેલ છે. તે આ પ્રમાણે – સૂર્ય સાથે ચાર ગતિ અને ચંદ્ર સાથે ચાર ગતિ.

એક યુગમાં ચંદ્ર સાથે નક્ષત્રની ગતિ કેટલીવાર થાય ? પંચ સંવત્સર વડે એક યુગ થાય, તેમાં અભિજિત નક્ષત્ર **૬૭** ચાર વડે ચંદ્રની સાથે યોગ કરે છે. શ્રવણ નક્ષત્ર **૬૭**–ચાર વડે ચંદ્રની સાથે યોગ કરે છે. તે પ્રમાણે યાવત્ ઉત્તરાષાઢા નક્ષત્ર **૬૭**–ચાર વડે ચંદ્રની સાથે યોગ કરે છે. તેમ જાણવું..

એક યુગમાં સૂર્ય સાથે નક્ષત્રની ગતિ કેટલીવાર થાય? પાંચ સંવત્સરનો એક યુગ થાય છે. તેમાં અભિજિત નક્ષત્ર પાંચ ચાર વડે સૂર્ય સાથે યોગ કરે છે. એ પ્રમાણે યાવત્ ઉત્તરાષાઢાનક્ષત્ર પાંચ ચાર વડે સૂર્ય સાથે યોગ કરે છે.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૯

### સૂત્ર–૭૨ થી ૭૪

**૭૨.** એક વર્ષમાં આવતા માસના નામો કયા છે ? એક સંવત્સરના બાર માસ છે, તેના બે ભેદે નામો કહ્યા છે – લૌકિક, લોકોત્તરિક. તેમાં લૌકિક નામો છે– શ્રાવણ, ભાદ્રપદ, આસો યાવત્ આષાઢ. લોકોત્તરિક નામો આ પ્રમાણે –

**૭૩.** અભિનંદ, સુપ્રતિષ્ઠ, વિજય, પ્રીતિવર્દ્ધન, શ્રેયાંસ, શિવ, શિશિર, હૈમવાન.

**૭૪.** વસંત, કુસુમસંભવ, નિદાઘ અને બારમું વનવિરોધિ.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૨૦

### સૂત્ર–૭૫, ૭૬

**૭૫.** ભગવન્ ! કેટલા સંવત્સરો કહેલા છે ? પાંચ સંવત્સરો કહેલા છે – નક્ષત્ર સંવત્સર, યુગ સંવત્સર, પ્રમાણ સંવત્સર, લક્ષણ સંવત્સર, શનૈશ્ચર સંવત્સર.

**૭૬.** તે નક્ષત્ર સંવત્સર બાર પ્રકારે કહેલ છે – શ્રાવણ, ભાદ્રપદ યાવત્ આષાઢ.

બૃહસ્પતિ સંવત્સર બાર સંવત્સરમાં બધા નક્ષત્રમંડલને પૂર્ણ કરે છે.

### સૂત્ર–૭૭

તે યુગ સંવત્સર પાંચ ભેદે કહેલ છે. તે આ – ચંદ્ર, ચંદ્ર, અભિવર્દ્ધિત, ચંદ્ર, અભિવર્ધિત.

પહેલાં ચંદ્ર સંવત્સરના **૨૪**–પર્વો કહેલા છે. બીજા ચંદ્ર સંવત્સરના **૨૪**–પર્વો કહ્યા છે. ત્રીજા અભિવર્ધિત સંવત્સરના **૨૬**–પર્વો કહ્યા છે. ચોથા ચંદ્ર સંવત્સરના **૨૪**–પર્વો કહ્યા છે. પાંચમાં અભિવર્ધિત સંવત્સરના **૨૬**–પર્વો કહ્યા છે. એ પ્રમાણે બધા મળીને યુગમાં **૧૨૪**–પર્વો થાય તેમ કહેલ છે.

### સૂત્ર–૭૮

તે પ્રમાણ સંવત્સર પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે – નક્ષત્ર સંવત્સર, ઋતુ સંવત્સર, ચંદ્ર સંવત્સર, સૂર્ય સંવત્સર અને અભિવર્ધિત સંવત્સર.

### સૂત્ર–૭૯ થી૮૪

**૭૯.** તે લક્ષણ સંવત્સર પાંચ ભેદે છે – નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય, અભિવૃદ્ધિ.

તે નક્ષત્ર સંવત્સર પાંચ ભેદે કહેલ છે, તે આ –

**૮૦.** સમગ્ર નક્ષત્ર યોગ કરે છે, ઋતુઓ સમરૂપે પરિણમે છે. અતિઉષ્ણ–અતિશીત નહીં. બહુ–ઉદક (સારો વરસાદ) હોય તેવા લક્ષણોથી સંવત્સરને નક્ષત્ર સંવત્સર કહે છે .

**૮૧.** ચંદ્ર સમગ્ર પૂર્ણમાસીમાં વિષમચારી નક્ષત્રથી યોગ કરે છે, ઋતુ કષ્ટકર હોય, અતિવૃષ્ટિ હોય; એવા લક્ષણોથી યુક્ત સંવત્સરને ચંદ્ર સંવત્સર કહે છે.

**૮૨.** વિષમકાલે વનસ્પતિ અંકુરિત થાય, કમોસમે વૃક્ષ પુષ્પ અને ફળ આપે, વર્ષા બધે સમ ન વરસે, તે

સંવત્સરને કર્મ સંવત્સર કહે છે.

૮૩. જે સંવત્સરમાં પૃથ્વી, પાણી, પુષ્પ અને ફળ આપે; સૂર્ય યોગ્ય રસ પ્રદાન કરે; અલ્પ વર્ષાથી પણ ધાન્યની સારી નિષ્પત્તિ થાય, તેને આદિત્ય સંવત્સર કહે છે.

૮૪. જે સંવત્સરમાં સૂર્યનો તાપ તેજ હોય છે. ઋતુ પરિવર્તિત અતિ અલ્પ હોય, નિમ્ન સ્થળો પાણીથી પૂર્ણ રહે, તેને અભિવર્દ્ધિત સંવત્સર જાણવું.

સૂત્ર– ૮૫

તે શનૈશ્ચર સંવત્સર અટ્ઠાવીશ પ્રકારે છે. તે આ – અભિજિત, શ્રવણ યાવત્ ઉત્તરાષાઢા, અથવા શનૈશ્ચર મહાગ્રહ ૩૦–સંવત્સર વડે સર્વ નક્ષત્રમંડલને સમાપ્ત કરે છે.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૨૧

સૂત્ર–૮૬

ભગવન્ ! નક્ષત્ર જ્યોતિષના દ્વાર કઈ રીતે કહ્યા છે ? તેમાં આ પાંચ પ્રતિપત્તિઓ અન્યતીર્થિકોએ કહી છે –

૧. એક અન્યતીર્થિક એ પ્રમાણે કહે છે કે – કૃત્તિકાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા છે. ૨. બીજો અન્યતીર્થિક એમ કહે છે કે – મઘાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલા છે. ૩. ત્રીજો અન્યતીર્થિક એમ કહે છે કે – ધનિષ્ઠા આદિ સાત નક્ષત્રો પૂર્વ દ્વારિકા કહેલા છે. ૪. ચોથો અન્યતીર્થિક કહે છે કે – અશ્વિની આદિ સાત નક્ષત્રો પૂર્વ દ્વારિકા કહેલા છે અને ૫. પાંચમો અન્યતીર્થિક કહે છે કે – ભરણી આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા અર્થાત્ પૂર્વદ્વારવાળા કહેલા છે.

***તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે – કૃત્તિકાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલા છે, તેઓ એમ કહે છે કે – કૃતિકા, રોહિણી, મૃગશીર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય અને આશ્લેષા.

સાત નક્ષત્રો દક્ષિણદ્વારિકા કહેલા છે, તે આ પ્રમાણે – મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા.

અનુરાધા આદિ સાત નક્ષત્રો પશ્ચિમદ્વારિકા કહેલા છે, તે આ પ્રમાણે – અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજિત અને શ્રવણ.

ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિકા કહેલા છે, તે આ પ્રમાણે – ધનિષ્ઠા, શતભિષજ, પૂર્વાપ્રૌષ્ઠપદા, ઉત્તરા–પ્રૌષ્ઠપદા, રેવતી, અશ્વિની અને ભરણી.

***તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે – મઘાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલા છે, તેઓ એમ કહે છે કે – મઘા, પૂર્વા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા ઉત્તરા ફાલ્ગુની.

અનુરાધાદિ સાત નક્ષત્રો દક્ષિણદ્વારિકા કહેલા છે, તે આ પ્રમાણે – અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરા–ષાઢા, અભિજિત અને સાતમું શ્રવણ નક્ષત્ર.

ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો પશ્ચિમદ્વારિકા કહેલા છે, તે આ પ્રમાણે – ધનિષ્ઠા, શતભિષજ, પૂર્વા પ્રૌષ્ઠપદા, ઉત્તરા–પ્રૌષ્ઠપદા, રેવતી, અશ્વિની અને ભરણી.

કૃતિકાદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિકા કહેલ છે. તે આ રીતે – કૃતિકા, રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય અને આશ્લેષા.

***તેમાં જેઓ એમ કહે છે કે – ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલ છે, તેઓ એમ કહે છે – ધનિષ્ઠા, શત–ભિષજ, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી, અશ્વિની, ભરણી.

કૃતિકાદિ સાત નક્ષત્રો દક્ષિણ દ્વારિકા કહેલા છે, તે આ રીતે – કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય

અને આશ્લેષા.

મઘાદિ સાત નક્ષત્રો પશ્ચિમ દ્વારિકા કહેલા છે, તે આ રીતે – મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા.

અનુરાધાદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિકા કહેલ છે, તે આ રીતે – અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજિત, શ્રવણ.

***તેમાં જેઓ એમ કહે છે કે – અશ્વિની આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલા છે, તેઓ આ પ્રમાણે કહે છે – અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ.

પુષ્ય આદિ સાત નક્ષત્રો દક્ષિણ દ્વારિકા કહેલા છે, તે આ – પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા.

સ્વાતિ આદિ સાત નક્ષત્રો પશ્ચિમ દ્વારિકા કહેલા છે, તે આ રીતે – સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા.

અભિજિત આદિ સાત નક્ષત્રો ઉત્તર દ્વારિકા કહ્યા છે, તે આ – અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષજ, પૂર્વા–ભાદ્રપદા, ઉત્તરા ભાદ્રપદા અને રેવતી.

***તેમાં જેઓ એમ કહે છે કે – તે ભરણી આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહ્યા છે, તે આ પ્રમાણે – ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય.

આશ્લેષાદિ સાત નક્ષત્રો દક્ષિણ દ્વારિકા કહ્યા છે, તે આ – આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ.

વિશાખાદિ સાત નક્ષત્રો પશ્ચિમ દ્વારિકા કહેલા છે, તે આ – વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજિત.

શ્રવણાદિ સાત નક્ષત્રો ઉત્તર દ્વારિકા કહેલા છે, તે આ રીતે – શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષજા, પૂર્વા–ઉત્તરા પ્રૌષ્ઠપદા, રેવતી, અશ્વિની.

જ્યારે અમે (ભગવંત) એમ કહે છે કે – અભિજિત આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલા છે – અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષજ, પૂર્વાપ્રૌષ્ઠપદા, ઉત્તરાપ્રૌષ્ઠપદા, રેવતી. અશ્વિની આદિ સાત નક્ષત્રો દક્ષિણદ્વારિકા કહેલા છે – અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ. પુષ્ય આદિ સાત નક્ષત્રો પશ્ચિમ દ્વારિકા કહેલા છે, તે આ રીતે – પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ આદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિકા કહેલા છે – સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા.

## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૨૨

સૂત્ર–૮૭

નક્ષત્રવિચય(નક્ષત્રનું સ્વરૂપ) કઈ રીતે કહેલ છે? આ જંબૂદ્વીપ દ્વીપ સર્વે દ્વીપ–સમુદ્રોની મધ્યે આવેલ છે યાવત્ તે પરિધિથી યુક્ત છે. તે જંબૂદ્વીપદ્વીપમાં બે ચંદ્રો પ્રભાસિત થયા, પ્રભાસિત થાય છે, પ્રભાસિત થશે. બે સૂર્યો તપ્યા, તપે છે, તપશે. **૫૬** નક્ષત્રોએ યોગ કર્યો – કરે છે – કરશે. તે આ પ્રમાણે –

બે અભિજિત, બે શ્રવણ, બે ઘનિષ્ઠા, બે શતભિષજ, બે પૂર્વાપ્રૌષ્ઠપદા, બે ઉત્તરાપ્રૌષ્ઠપદા, બે રેવતી, બે અશ્વિની, બે ભરણી, બે કૃતિકા, બે રોહિણી, બે મૃગશિર, બે આર્દ્રા, બે પુનર્વસુ, બે પુષ્ય, બે આશ્લેષા, બે મઘા, બે પૂર્વા ફાલ્ગુની, બે ઉત્તરાફાલ્ગુની, બે હસ્ત, બે ચિત્રા, બે સ્વાતિ, બે અનુરાધા, બે જ્યેષ્ઠા, બે મૂલ, બે પૂર્વાષાઢા, બે

ઉત્તરાષાઢા.

આ **૫૬**–નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો છે, જે નવ મુહૂર્ત અને એક મુહૂર્તના **૨૭/૬૭** ભાગ ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે **૧૫** મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે ત્રીશ મુહૂર્ત છે, જે ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે જે **૪૫**–મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે.

આ **૫૬**–નક્ષત્રોમાં કેટલા નક્ષત્રો છે, જે નવ મુહૂર્ત અને મુહૂર્તના **૨૭/૬૭** ભાગ ચંદ્ર સાથે યોગ કરે છે? કેટલા નક્ષત્રો પંદર મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે ? કેટલા નક્ષત્રો છે, જે **૩૦**–મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે ? કેટલા નક્ષત્રો છે, જે **૪૫**–મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે ?

આ **૫૬**–નક્ષત્રોમાં જે નક્ષત્રો ૯–**૨૭/૬૭** મુહૂર્તથી ચંદ્ર સાથે યોગ કરે છે, તે નક્ષત્રો–બે અભિજિત છે.

જે નક્ષત્રો **૧૫**–મુહૂર્તથી ચંદ્ર સાથે યોગ કરે છે, તેવા **૧૨**–છે. તે આ પ્રમાણે – બે શતભિષજ, બે ભરણી, બે આર્દ્રા, બે આશ્લેષા, બે સ્વાતિ અને બે જ્યેષ્ઠા.

જે નક્ષત્રો **૩૦** મુહૂર્તથી ચંદ્ર સાથે યોગ કરે છે, તે **૩૦**–છે. તે આ રીતે – બે શ્રવણ, બે ધનિષ્ઠા, બે પૂર્વાભાદ્રપદા, બે રેવતી, બે અશ્વિની, બે કૃતિકા, બે મૃગશિર, બે પુષ્ય, બે મઘા, બે પૂર્વા ફાલ્ગુની, બે હસ્ત, બે ચિત્રા, બે અનુરાધા, બે મૂલ, બે પૂર્વાષાઢા.

જે નક્ષત્રો **૪૫**–મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે, તે બાર છે. તે આ રીતે – બે ઉત્તરાપ્રૌષ્ઠપદા, બે રોહિણી, બે પુનર્વસુ, બે ઉત્તરાફાલ્ગુની, બે વિશાખા, બે ઉત્તરાષાઢા.

આ **૫૬**–નક્ષત્રોમાં એવા નક્ષત્રો છે, જે ચાર અહોરાત્ર અને છ મુહૂર્તોમાં સૂર્યની સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે છ અહોરાત્ર અને **૨૧**–મુહૂર્ત સૂર્ય સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે.

આ **૫૬**–નક્ષત્રોમાં કેટલા નક્ષત્રો છે, જે૦ ઇત્યાદિ બધું પૂર્વવત્ કહેવું.

આ **૫૬**–નક્ષત્રોમાં જે નક્ષત્રો ચાર અહોરાત્ર અને છ મુહૂર્તોમાં સૂર્ય સાથે યોગ કરે છે, તે બે અભિજિત છે. જે નક્ષત્રો છ અહોરાત્ર અને **૨૧**–મુહૂર્તોમાં સૂર્ય સાથે યોગ કરે છે તે બાર છે. તે આ રીતે – બે શતભિષજ, બે આર્દ્રા, બે આશ્લેષા, બે સ્વાતિ, બે વિશાખા, બે જ્યેષ્ઠા. તેમાં જે નક્ષત્રો તેર અહોરાત્ર, બાર મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે, તે ત્રીશ છે. તે આ – બે શ્રવણ યાવત્ બે પૂર્વાષાઢા. તેમાં જે નક્ષત્રો **૨૦**–અહોરાત્ર અને ત્રણ મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે, તે બાર છે – બે ઉત્તરાપ્રૌષ્ઠપદા યાવત્ બે ઉત્તરાષાઢા.

સૂત્ર– ૮૮, ૮૯

૮૮. તે નક્ષત્રોનો સીમા વિષ્કંભ કઈ રીતે કહેલો છે ? આ **૫૬**–નક્ષત્રોમાં એવા નક્ષત્રો છે, જેનો **૬૩૦** અને **૩૦/૬૭** ભાગ સીમા વિષ્કંભ છે. એવા નક્ષત્રો છે, જે **૧૦૦૫** અને **૩૦/૬૭** ભાગના સીમા વિષ્કંભવાળા છે. એવા નક્ષત્રો છે, જેનો **૨૦૧૦** અને **૩૦/૬૭** ભાગ સીમાવિષ્કંભ છે. એવા નક્ષત્રો છે, જેનો **૩૦૧૫** અને **૩૦/૬૭** ભાગ સીમાવિષ્કંભ છે.

આ **૫૬**–નક્ષત્રોમાં કેટલા નક્ષત્રો છે, જે **૬૩૦** ઇત્યાદિ ઉપર મુજબ કહેવું. યાવત્. આ **૫૬**–નક્ષત્રોમાં કેટલા નક્ષત્રો છે, જે **૩૦૧૫** અને **૩૦/૬૭** ભાગ સીમા વિષ્કંભવાળા છે?

આ **૫૬**–નક્ષત્રોમાં જે નક્ષત્રો **૬૩૦** અને **૩૦/૬૭** ભાગથી સીમા વિષ્કંભવાળા છે, તે બે અભિજિત છે. જે નક્ષત્રો **૧૦૦૫** અને **૩૦/૬૭** ભાગ સીમા વિષ્કંભવાળા છે, તે બાર છે. તે આ – બે શતભિષા યાવત્ બે જ્યેષ્ઠા. તેમાં જે નક્ષત્રો **૨૦૧૦** અને **૩૦/૬૭** ભાગ સીમા વિષ્કંભવાળા છે, તેવા **૩૦**–છે. તે આ – બે શ્રવણ યાવત્ બે પૂર્વાષાઢા. તેમાં જે નક્ષત્રો **૩૦૧૫** અને **૩૦/૬૭** ભાગ સીમા વિષ્કંભવાળા છે, તે બાર છે – બે ઉત્તરાપ્રૌષ્ઠપદા યાવત્ બે

ઉત્તરાષાઢા.

૮૯. આ **૫૬**–નક્ષત્રોમાં સદા પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ કરે છે તેવા ક્યા નક્ષત્રો છે ? આ **૫૬**–નક્ષત્રોમાં શું સદા સંધ્યાકાળે ચંદ્ર સાથે યોગ કરે છે, તેવા નક્ષત્રો છે ? આ **૫૬**–નક્ષત્રોમાં શું સદા ઉભયકાળે પ્રવેશી–પ્રવેશીને ચંદ્ર સાથે યોગ કરે છે, એવા નક્ષત્રો છે ? આ **૫૬**–નક્ષત્રોમાં શું સદા ઉભયકાળે પ્રવેશી–પ્રવેશીને ચંદ્ર સાથે યોગ કરે છે, એવા નક્ષત્રો છે ?

આ **૫૬**–નક્ષત્રોમાં એવા કોઈ નક્ષત્ર નથી, જે સદા પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ કરતા હોય.. સદા સંધ્યાકાળે ચંદ્ર સાથે યોગ કરતા પણ કોઈ નથી. સદા ઉભયકાળે પ્રવેશી–પ્રવેશીને ચંદ્ર સાથે યોગ કરતા નક્ષત્ર પણ કોઈ નથી. માત્ર અભિજિત સિવાય. આ બે અભિજિત નક્ષત્ર પ્રાતઃકાળે – પ્રાતઃકાળે **૪૪** મી અમાવાસ્યા સાથે યોગ કરે છે, પરંતુ પૂર્ણિમા સાથે નહીં.

## સૂત્ર–૯૦

પંચમ વર્ષના એક યુગમાં આ **૬૨**–પૂર્ણિમા અને **૬૨**–અમાસો કહેલી છે.

આ પાંચ સંવત્સરોમાં પહેલી પૂર્ણિમાને ચંદ્ર કયા દેશથી યોગ કરે છે ? જે દેશમાં ચંદ્ર છેલ્લી – બાસઠમી પૂર્ણિમાનો યોગ કરે છે, ત્યાંથી તે પૂર્ણિમા સ્થાનથી મંડલને **૧૨૪**થી છેદીને બત્રીશ ભાગમાં લઈ જાય, અહીં તે ચંદ્ર પહેલી પૂર્ણિમાનો યોગ કરે છે,

તે આ પંચ સંવત્સરાત્મક, બીજી પૂર્ણિમાને ચંદ્ર કયા દેશાંશથી યોગ કરે છે? તે કહે છે–.

જે દેશમાં ચંદ્ર પહેલી પૂર્ણિમાનો યોગ કરે છે. તે તે પૂર્ણિમા સ્થાનથી **૧૨૪** મંડલથી છેદીને, બત્રીશ ભાગમાં લઈ જાય. અહીં તે ચંદ્ર બીજી પૂર્ણિમાનો યોગ કરે છે.

તે આ પાંચ સંવત્સરોની ત્રીજી પૂર્ણિમાને ચંદ્ર કયા દેશમાં યોગ કરે છે? તે જે દેશમાં ચંદ્ર બીજી પૂર્ણિમાનો યોગ કરે છે. તે પૂર્ણિમાસ્થાનથી મંડલ **૧૨૪** છેદીને ૩૨ ભાગમાં લઈ જાય છે. અહીં ત્રીજો ચંદ્ર પૂર્ણિમાનો યોગ કરે.

તે આ પંચ સંવત્સરની બારમી પૂર્ણિમાને ચંદ્ર કયા દેશમાં જોડે છે ? તે જે દેશમાં ચંદ્ર ત્રીજી પૂર્ણિમાનો યોગ કરે. તે પૂર્ણિમા સ્થાનમંડલને **૧૨૪** વડે છેદીને **૨૮૮** ભાગમાં લઈ જાય છે. અહીં ચંદ્ર બારમી પૂર્ણિમાનો યોગ કરે છે.

આ પ્રમાણે આ ઉપાય વડે તે–તે પૂર્ણિમા સ્થાનથી મંડલને **૧૨૪** વડે છેદીને બત્રીશ ભાગમાં લઈ જાય છે અને તે–તે દેશમાં તે–તે પૂર્ણિમાને ચંદ્ર યોગ કરે છે.

તે આ પાંચમાં સંવત્સરની છેલ્લી બાસઠમી પૂર્ણિમાને ચંદ્ર કયા દેશમાં યોગ જોડે છે ? તે જંબૂદ્વીપની પૂર્વ–પશ્ચિમ તથા ઉત્તર–દક્ષિણ લાંબી જીવાથી મંડલને **૧૨૪** વડે છેદીને દક્ષિણ દિશાના ચતુર્ભાગ મંડલમાં **૪/૨૭** ભાગ લઈ જાય છે પછી અઠ્ઠાવીસમાં ભાગમાં **૨૦** વડે છેદી, અઢારમાં ભાગમાં લઈ જાય છે. ત્રણ ભાગ અને બે કલા વડે પશ્ચિમ દિશામાં ચતુર્ભાગ મંડલને અસંપ્રાપ્ત રહે છે. અહીં ચંદ્ર છેલ્લી **૬૨**–મી પૂર્ણિમાનો યોગ કરે છે.

## સૂત્ર–૯૧ થી૯૩

૯૧. આ પાંચ સંવત્સરમાં પહેલી પૂર્ણિમાને સૂર્યમંડલના કયા દેશભાગમાં પરિસમાપ્ત કરે છે ? જે દેશમાં સૂર્ય છેલ્લી–**૬૨**મી પૂર્ણિમાને સમાપ્ત કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી મંડલને **૧૨૪**થી છેદીને ૯૪ ભાગને ગ્રહણ કરીને, અહીં તે સૂર્ય પહેલી પૂર્ણિમા પરિસમાપ્ત કરે છે.

આ પાંચ સંવત્સરમાં બીજી પૂર્ણિમાને સૂર્ય કયા દેશમાં પરિસમાપ્ત કરે છે ? જે દેશમાં સૂર્ય પહેલી પૂર્ણિમાને સમાપ્ત કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી મંડલને **૧૨૪** વડે છેદીને બે–૯૪ ભાગમાં ગ્રહણ કરીને અહીં તે સૂર્ય બીજી પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

આ પાંચ સંવત્સરોમાં ત્રીજી પૂર્ણિમાને સૂર્ય કયા દેશમાં સમાપ્ત કરે છે ? જે દેશમાં સૂર્ય બીજી પૂર્ણિમાને પૂર્ણ

કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી મંડલને **૧૨૪** વડે છેદીને ૯૪ ભાગ ગ્રહણ કરીને, અહીં સૂર્ય ત્રીજી પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

આ પાંચ સંવત્સરમાં બારમી પૂર્ણિમાને સૂર્ય કયા દેશમાં પરિપૂર્ણ કરે છે ? તે પૂર્ણિમા સ્થાનથી મંડલને **૧૨૪** વડે છેદીને ૮૪૬ ભાગ ગ્રહણ કરવા. (૮૪૬/**૧૨૪**) અહીં તે સૂર્ય બારમી પૂર્ણિમા પૂર્ણ કરે.

એ પ્રમાણે આ ઉપાયથી તે–તે પૂર્ણિમા સ્થાનથી મંડલને **૧૨૪** વડે છેદીને ચોરાણુ–ચોરાણુ ભાગ ગ્રહણ કરીને તે–તે દેશમાં તે–તે પૂર્ણિમાને સૂર્ય પરિસમાપ્ત કરે છે.

આ પાંચ સંવત્સરોમાં છેલ્લી બાસઠમી પૂર્ણિમાને સૂર્ય કયા દેશમાં સમાપ્ત કરે છે ? જંબૂદ્વીપની પૂર્વ–પશ્ચિમ તથા ઉત્તર–દક્ષિણ લાંબી જીવા વડે મંડલને **૧૨૪**થી છેદીને પૂર્વના ચતુર્ભાગ મંડલમાં **૨૭** ભાગ ગ્રહણ કરીને **૨૮**–મા ભાગને **૨૦** વડે છેદીને **૧૮**માં ભાગને ગ્રહણ કરીને ત્રણ ભાગ અને બે કલા વડે દક્ષિણ દિશાના ચતુર્ભાગ મંડલને અસંપ્રાપ્ત, અહીં સૂર્ય છેલ્લી **૬૨**–મી પૂર્ણિમા સમાપ્ત કરે છે.

૯૨. આ પાંચ સંવત્સરોમાં પહેલી અમાવાસ્યાને ચંદ્ર કેટલા દેશમાં સમાપ્ત કરે છે ? જે દેશમાં ચંદ્ર છેલ્લી–**૬૨**મી અમાસને સમાપ્ત કરે છે, તે અમાવાસ્યા સ્થાનથી મંડલને **૧૨૪** વડે છેદીને બત્રીશ ભાગ ગ્રહણ કરીને (૩૨/૧૨૪), અહીં તે ચંદ્ર પહેલી અમાસને પરિસમાપ્ત કરે છે.

એ પ્રમાણે જે આલાવાથી ચંદ્રનો પૂર્ણિમા સાથેનો યોગ કહ્યો, તે જ આલાવાથી અમાવાસ્યાનો પણ કહેવો. તેમાં બીજી, ત્રીજી, બારમી અમાસ કહેવી..

એ પ્રમાણે આ ઉપાયથી તે–તે અમાવાસ્યા સ્થાનથી મંડલને **૧૨૪** વડે છેદીને ૩૨–૩૨ ભાગો ગ્રહણ કરીને તે–તે દેશમાં તે–તે અમાસને ચંદ્ર સમાપ્ત કરે છે.

આ પાંચ સંવત્સરમાં છેલ્લી અમાસને ચંદ્ર કલા દેશમાં પરિસમાપ્ત કરે છે? જે દેશમાં ચંદ્ર છેલ્લી–**૬૨**મી પૂર્ણિમાનું સમાપ્ત કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી મંડલને **૧૨૪** વડે છેદીને ૯૪ ભાગ ગ્રહણ કરીને, અહીં તે સૂર્ય પહેલી અમાવાસ્યાને સમાપ્ત કરે.

એ પ્રમાણે જે આલાવાથી સૂર્ય પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે, તેના વડે જ અમાવાસ્યાને કરે છે. તે આ પ્રમાણે – બીજી, ત્રીજી અને બારમી. એ પ્રમાણે આ ઉપાય વડે તે અમાવાસ્યા સ્થાનથી મંડલને **૧૨૪** વડે છેદીને ચોરાણુ–ચોરાણુ ભાગ ગ્રહણ કરીને જે દેશમાં સૂર્ય છેલ્લી **૬૨**–મી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી ?. મંડલને **૧૨૪** વડે છેદીને ૪૭–ભાગ છોડીને, અહીં સૂર્ય છેલ્લી **૬૨**–મી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે.

સૂત્ર–૯૪

આ પાંચ સંવત્સરોમાં પહેલી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? ઘનિષ્ઠા વડે. ઘનિષ્ઠા નક્ષત્રના ૩ મુહૂર્ત અને એક મુહૂર્તના **૧૯**/**૬૨** ભાગ અને **૬૨**મા ભાગને **૬૭** વડે છેદીને **૬૫** ચૂર્ણિક ભાગ બાકી રહેતા જોડે છે

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી યોગ કરે છે ? તે પૂર્વાફાલ્ગુનીને **૨૮** મુહૂર્ત અને એક મુહૂર્તના **૨૮**/**૬૨** ભાગ થતા **૬૨** ભાગને **૬૭** વડે છેદીને બત્રીશ ચૂર્ણિકા ભાગ રહેતા.

આ પાંચ સંવત્સરોમાં બીજી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્ર વડે સમાપ્ત કરે છે ? ઉત્તરાપ્રૌષ્ઠપદા વડે. ઉત્તરાપ્રૌષ્ઠપદા નક્ષત્ર **૨૭**–મુહૂર્ત અને એક મુહૂર્તના **૧૪**/**૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૬૨**–ચૂર્ણિકા ભાગ બાકી રહેતા પૂર્ણ કરે..

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર વડે પૂર્ણિમાને સમાપ્ત કરે છે ? ઉત્તરાફાલ્ગુની વડે. ઉત્તરાફાલ્ગુનીના સાત મુહૂર્તો અને એક મુહૂર્તના **૩૩**/**૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** ભાગથી છેદીને **૩૧**–ચૂર્ણિકા ભાગો બાકી રહેતા પૂર્ણ કરે છે.

આ પાંચ સંવત્સરમાં ત્રીજી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્રથી સમાપ્ત કરે છે? અશ્વિની વડે. અશ્વિનીના **૨૧**–મુહૂર્તો અને એક મુહૂર્તના૯/**૬૨** ભાગ તથા **૬૨**/**૬૭** ભાગથી **૬૩** ચૂર્ણિકા ભાગો બાકી રહેતા પૂર્ણ કરે છે..

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી ત્રીજી પૂર્ણિમાને સમાપ્ત કરે છે ? ચિત્રા વડે. ચિત્રા નક્ષત્રનું એક મુહૂર્ત અને મુહૂર્તના **૨૮/૬૨** ભાગો અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૩૦**–ચૂર્ણિકા (૩૦/૬૭) ભાગ રહેતા.

આ પાંચ સંવત્સરોમાં બારમી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્ર વડે સમાપ્ત કરે છે ? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના **૨૬** મુહૂર્તો અને મુહૂર્તના **૨૬/૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૫૪**–ચૂર્ણિકા (૫૪/૬૭)ભાગ બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી પૂર્ણિમાને સમાપ્ત કરે છે? પુનર્વસુ વડે. પુનર્વસુ નક્ષત્રના **૧૬** મુહૂર્તો અને મુહૂર્તના૮/**૬૨** ભાગ તથા **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૨૦**–ચૂર્ણિકા ભાગ રહેતા.

આ પાંચ સંવત્સરમાં છેલ્લી–બાસઠમી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્રથી સમાપ્ત કરે છે? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના ચરમ સમયે પૂર્ણ કરે છે..

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી બાસઠમી પૂર્ણિમાને પૂર્ણ કરે છે ? પુનર્વસુ વડે. પુનર્વસુના **૧૬**–મુહૂર્તો અને એક મુહૂર્તના૮/**૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૨૦** ચૂર્ણિકા ભાગ રહેતા.

આ પાંચ સંવત્સરોમાં છેલ્લી બાસઠમી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્ર વડે સમાપ્ત કરે છે? પુષ્યથી, પુષ્યના **૧૯**–મુહૂર્તો અને એક મુહૂર્તના **૪૩/૬૨** ભાગ તથા **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૩૩**–ચૂર્ણિકા (૩૩/૬૭) ભાગ રહેતા પૂર્ણિમાને સમાપ્ત કરે છે.

### સૂત્ર–૯૫

આ પાંચ સંવત્સરોમાં પહેલી અમાવાસ્યા ચંદ્ર કયા નક્ષત્રથી પરિસમાપ્ત કરે છે ?

આશ્લેષા વડે. આશ્લેષા એક મુહૂર્ત અને એક મુહૂર્તના **૪૦/૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૬૨**–ચૂર્ણિકા બાકી રહેતા.

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી અમાસને પરિસમાપ્ત કરે છે? આશ્લેષા વડે. આશ્લેષાનું એક મુહૂર્ત અને મુહૂર્તના **૪૦/૬૨** ભાગ, **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૬૨**–ચૂર્ણિકા ભાગ રહેતા.

આ પાંચ સંવત્સરોમાં બીજી અમાવાસ્યાને ચંદ્ર કયા નક્ષત્રથી પરિસમાપ્ત કરે છે ? ઉત્તરાફાલ્ગુનીથી.

ઉત્તરા–ફાલ્ગુની **૪૦**–મુહૂર્ત અને મુહૂર્તના **૩૫/૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૬૫**–ચૂર્ણિકા ભાગો બાકી રહેતા. તે સમયે સૂર્ય કયા નક્ષત્ર વડે અમાસને પરિસમાપ્ત કરે છે ? ઉત્તરાફાલ્ગુની વડે. ચંદ્રવત્ કહેવું.

આ પાંચ સંવત્સરોની ત્રીજી અમાવાસ્યાને ચંદ્ર કયા નક્ષત્રથી પરિસમાપ્ત કરે છે ? હસ્ત વડે. હસ્તના ચાર મુહૂર્ત અને એક મુહૂર્તના **૩૦/૬૨** ભાગો અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૬૨** ચૂર્ણિકા ભાગો બાકી રહેતા પૂર્ણ કરે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી અમાવાસ્યાને પૂર્ણ કરે છે? હસ્ત વડે. હસ્તનક્ષત્રનું ચંદ્રવત્ જાણવું.

આ પાંચ સંવત્સરમાં બારમી અમાવાસ્યાને ચંદ્ર કયા નક્ષત્ર વડે પરિસમાપ્ત કરે છે? આર્દ્રા વડે. આર્દ્રાના ચાર મુહૂર્ત અને એક મુહૂર્તના **૧૦/૬૨** ભાગ તથા **૬૨**ને **૬૭** વડે છેદીને **૫૪**–ચૂર્ણિકા ભાગ બાકી રહેતા પૂર્ણ કરે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે? આર્દ્રા વડે. બાકી ચંદ્રવત્.

આ પાંચ સંવત્સરોમાં છેલ્લી બાસઠમી અમાવાસ્યા ચંદ્ર કયા નક્ષત્રથી પરિસમાપ્ત કરે છે ? પુનર્વસુ વડે. પુનર્વસુના **૨૨**–મુહૂર્ત અને એક મુહૂર્તના **૪૨/૬૨** ભાગ બાકી રહેતા.

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી અમાવાસ્યાને પૂર્ણ કરે છે? પુનર્વસુ વડે. શેષ ચંદ્રવત્ જાણવું.

### સૂત્ર–૯૬

**જે આદ્ય નક્ષત્ર સાથે જે દેશમાં ચંદ્ર યોગ કરે છે, તે આ ૮૧૯ મુહૂર્તો અને મુહૂર્તના **૨૪/૬૨** ભાગમાં **૬૨** અને **૬૭** વડે છેદીને **૬૨**–ચૂર્ણિકા ભાગ ગ્રહણ કરીને ફરી તે ચંદ્ર અન્ય સદશ નક્ષત્ર સાથે અન્ય દેશમાં યોગ કરે છે.

જે આદ્ય નક્ષત્ર સાથે જે દેશમાં ચંદ્ર યોગ કરે છે, તે આ **૧૬૩૮** મુહૂર્ત અને એક મુહૂર્તના **૪૯/૬૨** ભાગમાં **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૬૫**–ચૂર્ણિકા ભાગ ગ્રહણ કરીને ફરી પણ તે ચંદ્ર તે નક્ષત્ર સાથે અન્ય દેશમાં યોગ કરે છે

જે આદ્ય નક્ષત્ર સાથે જે દેશમાં ચંદ્ર યોગ કરે છે, તે આ – **૫૪,૯૦૦** મુહૂર્તો ગ્રહણ કરીને ફરી પણ તે ચંદ્ર અન્ય તાદૃશ એવા તે દેશમાં યોગ કરે છે.

જે આદ્ય નક્ષત્રમાં જે–જે દેશમાં ચંદ્ર યોગ કરે છે. તે આ છે **૧,૦૯,૮૦૦** મુહૂર્ત ગ્રહણ કરીને ફરી પણ તે ચંદ્ર નક્ષત્ર સાથે, તે દેશમાં યોગ કરે છે.

**જે આજના નક્ષત્રથી જે દેશમાં સૂર્ય સાથે યોગ કરે છે, તે આ છે – **૩૬૬** અહોરાત્રને ગ્રહણ કરીને ફરી પણ તે સૂર્ય બીજા તેવા પ્રકારના નક્ષત્ર વડે તે દેશમાં યોગ કરે છે.

જે આજના નક્ષત્રથી સૂર્ય તે દેશમાં યોગ કરે છે, તે આ છે – **૭૩૨** અહોરાત્ર ગ્રહણ કરીને ફરી પણ તે સૂર્ય તે જ નક્ષત્ર વડે તે દેશમાં યોગ કરે છે.

જે નક્ષત્ર વડે સૂર્ય જે દેશમાં યોગ કરે છે, તે આ છે – **૧૮૩૦** અહોરાત્ર ગ્રહણ કરીને ફરી પણ સૂર્ય અન્ય નક્ષત્ર વડે તે દેશમાં યોગ કરે છે.

જે આજના નક્ષત્ર વડે સૂર્ય જે દેશમાં યોગ કરે છે, તે આ **૩૬૬૦** અહોરાત્ર ગ્રહણ કરીને ફરી પણ તે સૂર્ય તે જ નક્ષત્ર વડે તે દેશમાં યોગ કરે છે.

### સૂત્ર–૯૭

જ્યારે આ ચંદ્ર ગતિ સમાપન્ન હોય છે(ગતિ કરે છે), ત્યારે બીજો પણ ચંદ્ર ગતિસમાપન્ન થાય છે. જ્યારે બીજો પણ ચંદ્ર ગતિ સમાપન્ન થાય છે, ત્યારે આ ચંદ્ર પણ ગતિસમાપન્ન થાય છે.

જ્યારે આ સૂર્ય ગતિ સમાપન્ન થાય છે, ત્યારે બીજો પણ સૂર્ય ગતિ સમાપન્ન થાય છે. જ્યારે બીજો સૂર્ય ગતિ સમાપન્ન હોય છે ત્યારે આ સૂર્ય પણ ગતિ સમાપન્ન હોય છે.

એ પ્રમાણે ગ્રહ અને નક્ષત્ર પણ જાણવા.

જ્યારે આ ચંદ્ર યુક્ત યોગથી થાય, ત્યારે બીજો ચંદ્ર પણ યુક્ત યોગથી થાય છે. બીજો ચંદ્ર યુક્ત યોગથી થાય ત્યારે આ ચંદ્ર પણ યુક્ત યોગ છે એ પ્રમાણે સૂર્ય, ગ્રહ, નક્ષત્ર પણ છે.

સદાને માટે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રો યોગ વડે યુક્ત હોય છે. બંને (ગ્રહ, નક્ષત્ર) ચંદ્ર સાથે યોગ કરે છે. બંને (ગ્રહ, નક્ષત્ર) સૂર્ય સાથે યોગ કરે છે. બંને (ચંદ્ર, સૂર્ય) ગ્રહ સાથે યોગ કરે છે. બંને (ચંદ્ર, સૂર્ય) નક્ષત્ર સાથે યોગ કરે છે. આ ૫૬ નક્ષત્ર મંડલના, ૧,૦૯,૮૦૦ ક્ષેત્ર પરિભાગ જાણવા. આ નક્ષત્રવિજય પ્રાભૃતમાં કહેલ છે –

તેમ જે ભગવંતે કહ્યું છે, તે હું તમને કહું છું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૧૦– ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# પ્રાભૃત-૧૧

સૂત્ર–૯૮

તે સંવત્સરની આદિ(પ્રારંભ) ક્યારથી થાય ? તેમાં નિશ્ચે આ પંચ સંવત્સરો કહેલા છે, તે આ પ્રમાણે –

**૧**. ચંદ્ર, **૨**. ચંદ્ર, **૩**. અભિવર્ધિત, **૪**. ચંદ્ર, **૫**. અભિવર્ધિત. તો આ પાંચ સંવત્સરોમાં પહેલા ચંદ્ર સંવત્સરની આદિ શું કહેલી છે ?

જે પાંચમાં અભિવર્ધિત સંવત્સરનું પર્યવસાન છે, તે પહેલા સંવત્સરની કે જે અનંતર પુરસ્કૃત સમય છે, તેની આદિ છે.

જે બીજા ચંદ્ર સંવત્સરની આદિ છે, તે પહેલા ચંદ્ર સંવત્સરનો અનંતર પશ્ચાત્કૃત સમયનું પર્યવસાન છે.

તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? ઉત્તરાષાઢા સાથે. ઉત્તરાષાઢા નક્ષત્રના **૨૬** મુહૂર્ત અને એક મુહૂર્તના **૨૬/૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને જે **૫૪** ચૂર્ણિકા ભાગ બાકી રહે ત્યારે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે? પુનર્વસુ સાથે પુનર્વસુના સોળ મુહૂર્ત અને એક મુહૂર્તના૮/**૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદતા **૨૦** ચૂર્ણિકાભાગ બાકી રહેતા.

આ પાંચ સંવત્સરોના બીજા ચંદ્ર સંવત્સરનો આરંભ ક્યાંથી થાય ? જે પહેલા સંવત્સરનું પર્યવસાન, તે બીજા ચંદ્ર સંવત્સરની આદિ, પહેલાના અનંતર પશ્ચાત્કૃત સમયને કહેવી.

તો તેનું પર્યવસાન શું કહેલ છે, તેમ કહેવું? જે ત્રીજા અભિવર્દ્ધિત સંવત્સરની આદિ છે, તે બીજા સંવત્સરનો અનંતર પશ્ચાત્કૃત સમયનું પર્યવસાન છે.

તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? પૂર્વાષાઢા સાથે. પૂર્વાષાઢાના સાત મુહૂર્ત અને એક મુહૂર્તના **૫૩/૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદતા સાત ચૂર્ણિકા ભાગ રહેતા કરે છે.

આ પાંચ સંવત્સરોમાં ત્રીજા અભિવર્દ્ધિત સંવત્સરની આદિ શું કહેલી કહેવી ? જે બીજા ચંદ્ર સંવત્સરનું પર્યવસાન છે, તે અનંતર પશ્ચાત્કૃત સમય એ ત્રીજા અભિવર્ધિત સંવત્સરની આદિ છે.

ત્રીજા સંવત્સરનું. પર્યવસાન શું કહેલ છે, તેમ કહેવું ? જે ચોથા ચંદ્ર સંવત્સરની આદિ છે, તે ત્રીજા અભિવર્ધિત સંવત્સરના પર્યવસાનનો અનંતર પશ્ચાત્કૃત સમય છે.

તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગ કરે છે? ઉત્તરાષાઢા સાથે. ઉત્તરાષાઢાના **૧૩** મુહૂર્ત અને એક મુહૂર્તના **૧૩/૬૨** ભાગ તથા તે **૬૨** ભાગને **૬૭** વડે છેદીને રહેતા **૨૭** ચૂર્ણિકા ભાગે કરે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? પુનર્વસુ સાથે. પુનર્વસુના બે મુહૂર્ત અને એક મુહૂર્તના **૫૬/૬૨** ભાગ તથા **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૬૦** ચૂર્ણિકા ભાગ બાકી રહેતા.

આ પાંચ સંવત્સરોમાં ચોથા સંવત્સરની આદિ શું કહી છે તેમ કહેવું ? જે ત્રીજા અભિવર્ધિત સંવત્સરના પર્યવસાનનો અનંતર પશ્ચાત્કૃત સમય છે, તે ચોથા સંવત્સરની આદિ છે.

ચોથા સંવત્સરનું. પર્યવસાન શું કહેવું ? જે છેલ્લા અભિવર્ધિત સંવત્સરની આદિ, તે ચોથા સંવત્સરના પર્યવસાનમાં અનંતર પશ્ચાત્કૃત સમય છે, તેમ કહેવું.

તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? ઉત્તરાષાઢાથી. ઉત્તરાષાઢા નક્ષત્રના **૪૦**–મુહૂર્તો અને એક મુહૂર્તના **૪૦/૬૨** ભાગ તથા **૬૨** ભાગને **૬૭** વડે છેદતા **૬૪** ચૂર્ણિકા ભાગ બાકી રહેતા.

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? પુનર્વસુ સાથે પુનર્વસુના **૨૯**–મુહૂર્ત અને એક મુહૂર્તના **૨૧/૬૨** ભાગ તથા **૬૨** ભાગને **૬૭** વડે છેદતા **૪૭**–ચૂર્ણિકા ભાગ બાકી રહેતા.

આ પાંચ સંવત્સરોમાં પાંચમાં અભિવર્દ્ધિત સંવત્સરની આદિ શું કહેલી છે, તેમ કહેવું ? જે ચોથા ચંદ્ર સંવત્સરના પર્યવસાનનો અનંતર પશ્ચાત્કૃત સમય છે, તે પાંચમાં સંવત્સરની આદિ છે.

પાંચમાં સંવત્સરનું. પર્યવસાન શું કહેલ છે ? જે પહેલા ચંદ્ર સંવત્સરની આદિ છે, તે પાંચમાં અભિવર્દ્ધિત સંવત્સરના પર્યવસાનનો અનંતર પશ્ચાત્કૃત સમય છે.

તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગ કરે છે? ઉત્તરાષાઢા સાથે. ઉત્તરાષાઢા નક્ષત્રના છેલ્લા સમયે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? પુષ્ય સાથે. પુષ્યના **૧૯** મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના **૪૩/૬૨** માં **૬૨** ભાગને **૬૭** વડે છેદતા **૩૩**–ચૂર્ણિકા ભાગ બાકી રહેતા.

મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૧૧– ગુજરાતી અનુવાદ પૂર્ણ

# પ્રાભૃત–૧૨

સૂત્ર–૯૯

કેટલા સંવત્સરો કહેલા છે ?

પાંચ સંવત્સરો કહેલા છે, તે આ પ્રમાણે – નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, સૂર્ય અને અભિવર્દ્ધિત.

તે આ પાંચ સંવત્સરોમાં પહેલા નક્ષત્ર સંવત્સરના નક્ષત્રમાસમાં ૩૦ મુહૂર્ત વડે અહોરાત્રથી માપતા કેટલા અહોરાત્રથી કહેલ છે ?

તે **૨૭** અહોરાત્ર, એક અહોરાત્રના **૨૧/૬૭** ભાગ, (૨૭–૨૧/૬૭)અહોરાત્ર વડે કહેલ છે, તેમ કહેવું.

એક નક્ષત્ર માસના મુહૂર્ત્તાગ્રથી કહેલ છે ? તે ૮૧૯ મુહૂર્ત અને મુહૂર્તના **૨૭/૬૭** ભાગ મુહૂર્ત્તાગ્રથી કહેલ છે.

આ કાળને બાર ગણો કરવાથી નક્ષત્ર સંવત્સર થાય.

તે કેટલા અહોરાત્રથી કહેલ છે ? તે **૩૨૭** અહોરાત્ર અને અહોરાત્રના **૫૬/૬૭** ભાગ અહોરાત્રાગ્રથી કહેલ છે.

તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેલ છે ? તે૯૮૩૨ મુહૂર્ત અને મુહૂર્તના **૫૬/૬૭** ભાગ મુહૂર્ત્તાગ્રથી કહેલ છે.

આ પાંચ સંવત્સરોમાં બીજા ચંદ્ર સંવત્સરના ચંદ્ર માસ **૩૦** મુહૂર્ત વડે – અહોરાત્રથી ગણવામાં આવતા કેટલા અહોરાત્રાગ્રથી કહેવા ? તે **૨૯** અહોરાત્ર અને અહોરાત્રના **૩૨/૬૨** ભાગ અહોરાત્રાગ્રથી કહેવા.

તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેવા ? તે ૮૮૫ મુહૂર્ત અને મુહૂર્તના **૩૦/૬૨** ભાગ મુહૂર્ત્તાગ્રથી કહેવા.

આ કાળને બારગણો કરતા ચંદ્ર સંવત્સર આવે.

તે કેટલા અહોરાત્રથી કહેવું ? તે **૩૫૪** અહોરાત્ર અને અહોરાત્રના **૧૨/૬૨** ભાગ અહોરાત્રાગ્રથી કહેવું.

તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેવું? તે **૧૦,૬૨૫** મુહૂર્ત અને મુહૂર્તના **૫૦/૬૨** ભાગથી કહેવું.

આ પાંચ સંવત્સરોમાં ત્રીજા ઋતુ સંવત્સરના ઋતુ માસમાં ત્રીસ–ત્રીસ મુહૂર્તથી ગણતા એક અહોરાત્રના હિસાબે અહોરાત્ર કહેલ છે,?

એક ઋતુ માસના **૩૦** અહોરાત્ર થાય.

તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેલ છે,? એક ઋતુમાસમાં ૯૦૦ મુહૂર્ત હોય છે.

આટલા કાળને બાર ગણો કરતા ઋતુ સંવત્સર આવે. તે કેટલા અહોરાત્રાગ્રથી કહેલ કહેવું? તે **૩૬૦** અહોરાત્રને અહોરાત્રાગ્રથી કહેવું. તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેલ છે તેમ કહેવું? તે **૧૦,૮૦૦** મુહૂર્ત્તાગ્રથી કહેલું કહેવું.

આ પાંચ સંવત્સરોમાં ચોથા આદિત્ય સંવત્સરનો સૂર્યમાસ **૩૦–૩૦** મુહૂર્તથી અહોરાત્ર વડે ગણતા કેટલા અહોરાત્ર કહેલા કહેવા ? તે **૩૦** અહોરાત્ર અને સાર્દ્ધ અહોરાત્રથી કહેવું. તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેલું કહેવું? તે**૯૧૫** મુહૂર્ત્તાગ્રથી કહેવું. આ કાળને બારગણુ કરતા આદિત્ય સંવત્સર થાય.

એક સૂર્ય સંવત્સરમાં કેટલા અહોરાત્ર હોય? એક સૂર્ય સંવત્સરમાં **૩૬૬** અહોરાત્ર હોય. તેમાં કેટલા મુહૂર્ત હોય? તેમાં **૧૦,૯૮૦** મુહૂર્ત કહેવા.

આ પાંચ સંવત્સરોમાં પાંચમાં અભિવર્ધિત સંવત્સરના અભિવર્ધિત માસમાં **૩૦–૩૦** મુહૂર્ત ગણતા કેટલા અહોરાત્રાગ્રથી કહેલુ કહેવું ? તે **૩૧** અહોરાત્ર અને **૩૧** મુહૂર્ત તથા **૧૭/૬૨** મુહૂર્તના અહોરાત્રાગ્રથી કહેલ કહેવું. તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેલું કહેવું? તે ૯૫૯ મુહૂર્ત અને મુહૂર્તના **૧૭/૬૨** ભાગ મુહૂર્ત્તાગ્રથી કહેલું કહેવું. આ કાળને બારગણુ કરી અભિવર્દ્ધિત સંવત્સર થાય.

તે કેટલા અહોરાત્રાગ્રથી કહેલ છે ? **૩૮૩** અહોરાત્ર અને **૨૧–૧૮/૬૨** મુહૂર્તના અહોરાત્રથી કહેલ છે. તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેલ છે? **૧૧,૫૧૧** મુહૂર્ત અને **૧૮/૬૨** ભાગ મુહૂર્ત્તાગ્રથી કહેલ છે, તેમ કહેવું.

સૂત્ર–૧૦૦

નોયુગ કેટલા અહોરાત્રથી કહેલ છે ? પૂર્વોક્ત પાંચે સંવત્સરવાળા નોયુગમાં **૧૭૯૧** અહોરાત્ર અને **૧૯** મુહૂર્ત તથા મુહૂર્તના **૫૭/૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૫૫**–ચૂર્ણિકા ભાગથી અહોરાત્રનું પરિમાણ કહેલ છે, તેમ કહેવું.

તે કેટલા મુહૂર્ત પરિમાણથી કહેલ છે, તેમ કહેવું ? તે **૫૩,૭૪૯** મુહૂર્ત અને એક મુહૂર્તના **૫૭/૬૨** ભાગ, તથા **૬૨**–ભાગને **૬૭** વડે છેદીને–**૫૫** ચૂર્ણિકા ભાગ મુહૂર્ત પરિમાણથી કહેલા છે, તેમ કહેવું.

તે યુગપ્રાપ્ત અહોરાત્ર પ્રમાણ કેટલું છે તેમ કહેવું ? તે **૩૮**–અહોરાત્ર અને **૧૦** મુહૂર્ત તથા એક મુહૂર્તના **૪/૬૨** ભાગ તેમજ **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૧૨**–ચૂર્ણિકા ભાગ અહોરાત્ર પ્રમાણથી કહેલ છે, તેમ કહેવું.અર્થાત ૩૮ અહોરાત્ર અને ૧૦–૪/૬૨ + ૧૨/૬૭ ભાગ)થી પરિપૂર્ણ યુગની પ્રાપ્તિ થાય છે.

તે કેટલા મુહૂર્ત પરિમાણથી કહેલ છે તેમ કહેવું? તે **૧૧૫૦** મુહૂર્ત અને એક મુહૂર્તના **૪/૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૧૨**–ચૂર્ણિકા ભાગ મુહૂર્ત પરિમાણથી કહેલ કહેવું.

તે યુગ કેટલા અહોરાત્રથી કહેલ છે, તેમ કહેવું ? તે **૧૮૩૦** અહોરાત્રના પ્રમાણથી કહેલ છે, તે કેટલા મુહૂર્ત પરિમાણથી કહેલ છે, તે કહેવું ? તે **૫૪,૯૦૦** મુહૂર્ત, મુહૂર્ત પરિમાણથી કહેલ છે. તે કેટલા **૬૨** ભાગ મુહૂર્ત પરિમાણથી કહેલ છે, તેમ કહેવું ? તે **૩૪** લાખ અને **૩૮૦૦** બાસઠાંશ ભાગ, મુહૂર્તાગ્રથી કહેલ છે.

સૂત્ર–૧૦૧

આ સૂર્ય–ચંદ્ર સંવત્સરનો કેટલા સમયે સાથે પ્રારંભ અને સાથે અંત થાય છે ? આ **૬૦**–સૂર્યમાસો અને **૬૨**–ચંદ્રમાસો હોય છે,

આ કાળને છ ગણો કરીને **૧૨** વડે વિભક્ત કરતા પ્રાપ્ત સંખ્યા જેટલા સંવત્સરે સહ સમાપ્તિ થાય છે. જેમ – યુગના સૂર્યમાસ ૬૦ x ૬ = ૩૬૦. આ ૩૬૦ ને ૧૨ વડે ભાંગતા**૩૦** સૂર્ય–સંવત્સર થાય છે. અને ૬૨ x ૬ =૩૭૨. આ ૩૭૨ ને ૧૨ વડે ભાંગતા ૩૧ –ચંદ્ર સંવત્સરો થાય છે. ત્યારે આ સૂર્ય–ચંદ્ર સંવત્સરો સમાન આદિ અને સમાન અંતવાળા થાય છે, તેવું કહેલ છે એમ સ્વ શિષ્યોને. કહેવું.

ક્યારે આ સૂર્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર સંવત્સરો સમાન આદિ અને સમાન અંતવાળા કહેલ છે તેમ કહેવું ? આ **૬૦**–સૂર્યમાસ, **૬૧**–ઋતુમાસ, **૬૨**–ચંદ્રમાસ, **૬૭**–નક્ષત્રમાસ. આ કાળને **૧૨** ગણો કરીને **૧૨** વડે વિભક્ત કરતા આ **૬૦**–સૂર્ય સંવત્સર, આ **૬૧**–ઋતુ સંવત્સર, આ **૬૨**–ચંદ્ર સંવત્સર, આ **૬૭**–નક્ષત્ર સંવત્સર થાય, ત્યારે આ સૂર્ય–ઋતુ–ચંદ્ર–નક્ષત્ર સંવત્સરો સમાન આદિ અને સમાન અંતવાળા કહેલ છે, તેમ સ્વ શિષ્યોને. કહેવું.

આ અભિવર્ધિત, સૂર્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર સંવત્સર ક્યારે સમાન આદિ અને સમાન અંતવાળા કહેલા છે તેમ કહેવું ? તે **૫૭** અભિવર્ધિત માસ, સાત અહોરાત્ર, **૧૧**–મુહૂર્ત અને એક મુહૂર્તના **૨૩/૬૨** ભાગે આ અભિવર્ધિત માસ હોય છે. આ **૬૦** આદિત્યમાસ, આ **૬૧**–ઋતુમાસ, આ **૬૨**–ચંદ્રમાસ, આ **૬૭**–નક્ષત્રમાસ. આટલા કાળને **૧૫૬** વડે ગુણીને, **૧૨**–વડે વિભક્ત કરતા **૭૪૪** અભિવર્ધિત સંવત્સર આવે,

૬૦ x ૧૫૬ = ૯૩૬૦**,** તે ૯૩૬૦ ને ૧૨ વડે ભાંગતા **૭૮૦ આવે** એ આદિત્ય સંવત્સર,

**૬૧ x ૧૫૬ = ૯૫૧૬ ભાંગ્યા ૧૨ = ૭૯૩** એ ઋતુ સંવત્સર,

**૬૨ x ૧૫૬ = ૯૬૭૨ ભાંગ્યા ૧૨ =** ૮૦૬ ચંદ્ર સંવત્સર અને

**૬૭ x ૧૫૬ = ૧૦૪૫૨ ભાંગ્યા ૧૨ =** ૮૭૧ એટલા નક્ષત્ર સંવત્સરો થાય છે –

ત્યારે આ અભિવર્ધિત, આદિત્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર સંવત્સરો સમાન આદિ અને સમાન અંતવાળા થાય છે,

તેમ કહેલ છે, એમ સ્વ શિષ્યોને. કહેવું.

તે નયાર્થપણે ચંદ્ર સંવત્સર **૩૫૪** અહોરાત્ર, અહોરાત્રના **૧૨/૬૨** અહોરાત્ર પ્રમાણથી કહેલ છે. તે જ ચંદ્ર સંવત્સર યથાતથ્યથી **૩૫૪**–અહોરાત્ર અને પાંચ મુહૂર્ત તથા **૫૦/૬૨** ભાગ મુહૂર્ત કહેલ છે,(૩૫૪ અહોરાત્ર અને ૫–૫૦/૬૨ ભાગ થાય) તેમ સ્વ શિષ્યોને. કહેવું.

### સૂત્ર–૧૦૨, ૧૦૩

**૧૦૨.** તેમાં નિશ્ચે આ છ **ઋતુઓ કહેલ છે, તે આ પ્રમાણે – પ્રાવૃષ, વર્ષારાત્ર, શરદ, હેમંત, વસંત, ગ્રીષ્મ.**

આ બધી ચંદ્ર ઋતુઓ બે માસ પ્રમાણ થાય છે અને સંવત્સરના **૩૫૪–૩૫૪** અહોરાત્ર વડે ગણતા સાતિરેક **૫૯–૫૯** અહોરાત્ર પ્રમાણથી હોય છે.

તેમાં નિશ્ચે આ છ અહોરાત્ર – ઘટતી રાત્રિ કહેલી છે, તે આ પ્રમાણે – ત્રીજા પર્વમાં, સાતમાં પર્વમાં, અગિયારમું પર્વ, પંદરમું પર્વ, ઓગણીસમું પર્વ, તેવીશમાં પર્વમાં.

તેમાં નિશ્ચે આ છ અતિરાત્ર–અધિકરાત્રિ કહેલી છે, તે આ પ્રમાણે – ચોથા પર્વમાં, આઠમાં પર્વમાં, બારમાં પર્વમાં, સોળમાં પર્વમાં, વીસમા પર્વમાં, ચોવીશમાં પર્વમાં.

**૧૦૩.** સૂર્યમાસની અપેક્ષાએ છ અતિરાત્ર અને ચંદ્ર માસની અપેક્ષાએ છ અવમરાત્રિના માનથી હોય છે.

### સૂત્ર–૧૦૪

તેમાં નિશ્ચે આ પાંચ વર્ષાકાલિકી અને પાંચ હૈમંતિક એ દશ આવૃત્તિઓ કહેલી છે.

તે આ પાંચ સંવત્સરોમાં પહેલી વર્ષાકાલિકી આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે? તે અભિજિત નક્ષત્ર સાથે અભિજિત નક્ષત્રના પહેલા સમય વડે યોગ કરે છે..

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી યોગ કરે છે ? પુષ્યથી પુષ્યના **૧૯** મુહૂર્ત અને એક મુહૂર્તના **૪૩/૬૨** ભાગ તથા **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૩૩**–ચૂર્ણિકા (૩૩/૬૭)ભાગ બાકી રહેતા યોગ કરે છે.

આ પાંચ સંવત્સરોમાં બીજી વર્ષાકાલિકી આવૃત્તિનો ચંદ્ર કયા નક્ષત્રથી યોગ કરે છે ? મૃગશિર્ષ નક્ષત્ર વડે. મૃગશિર્ષ નક્ષત્રના **૧૧**–મુહૂર્ત અને એક મુહૂર્તના **૩૯/૬૨** ભાગ, તથા **૬૨**–ભાગને **૬૭** વડે છેદીને **૫૩**–ચૂર્ણિકા ભાગ બાકી રહેતા યોગ કરે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? પુષ્યથી. પુષ્યનું વર્ણન પહેલી વર્ષાકાલિકીવત્ કરવું.

આ પાંચ સંવત્સરોમાં ત્રીજી વર્ષાકાલિકી આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? વિશાખા વડે. વિશાખાના **૧૩**-મુહૂર્તો અને એક મુહૂર્તના **૫૪/૬૨** ભાગ અને **૬૨**-ભાગને **૬૭** વડે છેદીને **૪૪** ચૂર્ણિકા ભાગ બાકી રહેતા યોગ કરે છે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? પુષ્ય વડે. પુષ્ય સંબંધી યોગ પૂર્વવત્ જ કહેવો.

આ પાંચ સંવત્સરોમાં ચોથી વર્ષાકાલિકી આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્રથી યોગ કરે છે ?

રેવતી વડે. રેવતીના **૨૫**–મુહૂર્ત અને એક મુહૂર્તના **૬૨**–ભાગો તથા **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૩૨**–ચૂર્ણિકા ભાગો રહેતા યોગ કરે છે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે? પુષ્ય વડે. પુષ્ય સંબંધી યોગ પૂર્વવત્ જ કહેવો.

આ પાંચ સંવત્સરોમાં પાંચમી વર્ષાકાલિકી આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ?

પૂર્વાફાલ્ગુની વડે. પૂર્વા ફાલ્ગુનીના **૧૨**–મુહૂર્તો અને એક મુહૂર્તના ૪૭/**૬૨** ભાગના **૬૨** ભાગનો **૬૭** ભાગ વડે છેદીને **૧૩**–ચૂર્ણિકા ભાગ બાકી રહેતા, યોગ કરે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી યોગ કરે છે? પુષ્ય વડે. પુષ્ય સંબંધી યોગ પૂર્વવત્.

સૂત્ર–૧૦૫

તે આ પાંચ સંવત્સરોમાં પહેલી હૈમંતકાલિકી આવૃત્તિ ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે? હસ્ત વડે. હસ્તના પાંચ મુહૂર્ત અને એક મુહૂર્તના **૫૦/૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૬૦** ચૂર્ણિકા ભાગો બાકી રહેતા, યોગ કરે છે..

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી યોગ કરે છે ? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના છેલ્લા સમયે.

તે આ પાંચ સંવત્સરોમાં બીજી હૈમંતિકી આવૃત્તિનો ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે? શતભિષા વડે. શતભિષજા બે મુહૂર્તો અને એક મુહૂર્તના **૨૮/૬૨** ભાગ અને **૬૨** ભાગને **૬૭** વડે છેદીને **૪૬**–ચૂર્ણિકા ભાગો બાકી રહેતા યોગ કરે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી યોગ કરે છે ? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના છેલ્લા સમયે કરે.

તે પાંચ સંવત્સરોમાં ત્રીજી હેમંત ઋતુકાલીન આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? પુષ્ય વડે. પુષ્ય નક્ષત્રના **૧૯** મુહૂર્તો અને એક મુહૂર્તના **૪૩/૬૨** ભાગો અને તે **૬૨** ભાગના **૬૭** ભાગ છેદીને **૩૩**–ચૂર્ણિકા ભાગો બાકી રહેતા યોગ કરે.(૧૯–૪૩/૬૨ +૩૩/૬૭ મુહુર્ત)

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? તે ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના છેલ્લા સમયે.

તે આ પાંચ સંવત્સરોમાં ચોથી હેમંત ઋતુકાલીન આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? મૂલ વડે. મૂલ નક્ષત્રના છ મુહૂર્તો અને એક મુહૂર્તના **૫૮/૬૨** ભાગો અને **૬૨**–ભાગને **૬૭** વડે છેદતા **૨૦** ચૂર્ણિકા ભાગો બાકી રહેતા યોગ કરે છે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના છેલ્લા સમયે.

આ પાંચ સંવત્સરોમાં પાંચમી હેમંત ઋતુકાલીન આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્રથી યોગ કરે છે ? કૃતિકા વડે. કૃતિકાના **૧૮**–મુહૂર્તો અને એક મુહૂર્તના **૩૬/૬૨** ભાગો અને **૬૨** ભાગને **૬૭** વડે છેદતા છ ચૂર્ણિકા ભાગો બાકી રહેતા યોગ કરે છે.

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના છેલ્લા સમયે.

સૂત્ર–૧૦૬

તેમાં નિશ્ચે આ દશ ભેદે યોગ કહેલ છે, તે આ રીતે – વૃષભાનુયોગ, વેણુકાનુયોગ, મંચયોગ, મંચાતિમંચયોગ, છત્રયોગ, છત્રાતિછત્રયોગ, યુગનદ્ધયોગ, ઘનસંમર્દયોગ, પ્રીણિતયોગ, મંડકપ્લુતયોગ.

આ પાંચ સંવત્સરોમાં છત્રાતિછત્ર યોગને ચંદ્ર કયા દેશમાં જોડે છે ? તે જંબૂદ્વીપ દ્વીપના પૂર્વ–પશ્ચિમ તથા ઉત્તર–દક્ષિણ લાંબી જીવા વડે **૧૨૪** મંડલ વડે છેદીને ૩૧–૩૧ વિભાગવાળા ૪ વિભાગ થાય છે.

તે ચાર વિભાગમાંથી દક્ષિણ–પૂર્વ ચતુર્ભાગ મંડલમાં **૨૭** ભાગ ગ્રહણ કરીને **૨૦** વડે છેદીને–**૧૮** ભાગ ગ્રહણ કરીને ૨૭–૧૮/૨૦ભાગ વ્યતીત કર્યા પછી ચોથા વિભાગના ૨–૨/૨૦ કળા બાકી રહેતા અહીં તે ચંદ્ર છત્રાતિછત્ર યોગને જોડે છે.

ઉપર ચંદ્ર, મધ્યમાં નક્ષત્ર અને નીચે સૂર્ય. તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? તે ચરમ સમયે ચિત્રા વડે યોગ કરે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૧૨– ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# પ્રાભૃત-૧૩

સૂત્ર–૧૦૭

કઈ રીતે તે ચંદ્રમાની વૃદ્ધિ–હાનિ કરેલા છે ? ચંદ્ર ૮૮૫ મુહૂર્ત અને એક મુહૂર્તના **૩૦/૬૨** ભાગ પર્યંતવૃદ્ધિ કે હાનિને પામે છે.

શુક્લપક્ષ થકી અંધકાર પક્ષમાં ગમન કરતો ચંદ્ર–**૪૪૨** મુહૂર્ત અને એક મુહૂર્તના **૪૬/૬૨** ભાગમાં જેટલો ચંદ્ર જાય છે, તે આ પ્રમાણે –

પહેલા દિવસે પહેલો ભાગ, બીજે દિવસે બીજો ભાગ યાવત્ પંદરમે દિવસે પંદરમો ભાગ, છેલ્લા સમયે ચંદ્ર વિરક્ત થાય છે, બાકીના સમયમાં ચંદ્ર રક્ત અને વિરક્ત પણ થાય.

આ અમાવાસ્યા, આ અમાવાસ્યાનું પહેલું પર્વ છે. તે અંધાર અર્થાત્ કૃષ્ણપક્ષ છે.

તે જ્યોત્સના–શુક્લ પક્ષમાં ગતિ કરતા ચંદ્ર **૪૪૨**–મુહૂર્ત અને મુહૂર્તના **૪૬/૬૨** ભાગમાં ચંદ્ર વિરક્ત થાય છે, તે આ પ્રમાણે – પહેલા દિવસે પહેલો ભાગ, બીજા દિવસે બીજો ભાગ યાવત્ પંદરમે દિવસે પંદરમો ભાગ. છેલ્લા સમયમાં ચંદ્ર વિરક્ત થાય છે, બાકીના સમયમાં ચંદ્ર રક્ત કે વિરક્ત થાય છે.

આ પૂર્ણિમા છે, આ પૂર્ણિમામાં બીજું પર્વ છે.

સૂત્ર–૧૦૮

પાંચ વર્ષના યુગમાં નિશ્ચે આ **૬૨**–પૂર્ણિમા અને **૬૨**–અમાવાસ્યાઓ કહેલી છે. **૬૨** પૂર્ણિમા સંપૂર્ણ વિરક્ત અર્થાત અનાવરિત હોય છે.અને **૬૨** મી અમાસ સંપૂર્ણ રક્ત–અવરાયેલી હોય છે.

આ **૧૨૪**–પર્વ, આ **૧૨૪** સંપૂર્ણ રક્ત–વિરક્ત છે. જેટલા પાંચ સંવત્સરોના સમયો **૧૨૪**–સમયથી ન્યૂન છે, એટલા પરિત્ત અસંખ્યાતા દેશ રક્ત–વિરક્ત થાય છે.

અમાવાસ્યાથી પૂર્ણિમા **૪૪૨**–મુહૂર્તો અને મુહૂર્તના **૪૬/૬૨** ભાગ કહેલ છે, તેમ કહેવું.

તે પૂર્ણિમાથી અમાવાસ્યા **૪૪૨** મુહૂર્તો અને મુહૂર્તના **૪૬/૬૨** ભાગ કહેલ છે, તેમ કહેવું.

તે અમાવાસ્યાથી અમાવાસ્યા૮૮૫ મુહૂર્ત અને એક મુહૂર્તના **૩૦/૬૨** ભાગ કહેલ છે, તેમ કહેવું.

તે પૂર્ણિમાથી પૂર્ણિમા–૮૮૫ મુહૂર્ત અને મુહૂર્તના **૩૦/૬૨** ભાગ કહેલા છે, તેમ કહેવું.

આ આટલો ચંદ્રમાસ, આટલો સર્વ યુગ છે.

સૂત્ર–૧૦૯

ચંદ્ર અર્ધમાસ વડે કેટલા મંડલો ગતિ કરે છે ? તે ચૌદ અને પંદરમાં મંડલનો ચતુર્ભાગ ગતિ કરે છે અને મંડલના **૧૨૪**–ભાગા તે ગતિ કરે છે..

સૂર્ય–અર્ધમાસમાં ચંદ્ર કેટલા મંડલો ગતિ કરે છે ? **૧૬**–મંડલો ગતિ કરે છે. સોળ મંડલચારમાં ત્યારે અવરાતા નિશ્ચે બે અષ્ટકોમાં ચંદ્ર કેટલા અસામાન્યકમાં સ્વયં જ પ્રવેશી–પ્રવેશીને ગતિ કરે છે?

આ તે બે અષ્ટકો છે, જેમાં ચંદ્ર, કોઈ અસામાન્યકમાં સ્વયં જ પ્રવેશી–પ્રવેશીને ગતિ કરે છે. તે આ પ્રમાણે – અમાસના અંતેથી નિષ્ક્રમણ કરતા અને પૂર્ણિમાસાંતમાં પ્રવેશ કરતા.

નિશ્ચે આ બે અષ્ટકો જ્યારે ચંદ્ર કોઈ અસામાન્યમાં સ્વયં જ પ્રવેશી–પ્રવેશીને ગતિ કરે છે, તે પ્રથમ અયનગત ચંદ્ર દક્ષિણના ભાગથી પ્રવેશ કરતા સાત અર્ધમંડલમાં જે ચંદ્ર દક્ષિણના ભાગથી પ્રવેશ કરતો ગતિ કરે છે, નિશ્ચે તે કેટલા સાત અર્ધમંડલો છે, જેમાં ચંદ્ર દક્ષિણ ભાગથી પ્રવેશ કરતો ગતિ કરે છે ?

નિશ્ચે આ તે સાત અર્ધમંડલો જેમાં ચંદ્ર દક્ષિણ ભાગથી પ્રવેશ કરતા ગતિ કરે છે, તે બીજું અર્દ્ધમંડલ, ચોથું

અર્ધમંડલ, છઠ્ઠું અર્ધમંડલ, આઠમું અર્ધમંડલ, દશમું અર્ધમંડલ, બારમું અર્ધમંડલ, ચૌદમું અર્ધમંડલ છે.

નિશ્ચે આ સાત અર્ધમંડલો છે, જેમાં ચંદ્ર દક્ષિણ ભાગથી પ્રવેશ કરતો ગતિ કરે છે.

તે પહેલાં અયનગત ચંદ્ર ઉત્તરના ભાગથી પ્રવેશ કરતો છ અર્ધમંડલ અને અર્ધમંડલના **૧૩/૬૭** ભાગો જેમાં ચંદ્ર ઉત્તરના ભાગથી પ્રવેશ કરતો ચાર ચરે છે. નિશ્ચે કયા તે છ અર્ધમંડલો અને અર્ધમંડલના **૧૩/૬૭** ભાગો છે, જેમાં ચંદ્ર ઉત્તરના ભાગથી પ્રવેશ કરતો ગતિ કરે છે ?

નિશ્ચે આ તે છ અર્ધમંડલો અને અર્ધમંડલના **૧૩/૬૭** ભાગો છે, જેમાં ચંદ્ર ઉત્તરના ભાગથી પ્રવેશ કરતો ગતિ કરે છે, તે આ પ્રમાણે – ત્રીજા અર્ધમંડલમાં, પાંચમાં અર્ધમંડલમાં, સાતમા અર્ધમંડલમાં, નવમાં અર્ધમંડલમાં, અગિયારમા અર્ધમંડલમાં, તેરમા અર્ધમંડલમાં, પંદર મંડલના **૧૩/૬૭** ભાગ. તે આ છ અર્ધમંડલો અને અર્ધમંડલના **૧૩/૬૭** ભાગમાં જ્યાં ચંદ્ર ઉત્તર ભાગથી પ્રવેશ કરતો ચાર ચરે છે.

આટલા પ્રમાણમાં પહેલું ચંદ્ર–અયન સમાપ્ત થાય.

જે નક્ષત્ર અર્ધમાસ ચંદ્ર અર્ધમાસ નથી, ચંદ્ર અર્ધમાસ તે નક્ષત્ર અર્ધમાસ નથી.

તે નક્ષત્ર અર્ધમાસથી તે ચંદ્ર ચંદ્ર અર્ધમાસથી કેટલો અધિક ગતિ કરે છે ? એક અર્ધમંડલ અને અર્ધમંડલના **૪/૬૭** ભાગ, અને **૬૭** ભાગને **૩૧** વડે છેદીને નવ ભાગ એટલા પ્રમાણમાં(૧,૪/૬૭, ૯/૩૧) ગતિ કરે છે.

તે બીજા અયનગત ચંદ્ર પૂર્વ ભાગથી નીકળતો સાત અર્ધ મંડલના–ચોપન સડસઠાંશ (૫૪/૬૭) ભાગ જઈને ચંદ્ર બીજાએ ચીર્ણ માર્ગને પ્રતિચરે છે અને સાત અર્ધ મંડલના તેરસ સડસઠાંશ (૧૩/૬૭) ભાગ જઈને ચંદ્ર પોતાના ચિર્ણને ચરે છે.

તે બીજા અયનગત ચંદ્ર પશ્ચિમ ભાગથી નિષ્ક્રમણ કરતો **૫૪** ભાગ જઈ ચંદ્ર બીજાનો ચિર્ણ માર્ગ પ્રતિચરે છે અને છ–તેરસ જઈને ચંદ્ર સ્વયં ચિર્ણને પ્રતિચરે છે. અપરક નિશ્ચે બે–તેરસ ભાગ જેમાં ચંદ્ર કેટલા અસામાન્ય માર્ગમાં સ્વયં જ પ્રવેશી–પ્રવેશીને ગતિ કરે છે ? નિશ્ચે તે બે અર્ધમંડલના–તેર સડસઠાંશ(૧૩/૬૭)ભાગ છે, જેમાં ચંદ્ર કેટલા અસામાન્ય માર્ગમાં પ્રવેશી–પ્રવેશીને ગતિ કરે છે – ચાર ચરે છે તેમ કહ્યું છે. તે સર્વ બાહ્ય અને સર્વ અભ્યંતર મંડળ ઉપર (૧૩/૬૭) ભાગ ચાલે છે

નિશ્ચે આ તે બે–તેરસ ભાગ છે, જેમાં ચંદ્ર કેટલાક યાવત્ ચારને ચરે છે. આટલા પ્રમાણમાં બીજું ચંદ્ર–અયન સમાપ્ત થાય છે. તેમ જાણવું.

તે નક્ષત્રમાસ, ચંદ્રમાસ નથી અને ચંદ્રમાસ નક્ષત્રમાસ નથી.

તે નક્ષત્રમાસથી ચંદ્ર માસ કેટલો અધિક ચરે છે ? નક્ષત્રમાસ કરતા ચંદ્રમાસમાં ચંદ્ર, બે અર્ધમંડળ અને ત્રીજા અર્ધ મંડળના ૮/**૬૭** ભાગો તથા૬૭ ભાગને **૩૧** વડે છેદીને **૧૮**–ભાગ ગતિ કરે છે. અર્થાત (૨–૮/૬૭, ૧૮/૩૧) ભાગ અધિક ચાલે છે.

તે ત્રીજા અયનમાં રહેલ ચંદ્ર પશ્ચિમ ભાગથી પ્રવેશ કરતો બાહ્ય અનંતર પશ્ચિમના અર્ધમંડલના **૪૧/૬૭** ભાગો જેમાં ચંદ્ર પોતાના કે બીજાના ચીર્ણ માર્ગને ચરે છે. **૧૩/૬૭** ભાગ જેમાં ચંદ્ર બીજાના ચીર્ણને પ્રતિચરે છે. **૧૩/૬૭** ભાગ ચંદ્ર સ્વયં ચીર્ણ માર્ગને પ્રતિચરે છે. આટલામાં બાહ્ય અનંતર પશ્ચિમી અર્ધમંડલ સમાપ્ત થાય છે.

તે અયનગત ચંદ્ર પૂર્વ ભાગથી પ્રવેશતા બાહ્ય ત્રીજા પૂર્વના અર્દ્ધમંડલને **૪૧/૬૭** ભાગ જેમાં ચંદ્ર પોતાના અને બીજાના ચીર્ણ માર્ગને પ્રતિચરે છે. **૧૩/૬૭** ભાગ જેમાં ચંદ્ર બીજાનો ચીર્ણ માર્ગ પ્રતિચરે છે અને **૧૩/૬૭** ભાગ, જેમાં ચંદ્ર પોતાના ચીર્ણ માર્ગ પ્રતિચરે છે. આટલામાં બાહ્ય ત્રીજા પૂર્વી અર્ધમંડલમાં સમાપ્ત થાય છે.

તે ત્રીજા અયનગત ચંદ્ર પશ્ચિમ ભાગથી પ્રવેશતો બાહ્ય ચોથા પશ્ચિમી અર્ધમંડલના સ્વ–પર ચલિત ૮/૬૭ અને **૧૮** ભાગને **૩૧**–વડે છેદીને–**૧૮** ભાગો જેમાં ચંદ્ર પોતાના કે બીજાના ચીર્ણ માર્ગને પ્રતિચરે છે. આટલા

કાળમાં બાહ્ય ચોથું પશ્ચિમી અર્ધમંડલ સમાપ્ત થાય છે.

એ પ્રમાણે ચંદ્રમાસથી ચંદ્ર ૫૪/૬૭ ભાગ ઉપર બે વાર ચાલીને જેમાં ચંદ્ર બીજાનો ચીર્ણ માર્ગ પ્રતિચરે છે. ત્યાં ૧૩/૬૭ મંડળ ભાગ ઉપર તેર–વાર ચાલે છે. જેમાં ચંદ્ર સ્વયં ચીર્ણ માર્ગને પ્રતિચરે છે.

સ્વ અને પર ચલિત ૪૧/૬૭ મંડળ ભાગ ઉપર બે વખત, ૧૩/૬૭ મંડળ ભાગ ઉપર બે વખત, ૮/૬૭, ૧૮/૩૧ મંડળ ભાગ ઉપર એક વખત ચાલે છે. અન્ય અચલિત ૧૩/૬૭ મંડળ ભાગ ઉપર પ્રવેશીને બે વખતગતિ કરે છે.

એ રીતે આ ચંદ્રમાસ અભિગમન–નિષ્ક્રમણ, વૃદ્ધિહાનિ, અનવસ્થિત સંસ્થાન સંસ્થિતિ, વિકુર્વણા–ઋદ્ધિ પ્રાપ્ત રૂપી ચંદ્ર દેવ ચંદ્ર દેવ કહેલ છે, તેમ કહેવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૧૩– ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# પ્રાભૃત-૧૪

સૂત્ર-૧૧૦

ક્યારે તે જ્યોત્સના અર્થાત ચંદ્ર પ્રકાશ ઘણો હોય છે ? તે જ્યોત્સના અર્થાત શુક્લપક્ષમાં ચંદ્ર પ્રકાશ ઘણો હોય તેમ કહેલ છે ? તે અંધકાર (કૃષ્ણ) પક્ષ કરતા જ્યોત્સના ઘણી હોય તેમ કહેલ છે ? શું તે અંધકાર પક્ષથી જ્યોત્સના પક્ષમાં ચંદ્ર પ્રકાશ ઘણો હોય છે, એવું સ્વશિષ્યોને કહેવું ? ત્યારે કહે છે –.

અંધકાર (કૃષ્ણ)પક્ષથી જ્યોત્સના (શુક્લ)પક્ષમાં ગમન કરતો ચંદ્ર **૪૪૨** મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના **૪૬/૬૨** ભાગમાં, જેમાં ચંદ્ર વિરક્ત(અનાવૃત્ત કે પ્રગટ) થાય છે. તે આ રીતે –

પહેલા દિવસે પહેલો ભાગ, બીજા દિવસે બીજો ભાગ યાવત્ પંદરમાં દિવસે પંદરમો ભાગ, એ પ્રમાણે નિશ્ચે અંધકાર પક્ષથી જ્યોત્સના પક્ષમાં ચંદ્ર પ્રકાશ અધિક કહેલી છે.

જ્યોત્સના પક્ષમાં તે જ્યોત્સના કેટલી અધિક કહેલી છે ? તે પરિમિત્ત અસંખ્ય ભાગ વધારે પ્રકાશ છે.

તે અંધકારમાં કેટલો અધિક કહેલ છે ? તે અંધકાર (કૃષ્ણ)પક્ષમાં ઘણો અંધકાર કહેલ છે.

તે અંધકાર પક્ષમાં અંધકાર કેટલો અધિક કહેલો છે ? તે જ્યોત્સના પક્ષથી અંધકાર પક્ષમાં અંધકાર અધિક કહેલ છે, તેમ સ્વ શિષ્યોને. કહેવું.

તે જ્યોત્સના પક્ષથી અંધકાર પક્ષ અંધકારમાં કેટલો અધિક કહેલ છે, તેમ કહેવું ? તે જ્યોત્સના પક્ષથી અંધકાર પક્ષમાં ગમન કરતો ચંદ્ર **૪૪૨** મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના **૪૬/૬૨** ભાગમાં જ્યાં ચંદ્ર રંજિત થાય છે, તે આ પ્રમાણે–

પ્રથમ દિવસે પ્રથમ ભાગ, બીજે દિવસે બીજો ભાગ યાવત્ પંદરમા દિવસે પંદરમો ભાગ.

એ પ્રમાણે નિશ્ચે જ્યોત્સના પક્ષથી અંધકારપક્ષમાં અંધકાર અધિક કહેલો છે, તેમ કહેવો.

તે કેટલા અંધકારપક્ષમાં અંધકાર કહેલ છે ? પરિત્ત, અસંખ્યાત ભાગમાં.

મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત-૧૪- ગુજરાતી અનુવાદ પૂર્ણ

# પ્રાભૃત-૧૫

સૂત્ર-૧૧૧

ભગવન્ ! ચંદ્ર-સૂર્ય-ગ્રહગણ-નક્ષત્ર-તારારૂપમાં બધાથી શીઘ્રગતિવાળું કોણ છે ? આ ચંદ્ર-સૂર્ય-ગ્રહગણ-નક્ષત્ર-તારારૂપમાં ચંદ્ર કરતા સૂર્ય શીઘ્રગતિ, સૂર્ય કરતા ગ્રહો શીઘ્રગતિ, ગ્રહો કરતા નક્ષત્રો શીઘ્રગતિ, નક્ષત્રો કરતા તારાઓ શીઘ્રગતિ છે. સર્વ અલ્પ ગતિક ચંદ્ર છે, સર્વ શીઘ્રગતિક તારા છે.

ચંદ્ર, પ્રતિ મુહુર્તમાં મંડળ પરિધિના કેટલા ભાગ ઉપર ગમન કરે છે ?

ચંદ્ર, જે જે મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય, તે તે મંડળની પરિધિના ૧,૦૯,૮૦૦ ભાગમાંથી ૧૭૬૮ ભાગ ઉપર એક મુહુર્તમાં ગમન કરે છે.

સૂર્ય, પ્રતિ મુહુર્તમાં મંડળ પરિધિના કેટલા ભાગ ઉપર ગમન કરે છે ?

સૂર્ય, જે જે મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય, તે તે મંડળની પરિધિના ૧,૦૯,૮૦૦ ભાગમાંથી ૧૮૩૦ ભાગ ઉપર એક મુહુર્તમાં ગમન કરે છે.

નક્ષત્ર, પ્રતિ મુહુર્તમાં મંડળ પરિધિના કેટલા ભાગ ઉપર ગમન કરે છે ?

નક્ષત્ર, જે જે મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય, તે તે મંડળની પરિધિના ૧,૦૯,૮૦૦ ભાગમાંથી ૧૮૩૫ ભાગ ઉપર એક મુહુર્તમાં ગમન કરે છે.

સૂત્ર-૧૧૨

જ્યારે ચંદ્ર ગતિ સમાપન્નક હોય, ત્યારે સૂર્ય ગતિ સમાપન્નક હોય છે, તે ગતિ માત્રાથી કેટલા વિશેષ હોય ? અર્થાત ચંદ્ર કરતા સૂર્યની ગતિ કેટલી વધુ હોય છે ?

પ્રત્યેક મુહુર્તે ચંદ્ર કરતા સૂર્ય બાસઠ ભાગ વધુ ચાલે છે.

જ્યારે ચંદ્ર ગતિ સમાપન્નક હોય ત્યારે નક્ષત્ર ગતિ સમાપન્નક હોય છે, તે ગતિમાત્રાથી કેટલા વિશેષ હોય ? અર્થાત ચંદ્ર કરતા નક્ષત્રની ગતિ કેટલી વધુ હોય છે ?

પ્રત્યેક મુહુર્તે ચંદ્ર કરતા સૂર્ય સડસઠ ભાગ વધુ ચાલે છે.

જ્યારે સૂર્ય ગતિ સમાપન્નક હોય ત્યારે નક્ષત્ર પણ ગતિ સમાપન્નક હોય છે, તો તે ગતિમાત્રાથી કેટલા વિશેષ હોય ? અર્થાત સૂર્ય કરતા નક્ષત્રની ગતિ કેટલી વધુ હોય છે ?

પ્રત્યેક મુહુર્તે સૂર્ય કરતા નક્ષત્ર પાંચ ભાગ વધુ ચાલે છે.

જ્યારે ચંદ્ર ગતિ સમાપન્નક હોય, ત્યારે અભિજિત નક્ષત્ર ગતિ સમાપન્નક થઈ પૂર્વ ભાગથી યોગ કરે છે, પૂર્વ ભાગથી યોગ કરતા નવ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૭/૬૭ ભાગ ચંદ્ર સાથે યોગ કરે છે, યોગ કરતા, યોગ અનુપરિ-વર્તિત કરે છે, યોગ અનુપરિવર્તિત કરીને તેને છોડે છે, પછી વિગત યોગી(યોગ રહિત) થાય છે.

જ્યારે ચંદ્ર ગતિસમાપન્નક હોય, ત્યારે શ્રવણ નક્ષત્ર ગતિસમાપન્નક થઈ, પૂર્વ ભાગથી યોગ કરે છે, પૂર્વ ભાગથી યોગ કરતા ૩૦ મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે, યોગ કરીને યોગને અનુપરિવર્તિત કરે છે, યોગને અનુપરિવર્તિત કરીને તેને છોડે છે, વિગત યોગી (યોગ રહિત) થાય છે.

એ પ્રમાણે આ અભિલાપથી ઉત્તરાષાઢા નક્ષત્ર સુધીના નક્ષત્રોનું કથન કરવું, તેમાં – પંદર મુહૂર્તો, ત્રીશ મુહૂર્તો, પિસ્તાળીશ મુહૂર્તો કહેવા.

જ્યારે ચંદ્ર ગતિ સમાપન્નક હોય ત્યારે ગ્રહો ગતિ સમાપન્નક હોય છે, તે પૂર્વ ભાગથી યોગ કરે છે, પૂર્વ ભાગથી યોગ કરીને ચંદ્રની સાથે યોગથી જોડાય છે, જોડાઈને યોગને અનુપરિવર્તિત કરે છે, અનુપરિવર્તિત કરીને તેને છોડે છે.

પછી યોગરહિત થઈ જાય છે.

જ્યારે સૂર્ય ગતિ સમાપન્નક હોય ત્યારે અભિજિત નક્ષત્ર ગતિ સમાપન્નક થઈ પૂર્વના ભાગથી યોગ કરે છે, પૂર્વના ભાગથી યોગ કરીને ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સૂર્ય સાથે યોગ જોડે છે, જોડીને યોગને અનુપરિવર્તિત કરે છે, કરીને તેને છોડે છે, યોગરહિત થાય છે.

એ પ્રમાણે અહોરાત્ર છ અને એકવીશ મુહૂર્ત, તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત, વીશ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત બધું કહેવું યાવત્ જ્યારે સૂર્ય ગતિસમાપન્નક હોય ત્યારે ઉત્તરાષાઢા નક્ષત્ર ગતિસમાપન્નક થઈ પૂર્વના ભાગથી યોગ કરે છે. પૂર્વના ભાગથી યોગ કરીને ૨૦ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત સૂર્યની સાથે યોગ જોડે છે, યોગ જોડીને યોગને અનુપરિવર્તિત કરે છે. યોગ અનુપરિવર્તિત કરીને છોડે છે – છોડે છે – છોડે છે અને યોગરહિત પણ થઈ જાય છે.

જ્યારે સૂર્ય ગતિસમાપન્નક હોય ત્યારે નક્ષત્ર ગ્રહ. ગતિ સમાપન્નક થાય છે, પૂર્વના ભાગથી યોગ કરે છે, પૂર્વ ભાગ યોગ કરીને સૂર્યની સાથે યોગ જોડે છે, જોડીને યોગને અનુપરિવર્તિત કરે છે, અનુપરિવર્તિત કરીને યાવત્ છોડે છે, અને યોગરહિત થઈ જાય છે.

## સૂત્ર–૧૧૩

તે નક્ષત્ર માસથી ચંદ્ર કેટલા મંડલ ગતિ કરે છે ? તેર મંડલ અને મંડલના ૧૩/૬૭ ભાગ ગતિ કરે છે.

તે નક્ષત્ર માસથી સૂર્ય કેટલા મંડલ ગતિ કરે છે ? તેર મંડલ અને મંડલના ૪૪/૬૭ ભાગ ગતિ કરે છે.

તે નક્ષત્ર માસથી નક્ષત્ર કેટલા મંડ ગતિ કરે છે ? તેર મંડલ અને સાડા ૪૬/૬૭ ભાગ મંડલ ગતિ કરે છે.

તે ચંદ્ર માસથી ચંદ્ર કેટલા મંડલ ગતિ કરે છે ? સવા ચૌદ મંડલ અને મંડલના ૩૨/૧૨૪ ભાગ ગતિ કરે છે.

તે ચંદ્ર માસથી સૂર્ય કેટલા મંડલ ગતિ કરે છે? પોણા પંદર મંડલ અને મંડલના ૯૩/૧૨૪ ભાગ ગતિ કરે છે.

તે ચંદ્ર માસથી નક્ષત્ર કેટલા મંડલ ગતિ કરે છે ? પોણા પંદર મંડલ અને મંડલના ૯૯/૧૨૪ ભાગ ગતિ કરે.

તે ઋતુ માસથી ચંદ્ર કેટલા મંડલ ગતિ કરે છે ? ચૌદ મંડલ અને મંડલના ૩૦/૬૧ ભાગ ગતિ કરે છે.

તે ઋતુ માસથી સૂર્ય કેટલા મંડલ ગતિ કરે છે ? પંદર મંડલ તે સૂર્ય ગતિ કરે છે.

તે ઋતુ માસથી નક્ષત્ર કેટલા મંડલ ગતિ કરે છે ? તે પંદર મંડલ અને ૫/૧૨૨ ભાગ મંડલના, ગતિ કરે છે.

તે સૂર્ય માસથી ચંદ્ર કેટલા મંડલ ગતિ કરે છે ? ચૌદ મંડલ અને મંડલના ૧૧–ભાગ ગતિ કરે છે.

તે સૂર્ય માસથી સૂર્ય કેટલા મંડલ ગતિ કરે છે ? સવા પંદર મંડલ તે સૂર્ય ગતિ કરે છે.

તે સૂર્ય માસથી નક્ષત્ર કેટલા મંડલ ગતિ કરે છે ? સવા પંદર મંડલ અને મંડલના ૩૫/૧૨૦ ભાગ ગતિ કરે.

તે અભિવર્ધિત માસથી ચંદ્ર કેટલા મંડલ ગતિ કરે છે? ૧૫ મંડલ અને મંડલના ૮૩/૧૮૬ ભાગ ગતિ કરે છે.

તે અભિવર્ધિત માસથી સૂર્ય કેટલા મંડલ ગતિ કરે છે ? ૧૬ મંડલ અને ત્રિભાગન્યૂન ૨૪૫/૨૪૮ મંડલ ભાગ ઉપર ગતિ કરે છે.

તે અભિવર્ધિત માસથી નક્ષત્ર કેટલા મંડલ ગતિ કરે છે ? ૧૬ મંડલ અને ૪૭ ભાગ અધિક ૧૪૮૮ મંડલ છેદીને ગતિ કરે છે.

## સૂત્ર–૧૧૪

તે એક–એક અહોરાત્ર વડે ચંદ્ર કેટલા મંડલોને ચરે છે ? તે એક અર્ધમંડલ અને ૩૧ ભાગ વડે ન્યૂન ૯૧૫ વડે અર્ધમંડલને છેદીને ચરે છે – ગતિ કરે છે.

તે એક–એક અહોરાત્ર વડે સૂર્ય કેટલા મંડલ ગતિ કરે છે ? તે એક અર્ધમંડલ ગતિ કરે છે.

તે એક–એક અહોરાત્ર વડે નક્ષત્ર કેટલા મંડલ ગતિ કરે છે ? તે એક અર્ધમંડલ અને બે ભાગ વડે અધિક ૭૩૨ અર્ધમંડલોને છેદીને ચરે છે – ગતિ કરે છે.

તે એક–એક મંડલને ચંદ્ર કેટલા અહોરાત્ર વડે ગતિ કરે છે ? તે બે અહોરાત્ર વડે એકત્રીશ ભાગ અધિક વડે **૪૪૨** અહોરાત્ર વડે છેદીને ચરે છે – ગતિ કરે છે.

તે એક–એક મંડલને સૂર્ય કેટલા અહોરાત્ર વડે ગતિ કરે છે ? તે બે અહોરાત્ર વડે ગતિ કરે છે.

તે એક–એક મંડલને નક્ષત્ર કેટલા અહોરાત્ર વડે ગતિ કરે છે ? તે બે અહોરાત્ર વડે, બે ન્યૂન વડે ત્રણસો સડસઠ અહોરાત્ર વડે છેદીને ચરે છે – ગતિ કરે છે.

તે યુગમાં ચંદ્ર કેટલા મંડલોમાં ગતિ કરે છે ? તે **૮૮૪** મંડલમાં ચરે છે – ગતિ કરે છે.

તે યુગમાં સૂર્ય કેટલા મંડલોમાં ગતિ કરે છે ? તે **૯૧૫** મંડલમાં ચરે છે – ગતિ કરે છે.

તે યુગમાં નક્ષત્ર કેટલા મંડલોમાં ગતિ કરે છે ? તે **૧૮૩૫** અર્ધમંડલમાં (નવ સો સાડા સત્તર મંડળ)ચરે છે – ગતિ કરે છે.

આ મુહૂર્તગતિ નક્ષત્ર, અતિમાસ, અહોરાત્ર, યુગ મંડલ પ્રવિભક્તા શીઘ્રગતિ વસ્તુ કહેલ છે – તેમ હું કહું છું.

મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૧૫– ગુજરાતી અનુવાદ પૂર્ણ

# પ્રાભૃત-૧૬

**સૂત્ર–૧૧૫**

તે જ્યોત્સના–પ્રકાશનું લક્ષણ શું છે ? ચંદ્રની લેશ્યાને જ જ્યોત્સના–પ્રકાશ કહે છે.

જ્યોત્સના અને ચંદ્રલેશ્યાનો શો અર્થ છે ? અને કયા લક્ષણ છે ?

તે બંને એકાર્થક અને એકલક્ષણ જ છે.

આતાપનું શું લક્ષણ છે ?

સૂર્યની લેશ્યા(સૂર્ય પ્રકાશ)ને આતપ કહે છે.

સૂર્યની લેશ્યા અને આતપનો શો અર્થ છે ? અને કયા લક્ષણ છે ?

તે બંને એકાર્થક અને એકલક્ષણ છે.

છાયાનું શું લક્ષણ છે ? છાયા જ અંધકાર છે.

છાયા અને અંધકારનો શો અર્થ અને કયા લક્ષણ છે ?

તે બંને એકાર્થક અને એકલક્ષણ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૧૬ – ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# પ્રાભૃત–૧૭

**સૂત્ર–૧૧૬**

ચંદ્ર અને સૂર્યનું ચ્યવન (મરણ) અને ઉપપાત કઈ રીતે કહેલા છે ? ચંદ્ર અને સૂર્યનું ચ્યવન અને ઉપપાતના વિષયમાં આ પચીશ પ્રતિપત્તિઓ(અન્યતીર્થિકની માન્યતા) કહેલી છે –

**૧.** તેમાં એક એમ કહે છે કે – અનુસમય જ ચંદ્ર–સૂર્ય અન્ય સ્થાને ચ્યવી, અન્યત્ર ઉપજે છે.

**૨.** એક વળી એમ કહે છે કે – અનુમુહૂર્ત્ત જ ચંદ્ર–સૂર્ય અન્ય સ્થાને ચ્યવી, અન્યત્ર ઉપજે છે.

**૩ થી ૨૫.** એ પ્રમાણે જેમ પૂર્વે કહેલ છે, તેમ યાવત્ એક વળી એમ કહે છે કે – તે અનુ ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં જ ચંદ્ર અને સૂર્ય અન્યત્ર ચ્યવે છે અને અન્યત્ર ઉપજે છે.

પરંતુ અમે (ભગવંત) એમ કહીએ છીએ કે – તે ચંદ્ર અને સૂર્ય દેવો મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલી, મહા યશસ્વી, મહાસૌખ્ય, મહાનુભાવ, ઉત્તમ વસ્ત્રધારી, ઉત્તમ માળાધારી, ઉત્તમ ગંધધારી, ઉત્તમ આભરણધારી, અવ્યવચ્છિન્ન નયાર્થતાથી કાળની સમાપ્તિમાં અન્ય સ્થાને ચ્યવી, અન્યત્ર ઉપજે છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૧૭– ગુજરાતી અનુવાદ પૂર્ણ

# પ્રાભૃત-૧૮

## સૂત્ર–૧૧૭ થી ૧૨૨

**૧૧૭.** ચંદ્ર, સૂર્ય સમતલ ભૂમિથી કેટલી ઉંચાઈએ છે ? ચંદ્ર, સૂર્યની સમતલ ભૂમિથી ઉંચાઈના વિષયમાં નિશ્ચે આ પચીશ પ્રતિપત્તિઓ (અન્યતીર્થિકની માન્યતા) કહેલી છે –

૧. કોઈ અન્યતીર્થિક એમ કહે છે – સૂર્ય **૧૦૦૦** યોજન સૂર્ય અને ચંદ્ર **૧૫૦૦** યોજનની ઉંચાઈએ છે.

૨. એક વળી એમ કહે છે કે – સૂર્ય **૨૦૦૦** યોજન અને ચંદ્ર **૨૫૦૦** યોજન ઉપર ઉચ્ચત્વથી કહેલ છે.

૩. એક વળી એમ કહે છે કે – સૂર્ય **૩૦૦૦** યોજન અને ચંદ્ર **૩૫૦૦** યોજન ઉપર ઉચ્ચત્વથી કહેલ છે.

૪. એક વળી એમ કહે છે કે – સૂર્ય **૪૦૦૦** યોજન અને ચંદ્ર **૪૫૦૦** યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.

૫. એક વળી એમ કહે છે કે – સૂર્ય **૫૦૦૦** યોજન અને ચંદ્ર **૫૫૦૦** યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.

૬. એક વળી એમ કહે છે કે – સૂર્ય **૬૦૦૦** યોજન અને ચંદ્ર **૬૫૦૦** યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.

૭. એક વળી એમ કહે છે કે – સૂર્ય **૭૦૦૦** યોજન અને ચંદ્ર **૭૫૦૦** યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.

૮. એક વળી એમ કહે છે કે – સૂર્ય**૮૦૦૦** યોજન અને ચંદ્ર **૮૫૦૦** યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.

૯. એક વળી એમ કહે છે કે – સૂર્ય**૯૦૦૦** યોજન અને ચંદ્ર **૯૫૦૦** યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.

૧૦. એક વળી એમ કહે છે કે – સૂર્ય **૧૦,૦૦૦** યોજન અને ચંદ્ર **૧૦,૫૦૦** યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.

૧૧. એક વળી એમ કહે છે કે – સૂર્ય **૧૧,૦૦૦** યોજન અને ચંદ્ર **૧૧,૫૦૦** યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.

ઉક્ત આલાવા વડે આગળ આ પ્રમાણે જાણવું –

૧૨. સૂર્ય–**૧૨,૦૦૦** અને ચંદ્ર **૧૨,૫૦૦**

૧૩. સૂર્ય–**૧૩,૦૦૦** અને ચંદ્ર **૧૩,૫૦૦**

૧૪. સૂર્ય–**૧૪,૦૦૦** અને ચંદ્ર **૧૪,૫૦૦**

૧૫. સૂર્ય–**૧૫,૦૦૦** અને ચંદ્ર **૧૫,૫૦૦**

૧૬. સૂર્ય–**૧૬,૦૦૦** અને ચંદ્ર **૧૬,૫૦૦**

૧૭. સૂર્ય–**૧૭,૦૦૦** અને ચંદ્ર **૧૭,૫૦૦**

૧૮. સૂર્ય–**૧૮,૦૦૦** અને ચંદ્ર **૧૮,૫૦૦**

૧૯. સૂર્ય–**૧૯,૦૦૦** અને ચંદ્ર **૧૯,૫૦૦**

૨૦. સૂર્ય–**૨૦,૦૦૦** અને ચંદ્ર **૨૦,૫૦૦**

૨૧. સૂર્ય–**૨૧,૦૦૦** અને ચંદ્ર **૨૧,૫૦૦**

૨૨. સૂર્ય–**૨૨,૦૦૦** અને ચંદ્ર **૨૨,૫૦૦**

૨૩. સૂર્ય–**૨૩,૦૦૦** અને ચંદ્ર **૨૩,૫૦૦**

૨૪. સૂર્ય–**૨૪,૦૦૦** અને ચંદ્ર **૨૪,૫૦૦** એક એમ કહે છે.

૨૫. એક વળી એમ કહે છે – સૂર્ય **૨૫,૦૦૦** યોજન અને ચંદ્ર **૨૫,૫૦૦** યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે.

પરંતુ અમે (ભગવંત) એમ કહે છે કે – આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી **૭૯૦** યોજન ઊંચે જઈને નીચે તારા વિમાન ચાર ચરે છે.૮૦૦ યોજન ઊંચે જઈને સૂર્ય વિમાન ચાર ચરે છે,૮૮૦ યોજન ઊંચે જઈને ચંદ્ર વિમાન ચાર ચરે છે.૯૦૦ યોજન ઊંચે જઈને ઉપર તારા વિમાન ચાર ચરે છે.

સૌથી નીચે તારા વિમાન, ત્યાંથી **૧૦** યોજન ઉપર જઈને સૂર્ય વિમાન ચાર ચરે છે,૯૦ યોજન ઉપર જઈને

ચંદ્રવિમાન ચાર ચરે છે, **૧૧૦** યોજન ઊંચે જઈને તારા ચાર ચરે છે.

સૂર્ય વિમાનથી૮૦ યોજન ઊંચે જઈને ચંદ્ર વિમાન ચાર ચરે છે, **૧૦૦** યોજન ઊંચે જઈને સૌથી ઉપર તારા ચાર ચરે છે.

ચંદ્ર વિમાનથી **૨૦** યોજન ઉપર જઈને સૌથી ઊંચે તારા વિમાન ચાર ચરે છે.

એ પ્રમાણે પૂર્વા-પરથી **૧૧૦** યોજન બાહલ્યથી તીર્છા અસંખ્ય જ્યોતિષ્ક દેવો ચાર ચરે છે, તેમ કહ્યું.

**૧૧૮.** ચંદ્ર-સૂર્ય દેવોના વિમાનની નીચેના ક્ષેત્રમાં રહેલ તારા વિમાનના દેવો અલ્પઋદ્ધિક છે કે તુલ્ય ઋદ્ધિક છે ?

ચંદ્ર-સૂર્ય દેવોના વિમાનની સમશ્રેણીએ રહેલ તારા વિમાનના દેવો અલ્પઋદ્ધિક છે કે તુલ્યઋદ્ધિક છે ?

ચંદ્ર-સૂર્ય દેવોના વિમાનની ઉપરના ક્ષેત્રમાં રહેલ તારાવિમાનના દેવો અલ્પઋદ્ધિક છે કે તુલ્ય ઋદ્ધિક છે ?

હા, તે પ્રમાણે અલ્પઋદ્ધિક છે કે તુલ્ય ઋદ્ધિક હોય છે.

*** ચંદ્ર-સૂર્ય દેવોના વિમાનની નીચેના ક્ષેત્રમાં કે સમશ્રેણીએ કે ઉપરના ક્ષેત્રમાં રહેલ તારાવિમાનના દેવો, ચંદ્ર આદિ દેવો કરતા શામાટે અલ્પઋદ્ધિક કે તુલ્ય ઋદ્ધિક હોય છે ?

તે તારારૂપ દેવોનું જે પ્રકારે તપ-નિયમ-બ્રહ્મચર્ય પૂર્વભવમાં હોય, તેમ-તેમ તે દેવો આવા પ્રકારે અલ્પઋદ્ધિક છે કે તુલ્ય ઋદ્ધિક થાય છે. એ પ્રમાણે નિશ્ચે ચંદ્ર-સૂર્ય દેવોના નીચેના ક્ષેત્રમાં કે સમશ્રેણીએ કે ઉપરના ક્ષેત્રમાં રહેલ તારાવિમાનના દેવો અલ્પઋદ્ધિક છે કે તુલ્ય ઋદ્ધિક હોય.

**૧૧૯.** તે એક-એક ચંદ્ર દેવનો કેટલા ગ્રહ દેવોનો પરિવાર છે ? કેટલા નક્ષત્ર દેવોનો પરિવાર છે ? કેટલો તારા દેવોનો પરિવાર છે ?

તે એક-એક ચંદ્ર દેવના૮૮ ગ્રહ દેવોનો પરિવાર કહેલ છે, **૨૮** નક્ષત્ર દેવોનો પરિવાર કહેલ છે. તથા. –

**૧૨૦.** એક ચંદ્રનો પરિવાર **૬૬,૯૭૫** કોડાકોડી તારા દેવ છે.

**૧૨૧.** તે મેરુ પર્વતને કેટલા અબાધાથી જ્યોતિષ્ક ચાર ચરે છે ? તે **૧૧૨૧** યોજન અબાધાથી જ્યોતિષ્ક ચાર ચરે છે.

લોકાંતથી કેટલી અબાધાથી જ્યોતિષ્ક કહેલ છે ? **૧૧૧૧**-યોજન અબાધાથી જ્યોતિષ્ક કહેલ છે.

**૧૨૨.** તે જંબૂદ્વીપ દ્વીપ કેટલા નક્ષત્ર સર્વાભ્યંતરથી ચાર ચરે છે ? કેટલા નક્ષત્ર સર્વ બાહ્યથી ચાર ચરે છે ? કેટલા નક્ષત્ર સૌથી નીચે ચાર ચરે છે ?

અભિજિત નક્ષત્ર સર્વાભ્યંતરથી ચાર ચરે છે. મૂલ નક્ષત્ર સર્વ બાહ્યથી ચાર ચરે છે, સ્વાતિ નક્ષત્ર સર્વથી ઉપર ચાર ચરે છે, ભરણી નક્ષત્ર સૌથી નીચે ચાર ચરે છે.

### સૂત્ર-૧૨૩, ૧૨૪

**૧૨૩.** ચંદ્ર વિમાન કયા આકારે છે?

તે અર્દ્ધ કપિત્થક સંસ્થાન સંસ્થિત, સર્વ સ્ફટિકમય, અભ્યુદ્‌ગત ઉસિત પ્રહસિત વિવિધ મણિ-રત્ન વડે આશ્ચર્ય ચકિત યાવત્ પ્રતિરૂપ છે. એ પ્રમાણે સૂર્ય વિમાન, ગ્રહવિમાન, નક્ષત્ર વિમાન, તારાવિમાન જાણવા.

*** તે ચંદ્રવિમાન કેટલા આયામ-વિષ્કંભથી અને કેટલા પરિક્ષેપથી, કેટલા બાહલ્યથી કહેલ છે ?

તે ચંદ્રવિમાન **૫૬/૬૧** ભાગ યોજન આયામ અને વિષ્કંભથી છે, તેનાથી ત્રિગુણ સવિશેષ પરિધિથી (સાધિક ૨-૪૬/૬૧)યોજન અને યોજનના **૨૮/૬૧** ભાગ બાહલ્યથી કહેલ છે.

*** તે સૂર્ય વિમાન આયામ–વિષ્કંભથી કેટલું છે, ઇત્યાદિ પ્રશ્ન૦ –

તે સૂર્ય વિમાન યોજનના **૪૮/૬૧** ભાગ આયામ–વિષ્કંભથી, ત્રિગુણ સવિશેષ (૨–૨૨/૬૧ યોજન) પરિધિથી, યોજનના **૨૪/૬૧** ભાગ બાહલ્યથી છે.

***તે ગ્રહ વિમાન કેટલું આયામાદિથી છે, તે પૃચ્છા.

તે ગ્રહવિમાન અર્ધયોજન(૩૦ાા/૬૧)આયામ–વિષ્કંભથી, ત્રિગુણ સવિશેષ(સાધિક દોઢયોજન) પરિધિથી, એક કોશ યોજન બાહલ્યથી છે.

***તે નક્ષત્ર વિમાન કેટલું આયામાદિથી છે, તે પૃચ્છા.

તે નક્ષત્ર વિમાન એક કોશ આયામ–વિષ્કંભથી, તેનાથી ત્રિગુણ સવિશેષ (સાધિક ૩ કોશ) પરિધિથી, અર્ધકોશ બાહલ્યથી કહેલ છે.

***તે તારા વિમાન કેટલું આયામ આદિથી છે, તે પૃચ્છા.

તે તારા વિમાન અર્ધ કોશ આયામ–વિષ્કંભથી, તેનાથી ત્રિગુણ સવિશેષ (સાધિક દોઢ ગાઉ) પરિધિથી અને **૫૦૦** ધનુષ બાહલ્યથી છે.

***તે ચંદ્ર વિમાન કેટલા હજાર દેવો પરિવહે છે ? **૧૬,૦૦૦** દેવો ચંદ્ર વિમાનનું પરિવહન કરે છે. તેમાં પૂર્વથી સિંહ રૂપધારી **૪૦૦૦** દેવો પરિવહન કરે છે. દક્ષિણમાં હાથી રૂપધારી **૪૦૦૦** દેવો પરિવહન કરે છે. પશ્ચિમમાં વૃષભ રૂપધારી **૪૦૦૦** દેવો પરિવહન કરે છે. ઉત્તરમાં અશ્વ રૂપધારી **૪૦૦૦** દેવો પરિવહન કરે છે.

એ પ્રમાણે સૂર્ય વિમાનને પણ જાણવું.

***તે ગ્રહ વિમાનને કેટલા હજાર દેવો પરિવહન કરે છે ? તેને ૮૦૦૦ દેવો પરિવહન કરે છે. તે આ પ્રમાણે – પૂર્વથી સિંહ રૂપધારી **૨૦૦૦** દેવો પરિવહન કરે છે. દક્ષિણમાં હાથી રૂપધારી **૨૦૦૦** દેવો પરિવહન કરે છે. પશ્ચિમમાં વૃષભ રૂપધારી **૨૦૦૦** દેવો પરિવહન કરે છે. ઉત્તરમાં અશ્વ રૂપધારી **૨૦૦૦** દેવો પરિવહન કરે છે.

***તે નક્ષત્ર વિમાનને કેટલા હજાર દેવો પરિવહન કરે છે ? તે **૪૦૦૦** દેવો વહન કરે છે. તે આ પ્રમાણે – પૂર્વથી સિંહ રૂપધારી **૧૦૦૦** દેવો પરિવહન કરે છે. દક્ષિણમાં હાથી રૂપધારી **૧૦૦૦** દેવો પરિવહન કરે છે. પશ્ચિમમાં વૃષભ રૂપધારી **૧૦૦૦** દેવો પરિવહન કરે છે. ઉત્તરમાં અશ્વ રૂપધારી **૧૦૦૦** દેવો પરિવહન કરે છે.

***તે તારા વિમાનને કેટલા હજાર દેવો પરિવહન કરે છે ? તેને **૨૦૦૦** દેવો પરિવહન કરે છે. તે આ પ્રમાણે – પૂર્વથી સિંહ રૂપધારી **૫૦૦** દેવો પરિવહન કરે છે. દક્ષિણમાં હાથી રૂપધારી **૫૦૦** દેવો પરિવહન કરે છે. પશ્ચિમમાં વૃષભ રૂપધારી **૫૦૦** દેવો પરિવહન કરે છે. ઉત્તરમાં અશ્વ રૂપધારી **૫૦૦** દેવો પરિવહન કરે છે.

**૧૨૪.** આ ચંદ્ર–સૂર્ય–ગ્રહ–નક્ષત્ર–તારામાં કોણ કોનાથી શીઘ્રગતિ કે મંદગતિ છે ?

ચંદ્રથી સૂર્ય શીઘ્રગતિ છે. સૂર્યથી ગ્રહો શીઘ્રગતિ છે. ગ્રહોથી નક્ષત્ર શીઘ્રગતિ છે. નક્ષત્રોથી તારા શીઘ્રગતિ છે. સર્વ થી અલ્પગતિ ચંદ્ર છે, સર્વ શીઘ્રગતિ તારા છે.

*** આ ચંદ્ર–સૂર્ય–ગ્રહ–નક્ષત્ર–તારારૂપ કોણ કોનાથી અલ્પ ઋદ્ધિવાળા કે મહાઋદ્ધિવાળા છે ?

તારાથી મહાઋદ્ધિવાન નક્ષત્ર, નક્ષત્રથી ગ્રહો મહર્દ્ધિક છે, ગ્રહોથી સૂર્ય મહર્દ્ધિક છે, સૂર્યથી ચંદ્ર મહર્દ્ધિક છે.

સૌથી અલ્પઋદ્ધિક તારા છે, સૌથી મહર્દ્ધિક ચંદ્ર છે.

## સૂત્ર–૧૨૫ થી ૧૨૮

**૧૨૫.** તે જંબૂદ્વીપ દ્વીપમાં એક તારાથી બીજા તારાનું કેટલું અબાધાથી અંતર કહેલ છે ?

અંતર બે પ્રકારે છે – વ્યાઘાતિમ અને નિર્વ્યાઘાતિમ.

તેમાં જે તે વ્યાઘાતિમ અંતર છે, તે જઘન્યથી **૨૬૬** યોજન અને ઉત્કૃષ્ટથી **૧૨૨૪૨** યોજન એક તારારૂપથી બીજા તારારૂપનું અબાધાથી અંતર કહેલ છે.

તેમાં જે નિર્વ્યાઘાતિમ અંતર છે, તે જઘન્યથી **૫૦૦** ધનુષ અને ઉત્કૃષ્ટથી અર્ધયોજન એક તારારૂપથી બીજા તારારૂપનું અબાધાથી અંતર કહેલ છે.

**૧૨૬.** તે જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રની અગ્રમહિષીઓ કેટલી કહી છે ? તે ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે છે – ચંદ્રપ્રભા, જ્યોત્સનાભા, અર્ચિમાલી, પ્રભંકરા.

તેમાં એક–એક દેવીનો **૪૦૦૦** દેવીઓનો પરિવાર કહેલ છે. તે દેવીઓ બીજા **૪૦૦૦** દેવીના પરિવારને વિકુર્વવા સમર્થ છે. એ પ્રમાણે બધી મળીને **૧૬,૦૦૦** દેવીઓ થાય. તેની એક ત્રુટિક જાણવી.

શું તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર, ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં તે ત્રુટિક સાથે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિહરવાને સમર્થ છે ? ના, તેમ ન થાય.

તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં દેવીઓની ત્રુટિક સાથે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિહરવાને શા માટે સમર્થ નથી ?

તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રના ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં માણવક ચૈત્ય સ્તંભોમાં વજ્રમય ગોલ વૃત્ત સમુદ્ગતમાં ઘણા જિનસક્થિ સંનિક્ષિપ્ત રહે છે.

તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર અને બીજા ઘણા જ્યોતિષ્ક દેવો અને દેવીઓને અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ–મંગલ–દૈવત–ચૈત્યરૂપ અને પર્યુપાસનીય છે. એવા કારણથી જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્મા સભામાં દેવીત્રુટિક સાથે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરવાને સમર્થ થઈ શકતો નથી.

પરંતુ. તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં ચંદ્ર સિંહાસનમાં બેસીને **૪૦૦૦** સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત અનિક, સાત અનિકાધિપતિઓ, **૧૬,૦૦૦** આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણા જ્યોતિષ્ક દેવો અને દેવીઓ સાથે સંપરિવરીને મોટી આહત–નૃત્ય–ગીત–વાજિંત્ર–તંત્રી–તલ–તાલ–ત્રુટિત–ધન મૃદંગના કરાતા મધુર સ્વર વડે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરવાને સમર્થ છે, માત્ર પરિવારઋદ્ધિ વડે વિચરી શકે, પણ મૈથુન નિમિત્તે સમર્થ નથી.

તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ સૂર્યની કેટલી અગ્રમહિષીઓ કહેલી છે ? તેની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે – સૂર્યપ્રભા, આતપા, અર્ચિમાલા, પ્રભંકરા. બાકી બધું ચંદ્રની માફક જાણવું. વિશેષ એ કે – સૂર્યાવતંસક વિમાન યાવત્ મૈથુન નિમિત્તરૂપ ભોગ ભોગવવાને સમર્થ નથી.

**૧૨૭.** જ્યોતિષ્ક દેવોની કેટલો કાળ સ્થિતિ કહેલી છે ? જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમ અને એક લાખ વર્ષ અધિક જાણવી.

તે જ્યોતિષ્ક દેવીની કેટલી કાળ સ્થિતિ કહેલી છે ? તે જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી અર્ધ પલ્યોપમ અને **૫૦,૦૦૦** વર્ષ અધિક જાણવી.

ચંદ્ર વિમાનમાં દેવોની કેટલો કાળ સ્થિતિ કહેલી છે ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમ અને લાખ વર્ષ અધિક કહી છે, તેમ જાણવી.

ચંદ્ર વિમાનમાં દેવીની કેટલો કાળ સ્થિતિ કહેલી છે ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી અર્ધપલ્યોપમ અને **૫૦,૦૦૦** વર્ષ અધિક કહી છે, તેમ જાણવી.

સૂર્ય વિમાનમાં દેવોની કેટલા કાળની સ્થિતિ કહેલી છે ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી

પલ્યોપમ અને **૧૦૦૦** વર્ષ અધિક જાણવી.

સૂર્ય વિમાનમાં દેવીની કેટલા કાળની સ્થિતિ કહેલી છે ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી અર્ધ પલ્યોપમ અને **૫૦૦** વર્ષ અધિક જાણવી.

ગ્રહ વિમાનમાં દેવોની કેટલા કાળની સ્થિતિ કહેલી છે? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી અર્ધ પલ્યોપમ અને **૫૦૦** વર્ષ અધિક જાણવી.

ગ્રહ વિમાનમાં દેવોની કેટલો કાળ સ્થિતિ કહેલી છે? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમ.

ગ્રહ વિમાનમાં દેવીની કેટલો કાળ સ્થિતિ કહી છે? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી અર્ધ પલ્યોપમ.

નક્ષત્ર વિમાનમાં દેવોની કેટલો કાળ સ્થિતિ કહેલી છે? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી અર્ધ–પલ્યોપમ.

નક્ષત્ર વિમાનમાં દેવીની કેટલી કાળ સ્થિતિ કહી છે? જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી ચતુર્ભાગ પલ્યોપમ.

તારા વિમાનમાં દેવોની પૃચ્છા. જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ચતુર્ભાગ પલ્યોપમ.

તારા વિમાનમાં દેવીની પૃચ્છા. જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી સાતિરેક અષ્ટભાગ પલ્યોપમ.

**૧૨૮.** તે આ ચંદ્ર–સૂર્ય–ગ્રહ–નક્ષત્ર–તારારૂપમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

તે ચંદ્ર અને સૂર્ય આ બંને તુલ્ય છે અને સૌથી થોડાં છે, નક્ષત્રો તેનાથી સંખ્યાતગણા છે, ગ્રહો તેનાથી સંખ્યાત ગણા છે અને તારા તેનાથી સંખ્યાતગણા છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૧૮– ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# પ્રાભૃત-૧૯

## સૂત્ર–૧૨૯ થી ૧૭૪

**૧૨૯.** સર્વલોકમાં કેટલા ચંદ્રો અને સૂર્યો અવભાસે છે, ઉદ્યોત કરે છે, તપે છે, પ્રભાસે છે, તેમ કહેલ છે?

તે વિષયમાં આ બાર પ્રતિપત્તિઓ (અન્યતીર્થિકોની માન્યતા)કહેલી છે. તેમાં –

**૧.** એક એમ કહે છે – એક સૂર્ય, એક ચંદ્ર સર્વલોકને અવભાસે છે, ઉદ્યોત કરે છે, તપે છે, પ્રભાસે છે .

**૨.** એક એમ કહે છે – ત્રણ ચંદ્રો, ત્રણ સૂર્યો સર્વલોકને અવભાસે છે યાવત્ પ્રભાસે છે – એક એમ કહે છે.

**૩.** એક કહે છે કે – સાડા ત્રણ ચંદ્રો, સાડા ત્રણ સૂર્યો સર્વલોકને અવભાસે છે યાવત્ પ્રભાસે છે .

**૪–૧૨.** એક વળી એમ કહે છે કે – એ આલાવાથી જાણવું કે – સાત ચંદ્રો અને સાત સૂર્યો. દશ ચંદ્રો અને દસ સૂર્યો. બાર ચંદ્રો અને બાર સૂર્યો. **૪૨** ચંદ્રો અને **૪૨**–સૂર્યો. **૭૨** ચંદ્રો અને **૭૨** સૂર્યો, **૧૪૨** ચંદ્રો અને **૧૪૨** સૂર્યો. **૧૭૨** ચંદ્રો અને **૧૭૨** સૂર્યો. **૪૨૦૦૦** ચંદ્રો અને **૪૨૦૦૦** સૂર્યો. **૭૨૦૦૦** ચંદ્રો અને **૭૨૦૦૦** સૂર્યો સર્વલોકને અવભાસે છે, ઉદ્યોત કરે છે, તપે છે, પ્રભાસે છે.

ભગવંત કહે છે કે–અમે વળી એમ કહીએ છીએ**,** આ જંબૂદ્વીપદ્વીપ સર્વે દ્વીપ–સમુદ્રોની મધ્યે આવેલો છે ઈત્યાદિ. તે જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસિત થયા, પ્રભાસિત થાય છે, પ્રભાસિત થશે ? કેટલા સૂર્યો તપ્યા, તપે છે, તપશે ? કેટલા નક્ષત્રોએ યોગ કર્યો, યોગ કરે છે, યોગ કરશે ? કેટલા ગ્રહો ચાર ચર્યા, ચાર ચરે છે, ચાર ચરશે ? કેટલા તારાગણ કોડાકોડી શોભ્યા હતા, શોભે છે અને શોભશે ?

તે જંબૂદ્વીપમાં બે ચંદ્રો પ્રભાસિત થયા, પ્રભાસિત થાય છે, પ્રભાસિત થશે, બે સૂર્યો તપ્યા, તપે છે, તપશે, **૫૬**–નક્ષત્રો યોગ કર્યો, યોગ કરે છે, યોગ કરશે, **૧૭૨** ગ્રહો ચાર ચર્યા, ચાર ચરે છે, ચાર ચરશે, **૧,૩૩,૯૫૦** તારાગણ કોડાકોડી શોભ્યા, શોભે છે, શોભશે.

**૧૩૦)**, **૧૩૧.** બે ચંદ્રો, બે સૂર્યો, **૫૬** નક્ષત્રો નિશ્ચે હોય છે, **૧૭૨** ગ્રહો અને

**૧૩૧).** **૧,૩૦,૯૫૦** કોડાકોડી તારાગણ જંબૂદ્વીપમાં જાણવા.

**૧૩૨.** તે જંબૂદ્વીપ દ્વીપને લવણ નામે સમુદ્ર વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત, સર્વથા સંમત સંપરિક્ષિત રહેલ છે.

તે લવણસમુદ્ર શું સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમચક્રવાલ સંસ્થિત છે ? તે લવણસમુદ્ર સમચક્રવાલ સંસ્થિત છે, વિષમ ચક્રવાલ સંસ્થિત નથી.

તે લવણસમુદ્ર કેટલા ચક્રવાલ વિષ્કંભથી, કેટલા પરિક્ષેપ વડે કહેલો છે, તેમ કહેવું ? તે બે લાખ યોજન વિષ્કંભથી અને **૧૫** લાખ,૮૧ હજાર, **૧૩૯**થી કંઈક વિશેષ ન્યૂન પરિધિથી કહેવો.

તે લવણ સમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રભાસે છે૦? એમ પ્રશ્ન. યાવત્ કેટલા કોડાકોડી તારાગણ શોભે છે૦?

તે લવણ સમુદ્રમાં ચાર ચંદ્રો પ્રભાસિત થયા, પ્રભાસિત થાય છે, પ્રભાસિત થશે, ચાર સૂર્યો તપ્યા, તપે છે, તપશે, **૧૧૨** નક્ષત્રો યોગ કર્યો, યોગ કરે છે, યોગ કરશે, **૩૫૨** મહાગ્રહ ચાર ચર્યા, ચાર ચરે છે, ચાર ચરશે, **૨,૬૭,૯૦૦** કોડાકોડી તારાગણ શોભ્યા, શોભે છે, શોભશે.

**૧૩૩).** **૧૫,૮૧,૧૩૯**થી કંઈક વિશેષ ન્યૂન લવણસમુદ્રનો પરિક્ષેપ છે, તેમ કહેવું.

**૧૩૪)**, ચાર ચંદ્રો, ચાર સૂર્યો, **૧૧૨**–નક્ષત્રો, **૩૫૨**–ગ્રહો,

**૧૩૫)**, **૨,૬૭,૯૦૦** કોડાકોડી તારાગણ લવણ સમુદ્રમાં છે.

**૧૩૬.** તે લવણ સમુદ્રને ધાતકીખંડ નામે દ્વીપ વૃત્ત વલય આકાર સંસ્થિતાદિ પૂર્વવત્ યાવત્ વિષમ ચક્રવાલ

સંસ્થિત નથી.

ધાતકીખંડ દ્વીપ કેટલા ચક્રવાલ વિષ્કંભથી, કેટલા પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું ? તે ચાર લાખ ચક્રવાલ વિષ્કંભથી **૪૧,૧૦,૯૬૧** યોજનથી કંઈક વિશેષ ન્યૂન પરિધિથી કહેલ છે.

ધાતકીખંડ દ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસે છે૦ એ પ્રશ્ન. પૂર્વવત્

ધાતકીખંડ દ્વીપમાં **૧૨**–ચંદ્રો પ્રભાસિત થયા૦, **૧૨**–સૂર્યો તપેલા છે૦, **૩૩૬** નક્ષત્રોએ યોગ કરેલ છે૦, **૧૦૫૬** મહાગ્રહો ચાર ચર્યા છે૦.

**૧૩૭**).૮,**૩૦,૭૦૦** કોડાકોડી તારાગણ એક ચંદ્રનો પરિવાર છે.

**૧૩૮**. ધાતકીખંડ પરિક્ષેપથી **૪૧,૧૦,૯૬૧** યોજનથી કંઈક વિશેષ પરિહીન છે, તેમ જાણવું.

**૧૩૯**), **૧૪૦**. **૨૪**–સૂર્ય, **૨૪**–ચંદ્ર, **૩૩૬**–નક્ષત્રો, **૧૦૫૬** નક્ષત્રો અને

**૧૪૦**). ૮,**૦૩,૭૦૦** કોડાકોડી તારાગણ ધાતકી–ખંડ દ્વીપમાં છે.

**૧૪૧**. તે ધાતકીખંડ દ્વીપને કાલોદ નામનો સમુદ્ર વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત છે, યાવત્ વિષમચક્રવાલ સંસ્થાન વડે સંસ્થિત નથી.

તે કાલોદ સમુદ્ર કેટલા ચક્રવાલ વિષ્કંભથી, કેટલા પરિક્ષેપથી કહેલ છે તેમ કહેવું ? તે કાલોદ સમુદ્ર આઠ લાખ યોજન ચક્રવાલ ચક્રવાલ–વિષ્કંભ વડે કહેલ છે.**૯૧,૧૭,૬૦૫** યોજનથી કિંચિત્ વિશેષાધિક પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું.

તે કાલોદ સમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રભાસિત છે૦ એ પ્રશ્ન છે.

તે કાલોદ સમુદ્રમાં **૪૨** ચંદ્રો પ્રભાસેલ છે૦, **૪૨**–સૂર્યો તપેલ છે૦, **૧૧૭૨** નક્ષત્રોએ યોગ કરેલ છે૦, **૩૬૯૬** મહાગ્રહો ચાર ચરે છે૦ અને **૨૮,૧૨,૯૫૦** કોડાકોડી તારાગણ શોભે છે.

**૧૪૨**. કાલોદધિ સમુદ્રની પરિધિ સાધિક**૯૧,૭૦,૬૦૫** યોજન.

**૧૪૩** થી **૧૪૫**. કાલોદ સમુદ્રમાં **૪૨**–ચંદ્રો, **૪૨**–સૂર્યો દિપ્ત છે, કાલોદધિમાં આ સંબદ્ધ લેશ્યાકા ચરે છે. **૧૧૭૬** નક્ષત્રો છે અને **૩૬૯૬** મહાગ્રહો છે. **૨૮,૧૨,૯૫૦** કોડાકોડી તારાગણ કાલોદધિ સમુદ્રમાં શોભે છે – શોભ્યા – શોભશે..

**૧૪૬**. કાલોદ સમુદ્રને પુષ્કરવર નામે વૃત્ત વલયાકાર સંસ્થાન સંસ્થિત દ્વીપ ચોતરફથી સંપરિક્ષિત રહેલ છે.

તે પુષ્કરવરદ્વીપ શું સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમ ચક્રવાલ સંસ્થિત છે ? તે સમચક્રવાલ સંસ્થિત છે, પરંતુ વિષમચક્રવાલ સંસ્થિત કહેલો નથી.

તે પુષ્કરવરદ્વીપ કેટલા સમચક્રવાલ વિષ્કંભથી કહેલ છે? કેટલો પરિધિથી છે ? તે **૧૬**–લાખ યોજન ચક્રવાલ વિષ્કંભથી છે અને **૧,૯૨,૪૯,૮૪૯** યોજન પરિધિથી કહેલ છે.

તે પુષ્કરવરદ્વીપ કેટલા ચંદ્રો પ્રભાસે છે૦? ઈત્યાદિ પૂર્વવત્ પૃચ્છા કરવી. તેમાં **૧૪૪** ચંદ્રો પ્રભાસિત થયા છે૦ **૧૪૪**–સૂર્યો તપે છે૦, **૪૦૩૨** નક્ષત્રોએ યોગ કરેલ છે૦, **૧૨,૬૭૨** મહાગ્રહો ચાર ચરે છે૦,**૯૬,૪૪,૪૦૦** કોડાકોડી તારાગણ શોભે છે૦.

**૧૪૭**. પુષ્કરવર દ્વીપની પરિધિ **૧,૯૨,૪૯,૮૪૯** યોજન છે.

**૧૪૮**). પુષ્કરવર દ્વીપમાં **૧૪૪**–ચંદ્રો અને **૧૪૪**–સૂર્યો ચરે છે અને પ્રભાસિત થાય છે.

**૧૪૯**). **૪૦૩૬** નક્ષત્રો છે અને **૧૨,૬૭૨** મહાગ્રહો છે.

**૧૫૦**). **૯૬,૪૪,૪૦૦** કોડાકોડી તારાગણ છે.

**૧૫૧**. પુષ્કરવર દ્વીપના બહુમધ્ય દેશભાગમાં માનુષોત્તર નામક વલયાકાર સંસ્થાન સંસ્થિત પર્વત છે. જેના

કારણે પુષ્કરવર દ્વીપ બે ભાગમાં વિભાજિત થયેલો રહે છે. તે આ પ્રમાણે – અભ્યંતર પુષ્કરાર્દ્ધ અને બાહ્ય પુષ્કરાર્દ્ધ.

તે અભ્યંતર પુષ્કરાર્દ્ધ શું સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમ ચક્રવાલ સંસ્થિત છે ? તે સમચક્રવાલ સંસ્થિત છે, વિષમ ચક્રવાલ સંસ્થિત નથી. તેમ જાણવું..

તે અભ્યંતર પુષ્કરાર્દ્ધ કેટલા ચક્રવાલ વિષ્કંભથી અને કેટલા પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું ? તે આઠ લાખ યોજન ચક્રવાલ વિષ્કંભથી છે અને **૧,૪૨,૩૦,૨૪૯** યોજન પરિક્ષેપથી છે.

તે અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં કેટલા ચંદ્રો પ્રભાસિત છે૦? કેટલા સૂર્યો તપે છે૦? ઇત્યાદિ પૃચ્છા. **૭૨**–ચંદ્રો પ્રભાસિત છે૦, **૭૨**–સૂર્યો તપે છે૦, **૨૦૧૬** નક્ષત્રો યોગ કરે છે૦, **૬૩૩૬**–મહાગ્રહોએ ચાર ચરેલ છે૦, **૪૮,૨૨,૨૦૦** કોડાકોડી તારાગણ શોભિત છે૦.

તે સમય ક્ષેત્રમાં કેટલા આયામ–વિષ્કંભથી, કેટલી પરિધિ વડે કહેલ છે, તેમ કહેવું? તે **૪૫**–લાખ આયામ વિષ્કંભથી છે અને પરિધિ – **૧,૪૨,૩૦,૨૪૯** યોજન છે.

તે સમય ક્ષેત્રમાં કેટલા ચંદ્રો પ્રભાસે છે ઇત્યાદિ પ્રશ્નો પૂર્વવત્ કરવા.

તેમાં **૧૩૨**–ચંદ્રો પ્રભાસિત થયા છે૦, **૧૩૨** –સૂર્યો તપેલા છે૦, **૩૬૯૬** નક્ષત્રોએ યોગ કરેલ છે૦, **૧૧,૬૧૬** મહાગ્રહોએ ચાર ચરેલ છે૦,**૮૮,૪૦,૭૦૦** કોડાકોડી તારાગણ શોભિત છે૦.

**૧૫૨.** અભ્યંતર પુષ્કરાર્દ્ધનો વિષ્કંભ આઠ લાખ યોજન છે, અને **૪૫**–લાખ મનુષ્ય ક્ષેત્રનો વિષ્કંભ છે.

**૧૫૩.** મનુષ્ય ક્ષેત્રની પરિધિ–**૧,૦૦,૪૨,૨૪૯** છે.

**૧૫૪).** થી. પુષ્કરવર દ્વીપાર્દ્ધમાં **૭૨**–ચંદ્રો અને **૭૨**–સૂર્યો ચરે છે અને પ્રભાસિત છે.

**૧૫૫). ૬૩૩૬** મહાગ્રહો અને નક્ષત્રો–**૨૦૧૬** છે.

**૧૫૬).** તેમજ પુષ્કરાર્દ્ધમાં – **૪૮,૨૨,૨૦૦** કોડાકોડી તારાગણ છે.

**૧૫૭).** સકલ મનુષ્યલોકમાં **૧૩૨**–ચંદ્રો અને **૧૩૨**–સૂર્યો ચરે છે અને પ્રભાસિત કરે છે.

**૧૫૮). ૧૧,૬૧૬** મહાગ્રહો અને **૩૬૯૬** નક્ષત્રો.

**૧૫૯). ૮૮,૪૦,૭૦૦** કોડાકોડી તારાગણ છે.

**૧૬૦.** મનુષ્યલોકમાં આ તારાપીંડ સર્વ સમાસથી કહેલ છે, મનુષ્યલોકની બહાર અસંખ્યાત તારાગણ જિનેશ્વરે કહેલ છે.

**૧૬૧.** મનુષ્યલોકમાં આટલો તારાગણ જે કહેલ છે, તે કદંબ પુષ્પના આકારે છે અને જ્યોતિષ ચાર ચરે છે.

**૧૬૨.** મનુષ્યલોકમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રો આટલા પ્રમાણમાં કહ્યા, જેના નામ–ગોત્ર પ્રાકૃત પુરુષોએ બતાવેલ નથી.

**૧૬૩.** બે ચંદ્ર અને બે સૂર્યની એક પિટક થાય છે. એવી **૬૬**–પિટક ચંદ્ર–સૂર્યની મનુષ્યલોકમાં છે.

**૧૬૪. ૫૬**–નક્ષત્રોની એક–એક પિટક થાય છે. એવી **૬૬**–પિટક ચંદ્ર–સૂર્યની મનુષ્યલોકમાં છે.

**૧૬૫. ૧૭૬**–ગ્રહોની એક–એક પિટક થાય છે એવી **૬૬–૬૬** પિટક ગ્રહોની મનુષ્યલોકમાં છે.

**૧૬૬.** બે ચંદ્ર અને બે સૂર્યની એવી ચાર પંક્તિઓ થાય, મનુષ્યલોકમાં આવી **૬૬–૬૬** પંક્તિઓ હોય છે.

**૧૬૭. ૫૬**–નક્ષત્રોની એક પંક્તિ થાય, મનુષ્યલોકમાં આવી છાસઠ–છાસઠ પંક્તિઓ થાય છે.

**૧૬૭. ૧૭૬**–નક્ષત્રોની એક પંક્તિ થાય, મનુષ્યલોકમાં આવી છાસઠ–છાસઠ પંક્તિઓ થાય છે.

**૧૬૮. ૧૭૬**–ગ્રહોની એક–એક પંક્તિ થાય, મનુષ્યલોકમાં આવી છાસઠ–છાસઠ પંક્તિઓ હોય છે.

**૧૬૯.** ચંદ્ર, સૂર્ય અને ગ્રહગણો અનવસ્થિત યોગવાળા છે, તેથી તે બધા પ્રદક્ષિણાવર્ત મંડલથી મેરુને પ્રદક્ષિણા કરે છે.

**૧૭૦.** નક્ષત્ર અને તારાગણ અવસ્થિત મંડલ જાણવા. તે પણ પ્રદક્ષિણાવર્ત જ મેરુને અનુચરે છે.

**૧૭૧.** સૂર્ય અને ચંદ્રનું ઉર્ધ્વ કે અધોમાં સંક્રમણ થતું નથી. તે મંડલમાં સર્વબાહ્ય, સર્વ અભ્યંતર, તીર્છા સંક્રમણ કરે છે.

**૧૭૨. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, મહાગ્રહના ભ્રમણ વિશેષથી મનુષ્યોના સુખ–દુઃખનું વિધાન થાય છે.**

**૧૭૩.** તેમના પ્રવેશથી તાપક્ષેત્ર નિયત વધે છે અને તેના ક્રમમાં ફરી હાનિ નિષ્ક્રમણથી થાય છે.

**૧૭૪.** ચંદ્ર–સૂર્યનો તાપક્ષેત્ર માર્ગ કલંબપુષ્પ સંસ્થિત છે, તે અંદરથી સંકુચિત અને બહારથી વિસ્તૃત છે.

## સૂત્ર–૧૭૫ થી ૧૯૨

**૧૭૫.** ચંદ્ર કઈ રીતે વધે છે ? ચંદ્રની હાનિ કઈ રીતે થાય છે? ચંદ્ર કયા અનુભાવથી કાળો કે શુક્લ થાય છે?

**૧૭૬.** કૃષ્ણ રાહુ વિમાન નિત્ય ચંદ્રથી અવિરહિત હોય છે. ચાર અંગુલ ચંદ્રની નીચેથી ચરે છે.

**૧૭૭.** શુક્લ પક્ષમાં જ્યારે ચંદ્રની વૃદ્ધિ થાય છે, ત્યારે એક–એક દિવસમાં **૬૨–૬૨** ભાગ પ્રમાણથી ચંદ્ર તેનો ક્ષય કરે છે.

**૧૭૮.** પંદર ભાગથી પંદર દિવસમાં ચંદ્રને તે વરણ કરે છે. **૧૫**–ભાગથી વળી તેનું અવક્રમ કરે છે.

**૧૭૯.** એ પ્રમાણે ચંદ્ર વૃદ્ધિ પામે છે, ચંદ્રની પરિહાનિ થાય છે. આ અનુભાવથી ચંદ્ર કૃષ્ણ કે શુક્લ થાય છે.

**૧૮૦.** મનુષ્ય ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ ચંદ્ર–સૂર્ય–ગ્રહગણાદિ પંચવિધ જ્યોતિષ્ક ભ્રમણશીલ હોય છે.

**૧૮૧.** તેના સિવાયના જે બાકીના ચંદ્ર–સૂર્ય–ગ્રહ–તારા અને નક્ષત્રો છે, તેને ગતિ કે ચાર નથી, તેને અવસ્થિત જાણવા.

**૧૮૨.** એ પ્રમાણે જંબૂદ્વીપમાં બમણા, લવણમાં ચારગુણા, તેનાથી ત્રણગુણા ચંદ્ર–સૂર્યો ધાતકીખંડમાં છે.

**૧૮૩.** આ દ્વીપમાં બે ચંદ્ર, ચાર લવણસમુદ્રમાં, ધાતકીખંડમાં બાર ચંદ્ર અને સૂર્યો હોય છે.

**૧૮૪.** ધાતકીખંડથી આગળ–આગળ ચંદ્રનું પ્રમાણ ત્રણગણુ અને પૂર્વના ચંદ્રને ઉમેરીને થાય છે.

**૧૮૫.** નક્ષત્ર, ગ્રહ, તારાનું પ્રમાણ જો જાણવું હોય તો તે ચંદ્રથી ગુણિત કરવાથી પણ તે પ્રાપ્ત થઈ શકે છે.

**૧૮૬.** મનુષ્યક્ષેત્રની બહાર ચંદ્ર–સૂર્યોની જ્યોત્સના અવસ્થિત છે. ચંદ્ર અભિજિતથી, સૂર્ય પુષ્યથી યુક્ત હોય છે.

**૧૮૭.** ચંદ્રથી સૂર્યનું અને સૂર્યથી ચંદ્રનું અંતર અન્યૂન પચાશ હજાર યોજન છે.

**૧૮૮.** સૂર્યથી સૂર્યનું અને ચંદ્રથી ચંદ્રનું અંતર મનુષ્ય ક્ષેત્રની બહાર એક લાખ યોજન હોય છે.

**૧૮૯.** મનુષ્યલોક બહાર સૂર્ય–ચંદ્રથી, ચંદ્ર–સૂર્યથી અંતરિત થાય છે, તેમની લેશ્યા આશ્ચર્યકારી–શુભ અને મંદ હોય છે.

**૧૯૦.** એક ચંદ્રના પરિવારમાં૮૮ ગ્રહો, **૨૮** નક્ષત્રો હોય છે. હવે હું તારાગણનું પ્રમાણ કહીશ.

**૧૯૧.** એક ચંદ્રના પરિવારમાં **૬૬,૯૭૫** કોડાકોડી તારાગણ છે.

**૧૯૨.** મનુષ્યક્ષેત્રમાં જે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપ છે, તે દેવો ઉર્ધ્વોત્પન્ન, કલ્પોત્પન્ન, વિમાનોત્પન્ન, ચારોત્પન્ન, ચાર સ્થિતિક, ગતિરતિક, ગતિસમાપન્ન છે ?

તે દેવો ઉર્ધ્વોત્પન્નક નથી, કલ્પોત્પન્નક નથી, વિમાનોત્પન્ન છે, ચારોત્પન્નક છે, ચારસ્થિતિક નથી, ગતિરતિક છે, ગતિસમાપન્નક છે, ઉર્ધ્વમુખ કદંબપુષ્પ સંસ્થાન સંસ્થિત, હજાર યોજન તાપક્ષેત્રવાળા, બાહ્ય પર્ષદાથી વિકુર્વિત હજારો મહા આહત નૃત્ય ગીત વાજિંત્ર તંત્રી તલતાલ ત્રુટિત ઘન મૃદંગના પટુ પ્રવાદિત સ્વ વડે, મહા ઉત્કૃષ્ટ સિંહનાદના કલકલ રવથી, સ્વચ્છ પર્વતરાજ મેરુને પ્રદક્ષિણાવર્ત મંડલ ચારથી અનુપરિવર્તન કરે છે.

ત્યારે તે દેવોનો ઈન્દ્ર જ્યારે ચ્યવે છે, તે કઈ રીતે અહીં વિચરે છે ? તો ચાર–પાંચ સામાનિક દેવો તે સ્થાનને

અંગિકાર કરીને વિચરે છે યાવત્ અહીં બીજો ઇન્દ્ર જ્યારે ઉત્પન્ન થાય છે.

તે ઇન્દ્રસ્થાન કેટલા કાળથી વિરહિત કહેલ છે ? તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ રહે.

મનુષ્યક્ષેત્રની બહાર જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપ છે, તે દેવો શું ઉર્ધ્વોત્પન્ન, કલ્પોત્પન્ન, વિમાનોત્પન્ન, ચારસ્થિતિક, ગતિરતિક, ગતિસમાપન્નક છે ?

તે દેવો ઉર્ધ્વોત્પન્ન નથી, કલ્પોત્પન્ન નથી, વિમાનોત્પન્ન છે, ચારોત્પન્ન નથી, ચાર સ્થિતિક છે, ગતિરતિક નથી, ગતિસમાપન્નક નથી, પક્વ ઇંટના સંસ્થાનથી સંસ્થિત છે, લાખ યોજન તાપક્ષેત્રવાળા છે, બાહ્ય વૈક્રિય પર્ષદા વડે લાખો મહાન આહત, નૃત્ય, ગીત, વાજિંત્ર યાવત્ રવ વડે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરે છે.

તે દેવો સુખલેશ્યા, મંદલેશ્યા, મંદાતપલેશ્યા, ચિત્રાંતર લેશ્યા, અન્યોન્ય સમવગાઢ લેશ્યા, કૂટની માફક સ્થાન-સ્થિત, તે પ્રદેશમાં ચારે દિશા-વિદિશાને અવભાસિત કરતા, ઉદ્યોતીત કરતા, તાપિત કરતા, પ્રભાસિત કરતા રહે છે.

ત્યાં તે દેવોનો ઇન્દ્ર જ્યારે ચ્યવે છે, તેઓ ત્યારે શું કરે છે ? ત્યારે યાવત્ ચાર-પાંચ સામાનિક દેવો તે સ્થાનને પૂર્વવત્ યાવત્ છ માસ વિરહકાળ રહે છે.

સૂત્ર-૧૯૩

તે પુષ્કરવર દ્વીપને પુષ્કરોદ નામક વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત સમુદ્ર ચોતરફથી ઘેરીને રહેલ છે.

તે પુષ્કરોદ સમુદ્ર શું સમચક્રવાલ સંસ્થિત છે યાવત્ તે વિષમ ચક્રવાલ સંસ્થિત નથી.

તે પુષ્કરોદ સમુદ્ર કેટલા ચક્રવાલ વિષ્કંભથી અને કેટલા પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું?

તે સંખ્યાત લાખ યોજન આયામ-વિષ્કંભથી અને સંખ્યાત હજાર યોજન પરિક્ષેપથી કહેલ છે.

તે પુષ્કરોદ સમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રભાસિત છે૦ પ્રશ્ન. પૂર્વવત્ જાણવો. પૂર્વવત્ તે પુષ્કરોદ સમુદ્રમાં સંખ્યાતા ચંદ્રો પ્રભાસિત છે૦ ઇત્યાદિ યાવત્ સંખ્યાતા કોડાકોડી તારાગણની શોભા શોભિત હતી-છે-રહેશે.

આ આલાવા વડે-વરુણ દ્વીપ અને વરુણોદ સમુદ્ર.

ક્ષીરવર દ્વીપ અને ક્ષીરવર સમુદ્ર.

ઘૃતવર દ્વીપ અને ઘૃતોદ સમુદ્ર.

ક્ષોદવર દ્વીપ અને ક્ષોતોદ સમુદ્ર.

નંદીશ્વર દ્વીપ અને નંદીશ્વર સમુદ્ર.

અરુણોદ દ્વીપ અને અરુણોદ સમુદ્ર.

અરુણવર દ્વીપ અને અરુણવર સમુદ્ર.

અરુણવરાવભાસ દ્વીપ અને અરુણવરાવભાસ સમુદ્ર.

કુંડલદ્વીપ અને કુંડલોદ સમુદ્ર.

કુંડલવરદ્વીપ અને કુંડલવર સમુદ્ર.

કુંડલવરાવભાસ દ્વીપ અને કુંડલવરાવભાસ સમુદ્ર.

આ બધા અનંતર કહેલ દ્વીપ-સમુદ્રોના વિષ્કંભ અને પરિક્ષેપ, જ્યોતિષ્કો પુષ્કરોદ સાગર સમાન જાણવા.

તે કુંડલવરાવભાસ સમુદ્રને રુચક દ્વીપ કે જે વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત છે, તે સર્વતઃ યાવત્ રહેલ છે.

તે રુચકદ્વીપ શું સમચક્રવાલ૦ યાવત્ તે દ્વીપ વિષમ ચક્રવાલ સંસ્થિત નથી.

તે રુચકદ્વીપ કેટલા સમચક્રવાલ વિષ્કંભથી છે? કેટલા પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું?

તે અસંખ્યાત હજાર યોજન ચક્રવાલ વિષ્કંભથી, અસંખ્યાત હજાર યોજન પરિક્ષેપથી કહેલ છે.

તે રુચકદ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસિત છે આદિ પ્રશ્ન.

તે રુચકદ્વીપમાં અસંખ્યાત ચંદ્રો પ્રભાસિત છે ઇત્યાદિ૦ યાવત્ અસંખ્યાત તારાગણ કોડાકોડી શોભે છે૦.

એ પ્રમાણે રુચકસમુદ્ર, રુચકવરદ્વીપ–રુચકવરોદ સમુદ્ર, રુચકવરાવભાસ દ્વીપ – રુચકવરાવભાસ સમુદ્ર, એ પ્રમાણે ત્રિપ્રત્યાવતાર જાણવા યાવત્ સૂર્ય દ્વીપ–સૂર્યોદ સમુદ્ર, સૂરવર દ્વીપ–સૂરવર સમુદ્ર, સૂરાવભાસ દ્વીપ–સૂરાવભાસ સમુદ્ર.

ઉક્ત બધા દ્વીપ અને સમુદ્રોના. વિષ્કંભ, પરિક્ષેપ, જ્યોતિષ્ક રુચકવરદ્વીપ સદશ છે.

તે સૂરવરાવભાસોદ સમુદ્રને દેવ નામક વૃત્ત અને વલય આકાર સંસ્થાન સંસ્થિત સર્વે દિશા–વિદિશામાં ચોતરફથી વીંટાયેલ રહેલ છે, યાવત્ વિષમચક્રવાલ સંસ્થિત નથી.

તે દેવ દ્વીપ કેટલા ચક્રવાલ વિષ્કંભથી અને કેટલી પરિધિ થકી કહેલો છે, તેમ કહેવું? અસંખ્યાત હજાર યોજન ચક્રવાલ વિષ્કંભ વડે છે, અસંખ્યાત હજારો યોજન પરિધિથી કહેલ છે.

તે દેવદ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસિત છે આદિ પૂર્વવત્ બધા પ્રશ્નો કરી લેવા.

તે દેવ દ્વીપમાં અસંખ્યાત ચંદ્રો પ્રભાસિત છે૦ ઇત્યાદિ યાવત્ અસંખ્યાત કોડાકોડી તારાગણ શોભે છે૦.

એ પ્રમાણે દેવોદ સમુદ્ર, નાગદ્વીપ–નાગોદ સમુદ્ર, યક્ષ દ્વીપ–યક્ષોદ સમુદ્ર, ભૂતદ્વીપ–ભૂતોદ સમુદ્ર, સ્વયંભૂરમણ દ્વીપ–સ્વયંભૂરમણ સમુદ્ર, તે બધા દેવદ્વીપ સમાન છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૧૯ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# પ્રાભૃત–૨૦

સૂત્ર–૧૯૪

ચંદ્ર અને સૂર્યનો અનુભાવ કઈ રીતે કહેલો છે ? તે વિષયમાં આ બે પ્રતિપત્તિઓ (અન્યતીર્થિકોની માન્યતા)કહી છે.

તેમાં એક એમ કહે છે કે – તે ચંદ્ર–સૂર્ય જીવ નથી – અજીવ છે, ઘન નથી – સુષિર છે, શ્રેષ્ઠ શરીરધારી નથી પણ કલેવર રૂપ છે. તેને ઉત્થાન કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ નથી, તેમાં વિદ્યુત કે અશનિપાત કે સ્તનિત ધ્વનિ નથી. તેની નીચે બાદર વાયુકાય સંમૂર્ચ્છે છે. નીચે બાદર વાયુકાય સંમૂર્ચ્છિત થતા વિદ્યુત, અશનિ કે સ્તનિતનો પણ ધ્વનિ થાય છે.

વળી બીજો એક કહે છે કે – તે ચંદ્ર–સૂર્ય જીવરૂપ છે, અજીવ નથી, ઘન છે – સુષિર નથી, બાદર બોંદિધર છે – કલેવર નથી. તેને ઉત્થાન છે યાવત્ વિદ્યુતનો ધ્વનિ છે.

ભગવંત કહે છે– અમે એમ કહીએ છીએ, તે ચંદ્ર, સૂર્ય દેવો મહર્દ્ધિક, મહાદ્યુતીવાળા, મહાબલવાળા, મહાયશવાળા, મહાનુભાગ, શ્રેષ્ઠ વસ્ત્ર–માળા–આભરણધારી છે તથા અવ્યવચ્છિત નયાર્થતાથી અન્યત્ર ચ્યવી, અન્યત્ર ઉપજે છે.

સૂત્ર–૧૯૫

તે રાહુકર્મ કઈ રીતે કહેલ છે ? તે વિષયમાં નિશ્ચે આ બે પ્રતિપત્તિઓ કહેલી છે –

તેમાં એક એમ કહે છે કે – રાહુ નામે દેવ છે, જે ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે. એક એમ કહે છે.

એક વળી એમ કહે છે – જે ચંદ્ર–સૂર્યને ગ્રસે છે, તેવો રાહુ નામે કોઈ દેવ નથી.

પહેલા મતવાળો કહે છે કે ચંદ્ર કે સૂર્યને ગ્રહણ કરતો રાહુ ક્યારેક અધોભાગને ગ્રહણ કરીને અધોભાગથી છોડી દે છે. અધો ભાગથી ગ્રહણ કરી ઉર્ધ્વ ભાગે છોડી દે છે, ઉર્ધ્વ ભાગથી ગ્રહણ કરીને ઉર્ધ્વ ભાગથી છોડી દે છે, ડાબી બાજુથી ગ્રહણ કરીને ડાબી બાજુએ છોડી દે છે, ડાબી બાજુથી ગ્રહણ કરી જમણી બાજુએ છોડી દે છે, જમણી બાજુથી ગ્રહણ કરી ડાબી બાજુથી છોડે છે, જમણી બાજુથી ગ્રહણ કરી જમણી બાજુએ છોડી દે છે.

તેમાં જે એમ કહે છે કે – રાહુ જેવો કોઈ દેવ નથી. જે ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે. તેઓ એમ કહે છે કે – તેમાં આ પંદર કૃષ્ણ વર્ણવાળા પુદ્‌ગલો કહેલા છે, તે આ પ્રમાણે – શૃંગાટક, જટિલક, ક્ષારક, ક્ષત, અંજન, ખંજન, શીતલ, હિમશીતલ, કૈલાશ, અરુણાભ, પરિજ્ઞય, નભસૂર્ય, કપિલ અને પિંગલ રાહુ.

જ્યારે આ પંદર કૃષ્ણ વર્ણવાળા પુદ્‌ગલો સદા ચંદ્ર કે સૂર્યને લેશ્યાનુબદ્ધચારી હોય છે, ત્યારે માનુષ્ય લોકમાં મનુષ્યો એમ કહે છે કે – એ પ્રમાણે નિશ્ચે રાહુ ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે.

જ્યારે આ પંદર કૃષ્ણ વર્ણવાળા પુદ્‌ગલો સદા ચંદ્ર કે સૂર્યને લેશ્યાનુબદ્ધચારી ન હોય, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો એમ કહે છે કે એ પ્રમાણે રાહુ ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે.

ભગવંત કહે છે– અમે એમ કહીએ છીએ, તે રાહુદેવ મહર્દ્ધિક યાવત મહાનુભાવ, શ્રેષ્ઠ વસ્ત્રધર, શ્રેષ્ઠ આભરણધર છે.

રાહુદેવના નવ નામો છે, તે આ પ્રમાણે – શૃંગાટક, જટિલક, ક્ષરક, ક્ષેત્રક, ઢઙ્ઢર, મગર, મચ્છ, કચ્છપ, કૃષ્ણસર્પ.

તે રાહુ દેવનું વિમાન પાંચ વર્ણનું છે. તે આ પ્રમાણે – કૃષ્ણ, નીલ, લાલ, પીળું, સફેદ.

તેમાં કાળુ રાહુ વિમાન ખંજન વર્ણનુ છે, નીલ રાહુ વિમાન તુંબડાના વર્ણનું છે. લાલ રાહુ વિમાન મંજિષ્ઠ

વર્ણનું છે, પીળું રાહુ વિમાન હળદરના વર્ણનું છે, શુક્લ રાહુ વિમાન ભસ્મરાશિ વર્ણનું છે.

જ્યારે રાહુદેવ આવતા કે જતા વિકુર્વણા કરતા, પરિચાર કરતા ચંદ્ર કે સૂર્યને પૂર્વથી આવરે છે અને પશ્ચિમમાં જાય છે ત્યારે ચંદ્ર–સૂર્ય પૂર્વમાં દેખાય છે અને રાહુ પશ્ચિમમાં દેખાય છે.

,રાહુદેવ જ્યારે જતા–આવતા વિકુર્વણા કે પરિચાર કરતા ચંદ્ર કે સૂર્યની લેશ્યાને દક્ષિણથી આવરીને ઉત્તરથી છોડે છે, ત્યારે દક્ષિણથી ચંદ્ર કે સૂર્ય દેખાય છે, ઉત્તરથી રાહુ દેખાય છે.

આ આલાવા વડે રાહુ ચંદ્ર–સૂર્યને પશ્ચિમથી આવરીને પૂર્વથી છોડે છે. અને ઉત્તરથી આવરીને દક્ષિણથી છોડે છે વગેરે કથન કરવું.

જ્યારે રાહુદેવ જતા કે આવતા વિકુર્વણા કે પરિચારણ કરતા ચંદ્ર કે સૂર્યની લેશ્યાને દક્ષિણ–પૂર્વથી આવરીને ઉત્તર–પશ્ચિમથી છોડે છે, ત્યારે દક્ષિણ–પૂર્વમાં ચંદ્ર કે સૂર્ય દેખાય છે અને ઉત્તર–પશ્ચિમે રાહુ દેખાય છે. જ્યારે રાહુદેવ જતા કે આવતા વિકુર્વણા કે પરિચારણા કરતા ચંદ્ર કે સૂર્યની લેશ્યાને દક્ષિણ પશ્ચિમથી આવરીને ઉત્તર–પૂર્વથી છોડે છે, ત્યારે દક્ષિણ–પશ્ચિમમાં ચંદ્ર કે સૂર્ય દેખાય છે અને ઉત્તર–પૂર્વમાં રાહુ દેખાય છે.

આ આલાવા વડે રાહુદેવ જતા કે આવતા વિકુર્વણા કે પરિચારણ કરતા ચંદ્ર કે સૂર્યની લેશ્યાને ઉત્તર–પશ્ચિમથી આવરીને દક્ષિણ–પૂર્વમાં છોડે છે, ઉત્તર–પૂર્વથી આવરીને દક્ષિણ–પશ્ચિમથી છોડે છે. વગેરે કથન કરવું

જ્યારે રાહુદેવ જતા કે આવતા ચંદ્ર કે સૂર્યની લેશ્યાને આવરીને છોડે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે – રાહુ વડે ચંદ્ર કે સૂર્ય ગ્રસિત થાય છે.

જ્યારે રાહુદેવ આવતા કે જતા ચંદ્ર કે સૂર્યની લેશ્યાને આવરીને પડખેથી છોડે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે કે ચંદ્ર કે સૂર્ય વડે રાહુની કુક્ષી ભેદાઈ.

જ્યારે રાહુદેવ આવતા કે જતા ચંદ્ર કે સૂર્યની લેશ્યાને આવરીને છોડી દે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો એમ કહે છે – રાહુ વડે ચંદ્ર કે સૂર્યનું વમન કર્યું.

જ્યારે રાહુદેવ આવતા કે જતા ચંદ્ર કે સૂર્યની લેશ્યાને આવરીને મધ્ય–મધ્યથી છોડે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે – રાહુ વડે ચંદ્ર કે સૂર્ય વિતરીત થયો.

જ્યારે રાહુદેવ આવતા કે જતા ચંદ્ર કે સૂર્યની લેશ્યાને આવરીને નીચે ચારે દિશા–ચારે વિદિશામાં રહે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે – રાહુ વડે ચંદ્ર કે સૂર્ય ગ્રસ્ત છે.

રાહુ કેટલા ભેદે છે ? ધ્રુવરાહુ અને પર્વરાહુ.

તેમાં જે ધ્રુવરાહુ છે તે કૃષ્ણ પક્ષની એકમે **૧૫** ભાગથી ચંદ્રની લેશ્યાને આવરણ કરતો રહે છે. તે આ પ્રમાણે – પહેલા દિને પહેલા ભાગને યાવત્ પંદરમા દિવસે પંદરમા ભાગને, છેલ્લા સમયે ચંદ્ર રંજિત(આવૃત્ત) થાય છે, બાકીના સમયમાં ચંદ્ર રંજિત કે વિરક્ત(આવૃત્ત કે અનાવૃત્ત) હોય છે.

તે જ શુક્લપક્ષમાં ઉઘાડ કરતા–કરતા રહે છે. તે આ પ્રમાણે – પહેલા દિવસે પહેલા ભાગને યાવત્ પંદરમા દિવસે પંદરમા ભાગને, છેલ્લા સમયે ચંદ્ર વિરક્ત થાય છે, બાકીના સમયે ચંદ્ર રંજિત કે વિરક્ત હોય છે.

તેમાં જે પર્વ રાહુ છે, તે જઘન્યથી છ માસમાં, ઉત્કૃષ્ટથી **૪૨**–માસમાં ચંદ્રને અને ૪૮–માસમાં સૂર્યને ગ્રસિત કરે છે.

## સૂત્ર–૧૯૬, ૧૯૭

**૧૯૬**. કઈ રીતે ચંદ્ર 'શશી' કહેવાય છે ?

જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર મૃગાંક વિમાનમાં કાંત દેવ, કાંત દેવી, કાંત આસન, શયન, સ્તંભ, ભાંડ–માત્ર–ઉપકરણો હોય છે. જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર પોતે પણ સૌમ્ય, કાંત, શુભ, પ્રિયદર્શન અને સુરૂપ છે. એ

પ્રમાણે નિશ્ચે ચંદ્ર 'શશી', ચંદ્ર-'શશી' કહેવાય છે.

કઈ રીતે તે સૂર્ય 'આદિત્ય', સૂર્ય 'આદિત્ય' કહેવાય છે ?

તે સૂર્ય સમય, આવલિકા, આનાપ્રાણ, સ્તોક યાવત્ ઉત્સર્પિણી-અવસર્પિણીની આદિ કરે છે, એ પ્રમાણે સૂર્ય 'આદિત્ય', સૂર્ય-'આદિત્ય' કહેવાય છે.

**૧૯૭.** તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રની કેટલી અગ્રમહિષીઓ કહી છે ?

ચંદ્રને ચાર અગ્રમહિષી છે – ચંદ્રપ્રભા, જ્યોત્સનાભા, અર્ચિમાલી, પ્રભંકરા. તે પૂર્વે કહ્યા મુજબ યાવત્ મૈથુન સેવન કરી શકતો નથી. એમ સૂર્યનું પણ જાણવું.

તે ચંદ્ર-સૂર્ય જે જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ છે તે કેવા કામભોગોનો અનુભવતા વિચરે છે ?

જેમ કોઈ પુરુષ પ્રથમ યૌવન-ઉત્થાન-બળ-સામર્થ્યમાં પ્રથમ યૌવન-ઉત્થાન-બળ-સામર્થ્યવાળી પત્ની સાથે તુરંત વિવાહિત હોય તે ધનાર્થી થઈ અર્થની ગવેષણાથી સોળ વર્ષે જઈને પછી લબ્ધાર્થ, કૃતકાર્ય, અનઘસમગ્ર ફરી પણ પોતાને ઘેર શીઘ્ર આવે. પછી સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ પ્રાવેશ્ય મંગલ પ્રવર વસ્ત્રો ધારણ કરીને અલ્પ પણ મહાર્ઘ આભરણથી અલંકૃત શરીરી થઈ, મનોજ્ઞ થાળી પાક શુદ્ધ અઢાર પ્રકારે વ્યંજનયુક્ત ભોજન કરીને, તે તેવા પ્રકારના વાસગૃહમાં અંદર સચિત્તકર્મ, બહાર દૂમિત ધૃષ્ટ મૃષ્ટ, વિચિત્ર ઉલ્લોક ચિલ્લિત તલ, બહુસમ સુવિભક્ત ભૂમિભાગે, મણિરત્ન વડે નાશિત અંધકારમાં કાલો અગરુ-પ્રવર કુંદુરુષ્ક-તુરુષ્ક ધૂપથી મઘમઘતા, ગંધોદ્ધૃત અભિરામ સુગંધવરગંધી, ગંધવર્તીભૂત તેવી તેવા પ્રકારની શય્યા કે જે બે બાજુ ઉન્નત, મધ્યમાં નતગંભીર, આલિંગણવર્તિત, પ્રનતગંડવિબ્બોયણ, સુરમ્ય, ગંગા પુલિણવાલુકા ઉદ્ઘાલસાલિશય, સુવિરચિત રજસ્ત્રાણ, ઢાંકેલ ક્ષૌમવસ્ત્ર, ક્ષોમ દુકુલ પટ્ટથી પ્રતિછાદન, રક્ત સંવૃત્ત, સુરમ્ય, આજિનક-રૂત-બૂર-નવનીત તુલ્ય સ્પર્શવાળી, સુગંધવર કુસુમ ચૂર્ણશત ઉપચારયુક્ત તેવી તેવા પ્રકારની ભાર્યા સાથે શૃંગારાકાર ચારૂવેશવાળી, સંગત હસિત-ભણિત-ચેષ્ટિત-સંલાપ-વિલાસ-નિપુણ યુક્તોપચાર કુશલ, અનુરક્ત-અવિરક્ત, મનોનુકૂળ, અન્યત્ર ક્યાંય મનને ન કરતા, ઈષ્ટ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધયુક્ત પંચવિધ માનુષી કામભોગને ભોગવતો વિહરે. ત્યારે તે પુરુષ વિઓસમણ કાળસમયમાં કેવા સાતા-સૌખ્યને અનુભવતો વિચરે છે?

હે આયુષ્યમાન્ શ્રમણ ! ઉદાર, તે પુરુષના કામભોગથી અનંતગુણ વિશિષ્ટતર વ્યંતર દેવોના કામભોગો છે. વ્યંતર દેવોના કામભોગો કરતાં અનંતગુણ વિશિષ્ટતરક અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવોના કામભોગો છે. અસુરેન્દ્ર સિવાયના દેવોના કામભોગો કરતાં અસુરકુમાર દેવોના કામભોગ અનંતગુણ વિશિષ્ટતર છે. અસુરકુમાર દેવોના કામભોગો કરતાં ગ્રહ-નક્ષત્ર-તારા દેવોના કામભોગો અને ગ્રહ-નક્ષત્ર-તારાના કામભોગો કરતાં અનંતગુણ વિશિષ્ટતર ચંદ્ર-સૂર્ય દેવોના કામભોગો છે. આવા પ્રકારના કામભોગ જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર-સૂર્ય અનુભવતો વિચરે છે.

## સૂત્ર-૧૯૮ થી ૨૦૭

**૧૯૮.** તેમાં નિશ્ચે આ૮૮-મહાગ્રહો કહેલા છે. તે આ રીતે –

**૧.** અંગારક, **૨.** વિકાલક, **૩.** લોહિતાક્ષ, **૪.** શનૈશ્ચર, **૫.** આધુનિક, **૬.** પ્રાધુનિક, **૭.** કણ,**૮.** કનક,**૯.** કણકનક. **૧૦.** કણવિતાનક,

**૧૧.** કણ સંતાનક, **૧૨.** સોમ, **૧૩.** સહિત, **૧૪.** આશ્વાસન, **૧૫.** કાયોપગ, **૧૬.** કર્બટક, **૧૭.** અજકરક, **૧૮.** દુંદુભક, **૧૯.** શંખ, **૨૦.** શંખનાભ.

**૨૧.** શંખવર્ણાભ, **૨૨.** કંસ, **૨૩.** કંસનાભ, **૨૪.** કંસવર્ણાભ, **૨૫.** નીલ, **૨૬.** નીલોભાસ, **૨૭.** રૂપ્ય, **૨૮.**

રૂપ્યભાસ, **૨૯.** ભસ્મ અને **૩૦.** ભસ્મરાશિ.

**૩૧.** તિલ, **૩૨.** તિલપુષ્પવર્ણ, **૩૩.** દક, **૩૪.** દકવર્ણ, **૩૫.** કાય, **૩૬.** બંધ, **૩૭.** ઇન્દ્રાગ્નિ, **૩૮.** ધૂમકેતુ, **૩૯.** હરી, **૪૦.** પિંગલક.

**૪૧.** બુધ, **૪૨.** શુક્ર, **૪૩.** બૃહસ્પતિ, **૪૪.** રાહુ, **૪૫.** અગસ્તી, **૪૬.** માણવક, **૪૭.** કામસ્પર્શ, **૪૮.** ધુર **૪૯.** પ્રમુખ, **૫૦.** વિકટ.

**૫૧.** વિસંધિકલ્પેલ્લક, **૫૨.** પ્રજલ્લ, **૫૩.** જટિતાલક, **૫૪.** અરુણ, **૫૫.** અગ્નિલ્લક, **૫૬.** કાળ, **૫૭.** મહાકાલ, **૫૮.** સ્વસ્તિક, **૫૯.** સૌવસ્તિક, **૬૦.** વર્ધમાનક.

**૬૧.** પ્રલંબ, **૬૨.** નિત્યાલોક, **૬૩.** નિત્યુદ્યોત, **૬૪.** સ્વયંપ્રભ, **૬૫.** અવભાસ, **૬૬.** શ્રેયસ્કર, **૬૭.** ક્ષેમંકર, **૬૮.** આભંકર, **૬૯.** પ્રભંકર અને **૭૦.** અરક.

**૭૧.** વિરક, **૭૨.** અશોક, **૭૩.** વીતશોક, **૭૪.** વિમલ, **૭૫.** વિવક્ત, **૭૬.** વિતપ્ર, **૭૭.** વિશાલ, **૭૮.** શાલ, **૭૯.** સુવ્રત. **૮૦.** અનિવૃત્તિ,

**૮૧.** દુજટી,**૮૨.** કર,**૮૩.** કરિક,**૮૪.** રાજ,**૮૫.** અર્ગલ,**૮૬.** પુષ્પકેતુ,**૮૭.** ભાવકેતુ,**૮૮.** એકજટી. પુષ્પ, ભાવ, કેતુ અલગ પણ છે..

આ જ અઠ્યાસી ગ્રહોના નામોને હવે નવ સંગ્રહણી ગાથાપૂર્વક પુનઃ સૂત્રમાં જણાવેલા છે. તે આ રીતે –

**૧૯૯.** અંગારક, વિકાલક, લોહિતાક્ષ અને શનૈશ્ચર તથા આધુનિક, પ્રાધુનિક, કનક–નામ સહિતના પાંચ ગ્રહો.

**૨૦૦.** સોમ, સહિત, આશ્વાસન અને કાર્યોપક અને કર્બરક, અજકરક, દુંદુભક, શંખ–નામ સહિતના ત્રણે.

**૨૦૧.** કંસ–નામ સહિત ત્રણ, નીલ અને રુક્મિ વડે ચાર ગ્રહો થાય. ભસ્મ, તિલ, પુષ્પવર્ણ, દકવર્ણ, કાળ અને બંધ.

**૨૦૨.** ઇન્દ્રાગ્નિ અથવા ઇન્દ્ર અને અગ્નિ., ધૂમકેતુ, હરિ, પિંગલક, બુધ અને શુક્ર, બૃહસ્પતિ, રાહુ, અગસ્તિ, માણવક અને કામસ્પર્શ નામક ગ્રહો છે.

**૨૦૩.** ધુરક, પ્રમુખ, વિકટ, વિસંધિકલ્પ પછી પ્રલંબ અને જટિતાલક અને અરુણ, અગ્નિલ, કાલ, મહાકાલ.

**૨૦૪.** શ્રેયસ્કર**,** ક્ષેમંકર**,** આભંકર**,** પ્રભંકર**,** અબજ**,** વિરાજ**,** અશોક**,** વીતશોક.

**૨૦૫.** સ્વસ્તિક, સૌવસ્તિક, વર્ધમાનક અને પછી પ્રલંબ, નિત્યાલોક, નિત્યોદ્યોત, સ્વયંપ્રભ અને અવભાસ.

**૨૦૬.** વિમલ, વિતત, વિશ્વસ્ત, વિશાલ, પછી શાલ અને સુવ્રત, અનિવૃત્તિ અને એકજટી, વિજટી જાણવા.

**૨૦૭.** કર, કરિક, રાજર્ગલ અથવા રાજ અને અર્ગલ., પુષ્પકેતુ અને ભાવકેતુ જાણવા.

આ અઠ્યાસી ગ્રહો નિશ્ચે આનુપૂર્વી ક્રમે જાણવા જોઈએ. ...(અહીં પુષ્પ, ભાવ, કેતુ અલગ ગણેલ છે)

**મુનિ દીપરત્નસાગરે કરેલ પ્રાભૃત–૨૦ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

*** હવે સર્વ શાસ્ત્રના ઉપસંહારરૂપે સૂત્રકાર મહર્ષિ ૨૦ માં પ્રાભૃતને અંતે ગાથા રચના દ્વારા જણાવે છે કે –

સૂત્ર–૨૦૮ થી ૨૧૪

**૨૦૮.** આ પૂર્વકથિત પ્રકારથી પ્રકૃતાર્થ એવી તથા અભવ્યજનોના હૃદયમાં દુર્લભ એવી ભગવતી જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિનું અર્થાત ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિનું કીર્તન કરે છે.

**૨૦૯.** આને ગ્રહણ કરીને જડ, ગૌરવયુક્ત, માની, પ્રત્યનીક, અબહુશ્રુતને આ પ્રજ્ઞપ્તિનું જ્ઞાન ન દેવું જોઈએ. આનાથી વિપરીત જનોને, જેમ કે સરળ યાવત્ શ્રુતવાનને દેવું જોઈએ.

**૨૧૦.** શ્રદ્ધા, ધૃતિ, ધૈર્ય, ઉત્સાહ, ઉત્થાન, બળ, વીર્ય, પરાક્રમ વડે યુક્ત થઈને આની શિક્ષા પ્રાપ્ત કરનાર પણ જો અયોગ્ય હોય તો તેને આ પ્રજ્ઞપ્તિનું પ્રરૂપણ કરવું ન જોઈએ. જેમ કે –

**૨૧૧.** જે પ્રવચન, કુળ, ગણ, સંઘથી બહાર કરાયેલા હોય. જ્ઞાન અને વિનયથી હીન હોય, અરિહંત–ગણધર અને સ્થવિરની મર્યાદાથી રહિત હોય, તેમને આ પ્રજ્ઞપ્તિ ન દેવી..

**૨૧૨.** ધૈર્ય, ઉત્થાન, ઉત્સાહ, કર્મ, બળ, વીર્યથી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. આને નિયમથી આત્મામાં ધારણ કરવી. અવિનીતને આ જ્ઞાન ક્યારેય ન આપવું.

**૨૧૩.** જન્મ–મૃત્યુ અને કલેશ દોષથી રહિત ભગવંત મહાવીરના સુખ દેનારા ચરણકમળમાં હું વિનયથી નમ્ર થઈને વંદન કરું છું.

**૨૧૪.** આ સંગ્રહણી ગાથાઓ કહી.

## મુનિ દીપરત્નસાગરે કરેલ આગમ-૧૬
## સૂર્યપ્રજ્ઞપ્તિનો ગુજરાતી અનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**-1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**-2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૧૫

# સૂર્યપ્રજ્ઞપ્તિ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397